પાના ૮, કિંમત રૂ.૨, તા. ૩૧-૦૧-૨૦૨૬-શનિવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૧ ● અંક : ૪૩ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

# રવિવારે લોકસભામાં ૫૪ લાખ કરોડનું બજેટ રજૂ થશે

## બજેટમાં રેલવે, સંરક્ષણ, ઈન્ફ્રાસ્ટ્રકચર અને ઉત્પાદન ક્ષેત્ર માટે ખાસ જોગવાઈ : આવકવેરા માળખુ યથાવત રહેવાની શકયતા



નવી દિલ્હી, તા. ૩૧

દેશમાં પ્રથમ વખત રવિવારે રજુ થનારા આવતીકાલના કેન્દ્રીય બજેટ અત્યાર સુધીનું સૌથી મોટા રૂા.૫૪ લાખ કરોડનું કદ ધરાવતું હોઈ શકે છે. નાણામંત્રી નિર્મલા સીતારામન કાલે સવારે ૧૧ વાગ્યે લોકસભામાં તેમનું સતત નવમું બજેટ રજુ કરીને પણ નવો રેકોર્ડ બનાવવા આગળ વધશે.

વિશ્વના ચોથા સૌથી મોટા અર્થતંત્રના આ વર્ષના રજુ થનારા બજેટમાં સરકારે અગાઉ જ આર્થિક સર્વેમાં અમેરિકી ટેરિફ સહિતના પડકારો તથા વિશ્વમાં સતત બદલતી જતી જીયો પોલીટીકલ સ્થિતિનો તાગ આપી દીધો હતો અને તે ઉપરાંત દેશને ઘરેલુ માંગથી જે ઈંધણ મળ્યું તેમાં ૬.૮% થી ૭.૨% સુધીનો વિકાસ દર જાળવી રાખવાનો પણ વિશ્વાસ વ્યક્ત થયો છે.

વિશ્વમાં ટ્રમ્પના ટેરિફનો સૌથી વધુ શ્રેષ્ઠ અને અસરકારક મુકાબલો ભારતે કર્યો છે. ૪.૧૮ કરોડ ડોલરની ઈકોનોમીને હવે ફાઈવ ટ્રીલીયન ડોલરના લક્ષ્યાંક સુધી પહોંચાડવામાં હવે ઉત્પાદન-સર્વિસ ક્ષેત્રને વધુ મહત્વ અપાશે. છેલ્લા ૧૨ વર્ષમાં કેન્દ્રનું બજેટ રૂા.૧૨ લાખ કરોડમાંથી વધીને રૂા.૫૦.૬૫ લાખ કરોડ થયુ છે તેમાં ૧૦%ના વધારા સાથે રૂા.૫૪-૫૫ લાખ કરોડનું બજેટ નિર્મલા સીતારામન રજુ કરી શકે છે.બજેટમાં જે સૌથી વધુ ઈન્તજાર હોય છે તે ડાયરેકટ ટેક્ષ આવકવેરા સહિતના સીધા કરવેરામાં આઈટી સ્લેબ કે દરમાં ફેરફારની અપેક્ષા ઓછી છે પણ સરકાર ખાસ કરીને અર્થતંત્રને ઈંધણ ટકાવી રાખવા માટે સ્ટાન્ડર્ડ ડિડકશનમાં વધારો કરી રૂા.૧ લાખ કરે. ટીડીએસમાં જે અલગ અલગ દરો છે તેને એક સમાન બનાવે તેવી શકયતા છે તો ડિવિડન્ડ ટેક્ષ મુદે એ સીકયોરિટી ટ્રાન્ઝેકશન ટેક્ષ અથવા લોંગ ટર્મ કેપીટલ ગેઈન ટેક્ષમાં ફેરફાર કરી શકે છે.ડિવિડન્ડ પર ટેક્ષ એ ડબલ ટેક્ષેસન જેવું છે. કંપનીઓ નફા પર ટેક્ષ આપે છે અને તે નફો શેરહોલ્ડરને વહેચે તેના પર ટેક્ષ વસુલાય છે જેથી ડિવિડન્ડ ઈન્ડેકસને ટેક્ષ ફ્રી બનાવાય તેવી શકયતા છે તો સરકાર ખુદ રોડ-રેલવે-જાહેર ટ્રાન્સપોર્ટ-પાવર-લોજીસ્ટીક સહિતના ઈન્ફ્રાસ્ટ્રકચર પાછળ રૂા.૧૨ લાખ કરોડનો ખર્ચ કરી શકે છે.

આડકતરા વેરામાં ટેરિફના કારણે જે રીતે નિકાસકારોને માટે પડકાર સર્જાયો છે તેમાં સરકાર નિકાસ પ્રક્રિયા સરળ બનાવે. ડયુટી ડ્રો બેકમાં વધુ રાહત આપે અને નિકાસ પરનું ધિરાણ-સબસીડી વધારીને નિકાસકારોનો ઉત્સાહ જાળવી રાખે તેવી ધારણા છે.

આ ઉપરાંત એકસપોર્ટ કાઉન્સીલને હવે વધુ વ્યાપક બનાવી સ્થાનિક નિકાસકારોને નવા દેશોમાં નિકાસ માટે મદદ કરી ગુણવતા કંટ્રોલ વધુ મજબૂત

બનાવે તેવી ધારણા છે. નવા અને જૂના ટેક્ષ રીજીમ (આઈટી)માં સરકાર હવે નવા ટેક્ષ રીજીમમાં કલમ ૮૦ડી હેઠળ આરોગ્ય પોલીસીના લાભો મળે તે નિશ્ચિત કરી શકે છે જે

અનુસંધાન પાના ૭ પર

## નાણામંત્રી નિર્મલા સીતારામન દ્વારા નવમું બજેટ રજૂ કરાશે

# ચાંદીમાં ૧ લાખથી વધુનો કડાકો સોનું રૂ. ૨૦ હજાર સસ્તુ બન્યું

### બજારના ખેલાડીઓએ પ્રોફીટ બુકિંગ કરી લીધા બાદ સોના-ચાંદીના ભાવો ઘટયા

નવી દિલ્હી, તા. ૩૧

ગોલ્ડ અને સિલ્વર માર્કેટમાં ૩૦ જાન્યુઆરી (શુક્રવાર)ના રોજ ઘટાડો જોવા મળ્યો હતો. કારોબાર સમાપ્ત થવા સુધી પ્રોફિટ બુકિંગને કારણે સ્ક્રઠ પર ચાંદી ૧,૦૬,૦૯૨ રૂપિયા (૨૬.૫૩%) ઘટી ગઈ. ૧ કિલો ચાંદીનો ભાવ ૨,૯૩,૮૦૧ રૂપિયા પર આવી ગયો. ગયા કારોબારી સત્રમાં ચાંદીનો ભાવ ૩,૯૯,૮૯૩ રૂપિયા પહોંચી ગયો હતો.જ્યારે MCX પર સોનામાં ૨૦,૩૨૩ રૂપિયા (૧૨%)નો ઘટાડો રહ્યો હતો. ૧૦ ગ્રામ સોનું ૧,૪૯,૦૮૦ રૂપિયા પર આવી ગયું. ગત કારોબારી સેશનમાં સોનું ૧,૬૯,૪૦૩ રૂપિયા પર હતું. આ ઉપરાંત સોના અને ચાંદીના ETFમાં શુક્રવારે ૨૩% સુધીનો ઘટાડો નોંધાયો. જ્યારે સર્રાફા બજારમાં શુક્રવારે ચાંદી ૪૦,૬૩૮ રૂપિયા અને સોનું ૯,૫૪૫ રૂપિયા સસ્તું થયું છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિયેશન (IBJA) અનુસાર, એક કિલો ચાંદીની કિંમત ૩,૩૯,૩૫૦ રૂપિયા પ્રતિ કિલો પર આવી ગયો હતો, જ્યારે ૧૦ ગ્રામ ૨૪ કેરેટ સોનાનો ભાવ ૧,૬૫,૭૯૫ રૂપિયા પર આવી ગયો છે. MCX: આ સોના અને ચાંદીના વેપાર માટેનું એક ઓનલાઈન પ્લેટફોર્મ છે. શેરબજારની જેમ દર સેકન્ડે બોલી લગાવવામાં આવે છે, જેના કારણે કિંમતોમાં સતત વધઘટ થાય છે. બુલિયન માર્કેટ: આ એ જગ્યા છે, જ્યાં તમે ફિઝિકલ સોનું અને ચાંદી ખરીદો છો. સોનાના પરિવહન, પરિવહન અને સંગ્રહનો ખર્ચ સામેલ છે. IBJAના સોનાના ભાવમાં 3% GST, મેકિંગ ચાર્જ, જ્વેલર્સ માર્જિન સામેલ નથી હોતા, તેથી શહેરોના ભાવ એનાથી અલગ હોય છે. આ ભાવોનો ઉપયોગ RBI સોવરિન ગોલ્ડ બોન્ડના ભાવ નક્કી કરવા માટે કરે છે. ઘણી બેંકો ગોલ્ડ લોનના ભાવ નક્કી કરવા માટે એનો ઉપયોગ કરે છે.

અનુસંધાન પાના ૭ પર

# આઈટીની રેડ પડતા કોન્ફિડન્ટ ગ્રુપના ચેરમેનનો આપઘાત

### ૯૦૦૦ કરોડની સંપત્તિના માલિક સીજે રોયે પોતાને ગોળી મારી દીધી

નવી દિલ્હી, તા. ૩૧

કોન્ફિડન્ટ ગ્રુપના ચેરમેન સીજે રોયે શુક્રવારે સેન્ટ્રલ બેંગલુરુમાં રિચમંડ સર્કલ પાસે કંપનીની ઓફિસમાં પોતાને ગોળી મારીને આત્મહત્યા કરી લીધી.

પોલીસના જણાવ્યા અનુસાર, આ ઘટના બપોરે લગભગ ૩.૧૫ વાગ્યે બની હતી. તેમણે પુષ્ટિ કરી કે છેલ્લા ત્રણ દિવસથી ઈનકમ ટેક્સ (IT) વિભાગની તપાસ ચાલી રહી હતી. આત્મહત્યા બાદ આવકવેરા અધિકારીઓ ઘટનાસ્થળેથી રવાના થઈ ગયા. રોયની નેટવર્થ ૯ હજાર કરોડ રૂપિયા છે. મૂળભૂત રીતે કેરળના રહેવાસી રોયનો કારોબાર કર્ણાટક અને દુબઈમાં ફેલાયેલો હતો. કોન્ફિડન્ટ ગ્રુપ કેરળ અને કર્ણાટકનો રિયલ એસ્ટેટ ડેવલપર છે. પોલીસે જણાવ્યું કે હાલમાં, ઘટનાસ્થળે કોઈ IT અધિકારી હાજર નહોતા. બેંગલુરુ પોલીસ તપાસના ભાગરૂપપ IT વિભાગ પાસેથી જરૂરી માહિતી લેશે.

કમિશનરે વધુમાં જણાવ્યું કે સી.જે. રોયના પરિવારના સભ્યો હાલ વિદેશમાં છે અને બેંગલુરુ આવી રહ્યા છે.

પોલીસ કેસના કાનૂની વર્ગીકરણનું પણ મૂલ્યાંકન કરી રહી છે, જેમાં એ પણ સામેલ છે કે તેને

અનુસંધાન પાના ૭ પર

# કિશ્તવાડમાં સુરક્ષા દળો દ્વારા આતંકવાદીઓને ઘેરી લેવાયા

### જમ્મુ-કાશ્મીરમાં સૈન્ય દળોનું ઓપરેશન

નવી દિલ્હી, તા. ૩૧

ઓપરેશન ત્રશી-૧ ના ભાગ રૂપે જમ્મુ અને કાશ્મીરના કિશ્તવાડ જિલ્લામાં સુરક્ષા કર્મચારીઓએ આતંકવાદીઓ પર હુમલો કર્યો છે. શનિવારે સવારે ઓપરેશન દરમિયાન સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે એન્કાઉન્ટર થયું હતું. ભારતીય સેનાના અધિકારીઓએ ઓપરેશન ત્રશી-૧ વિશે માહિતી આપી છે. ભારતીય સેનાના વ્હાઈટ નાઈટ કોર્પ્સે સોશિયલ મીડિયા પર શેર કર્યું છે કે ચાલી રહેલા સંયુક્ત ઓપરેશન ત્રશી-૧ દરમિયાન, વ્હાઈટ નાઈટ કોર્પ્સ, જમ્મુ અને કાશ્મીર પોલીસ અને ઝ્રઇંહ્ન ના સૈનિકોએ ૩૧ જાન્યુઆરીની સવારે ડોલગામ વિસ્તારમાં આતંકવાદીઓ સાથે ફરીથી સંપર્ક સ્થાપિત કર્યો હતો. ઓપરેશનને હાથ ધરવા માટે તમામ



સ્ત્રોતોમાંથી ગુપ્ત માહિતીનું સંકલન કરવામાં આવ્યું હતું. આ વિસ્તારને ઘેરી લેવામાં આવ્યો છે અને ઓપરેશન ચાલુ છે." શુક્રવારે અગાઉ, અધિકારીઓએ સુરક્ષા સાવચેતી તરીકે ડોલગામ એન્કાઉન્ટર સ્થળ સહિત મોટા વિસ્તારમાં મોબાઈલ ઈન્ટરનેટ સેવાઓ સ્થગિત કરી હતી. ૧૮ જાન્યુઆરીએ, કિશ્તવાડના ચતરુના ઉત્તરપૂર્વમાં સોનારના જનરલ વિસ્તારમાં સર્ચ ઓપરેશન દરમિયાન સુરક્ષા કર્મચારીઓ અને

અનુસંધાન પાના ૭ પર

# સુનેત્રા પવારને નેતા ચૂંટવા એનસીપીએ બોલાવેલી બેઠક

### મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી બનશે સુનેત્રા પવાર

નવી દિલ્હી, તા. ૩૧

નાયબ મુખ્યમંત્રી અજિત પવારના નિધન બાદ, મહારાષ્ટ્ર સરકારમાં તેમના પદ માટે તેમના પત્ની સુનેત્રા પવારની નિમણૂક થઈ શકે છે. રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (NCP) બપોરે ૨ વાગ્યે એક મહત્વપૂર્ણ બેઠક યોજશે, જ્યાં સુનેત્રા પવારને નવા ધારાસભ્ય પક્ષના નેતા તરીકે ચૂંટવામાં આવશે. શનિવારે સવારે અજિત પવારના દેવગીરી બંગલાની બહાર ખળભળાટ જોવા મળ્યો, પાર્ટીના કાર્યકરો તેમના ઘરની બહાર એકઠા થયા. કાર્યકર રૂપાલી પટેલે કહ્યું, "અજિત દાદાએ અમારા કાર્યકરોની પિતાની જેમ સંભાળ રાખી. આજે પણ, અમે વિશ્વાસ કરી શકતા નથી કે અજિત દાદા હવે અમારી વચ્ચે નથી. તેમના અચાનક જવાથી થયેલું દુઃખ સહન કરવું મુશ્કેલ છે." તેમણે કહ્યું કે રાજકારણમાં કામ કરવું એક સામાન્ય કાર્યકર માટે મુશ્કેલ છે, પરંતુ અજિત દાદાએ અમને તકો આપી. સુનેત્રા પવારે પડદા પાછળ રહીને સમગ્ર કાર્ય સંભાળ્યું.

રૂપાલી પટેલે કહ્યું, "અમારું દુઃખ ઘણું ઊંડું છે, પરંતુ સુનેત્રા પવારનું દુઃખ તેનાથી પણ મોટું છે, જેને શબ્દોમાં વ્યક્ત કરી શકાતું નથી. અમે સુનેત્રા પવારને અજિત દાદાના વિઝનને આગળ વધારવા વિનંતી કરી હતી, અને તેમણે અમારી વિનંતી સ્વીકારી હતી. આજે તેઓ

અનુસંધાન પાના ૭ પર

# એપ્સટિન ફાઈલ્સમાં ભારતીય ફિલ્મ દિગ્દર્શક મીરા નાયરનું નામ સંડોવાયું

### યુએસ જસ્ટિસ ડિપાર્ટમેન્ટ દ્વારા એપ્સટિન સેક્સ સ્કેન્ડલ સંબંધીત નવી ફાઈલો જાહેર કરાઈ

નવી દિલ્હી, તા. ૩૧

યુએસ જસ્ટિસ ડિપાર્ટમેન્ટે શુક્રવારે મોડીરાત્રે એપ્સટિન સેક્સ સ્કેન્ડલ સંબંધિત નવી ફાઈલો જાહેર કરી, જેમાં જેફરી એપ્સટિનના કેટલાક ઈમેલનો ખુલાસો થયો. અમેરિકન મીડિયા ન્યૂયોર્ક પોસ્ટ અનુસાર, જાણીતા ભારતીય ફિલ્મ-દિગ્દર્શક મીરા નાયરનું નામ પણ ફાઈલોમાં સામે આવ્યું છે.

મીરા નાયર સંબંધિત ઈમેલ ૨૧ ઓક્ટોબર, ૨૦૦૯ના રોજ અમેરિકન ફિલ્મ પબ્લિસિસ્ટ પેગી સીગલે એપ્સટિનને મોકલ્યો હતો. એમાં પેગી સિગલે લખ્યું છે કે તે ગિસ્લિન મેક્સવેલ (એપ્સટિનની ગર્લફ્રેન્ડ અને દોષિત ગુનેગાર) ના મેનહટન ટાઉનહાઉસમાં પાર્ટી પછી હમણાં જ પાછી આવી હતી. મીરા નાયર ન્યૂયોર્ક શહેરના મેયર ઝોહરાન મમદાનીની માતા છે.મેક્સવેલે મીરા નાયરની ફિલ્મની રિલીઝની ઉજવણી માટે એક પાર્ટીનું આયોજન કર્યું હતું.

મેક્સવેલના ઘરે યોજાયેલી પાર્ટી મીરા નાયરની ૨૦૦૯ની ફિલ્મ "અમેલિયા" સાથે જોડાયેલી હતી, જેમાં હિલેરી સ્વેન્કે એવિએટર એમેલિયા ઈયરહાર્ટ અને રિચાર્ડ ગેરે તેના પતિ જ્યોર્જ પુટનમ તરીકે અભિનય કર્યો હતો.ઈમેલમાં, સીગલે કહ્યું કે પાર્ટીમાં ભૂતપૂર્વ યુએસ રાષ્ટ્રપતિ બિલ ક્લિન્ટન, એમેઝોનના સ્થાપક જેફ બેઝોસ અને મીરા નાયર સહિત ઘણી અગ્રણી હસ્તીઓ હાજર હતી. આ ઈમેલ શુક્રવારે યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસ દ્વારા બહાર પાડવામાં આવેલી નવી ફાઈલોનો એક ભાગ છે.આ ફાઈલો ૨૦૧૨ અને ૨૦૧૩ દરમિયાન ટેસ્લાના સીઈઓ ઈલોન મસ્ક અને એપ્સટિન વચ્ચેના ઈમેલ એક્સચેન્જનો ખુલાસો કરે છે. એપ્સટિને મસ્કને ઘણી વખત તેમના પ્રાઈવેટ આઈલેન્ડ પર આમંત્રણ આપ્યું હતું.આ ઈમેઈલ દર્શાવે છે કે એપ્સટિનને મસ્ક સાથે પ્રવાસની



તારીખો, હેલિકોપ્ટરની વ્યવસ્થા અને ત્યાં યોજાનારી પાર્ટીઓ અંગે ચર્ચા કરી હતી. એપ્સટિને ૨૦૧૨માં ક્રિસમસ માટે મસ્કને ટાપુ પર આમંત્રણ આપ્યું હતું. જોકે, મસ્કે ના પાડી દીધી.થોડા અઠવાડિયા પછી, નવેમ્બર ૨૦૧૨માં, એપ્સટિને મસ્કને પૂછ્યું કે ટાપુ પર હેલિકોપ્ટર દ્વારા કેટલા લોકો આવશે.

અનુસંધાન પાના ૭ પર

# રાજસ્થાનમાં ધૂમ્મસના કારણે વાહનો અથડાતો ત્રણનાં મોત

### જમ્મુ-કાશ્મીરમાં ચિલ્લઈ કલાં સમાપ્ત થતા તાપમાનમાં વધારો

નવી દિલ્હી, તા. ૩૧

જમ્મુ-કાશ્મીરમાં તીવ્ર શિયાળાનો ૪૦ દિવસનો તબક્કો, જેને ચિલ્લઈ કલાં કહેવાય છે, તે ૩૦ જાન્યુઆરીએ સમાપ્ત થયો. આ સાથે જ જમ્મુ-કાશ્મીરના ઘણા વિસ્તારોમાં રાત્રિના લઘુત્તમ તાપમાનમાં વધારો થયો છે. શુક્રવારે શ્રીનગરનું તાપમાન ૦ઝ થી વધીને ૧.૩૦ઝ થયું. ગુરુવારે રાત્રે તે -૦.૬ઝ હતું.રાજસ્થાનના ભીલવાડામાં નેશનલ હાઈવે-૫૮ પર ગાઢ ધુમ્મસના કારણે ૫ વાહનો અથડાયા. આ અકસ્માતમાં ૩ લોકોના મોત થયા. આ તરફ, ઉત્તર પ્રદેશમાં વરસાદ અને કરા પડ્યા બાદ ઠંડી વધી છે. આજે ૩૦ થી વધુ જિલ્લાઓમાં ધુમ્મસ અને ઠંડીનું એલર્ટ છે. શુક્રવારે આગ્રામાં ગાઢ ધુમ્મસના કારણે થયેલા માર્ગ અકસ્માતમાં એક બાઈક સવારનું મોત થયું.ફેબ્રુઆરીઃ દિલ્હી-એનસીઆરમાં વાદળછાયું વાતાવરણ રહેશે. મધ્યપ્રદેશ, પંજાબ, હરિયાણા, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, ગુજરાતમાં વરસાદની સંભાવના છે. હિમાચલ, ઉત્તરાખંડમાં હિમવર્ષા થઈ શકે છે. બિહાર, ઝારખંડમાં ધુમ્મસ રહી શકે છે.ફેબ્રુઆરીઃ દિલ્હી-એનસીઆરમાં વાદળછાયું વાતાવરણ રહેશે. મધ્યપ્રદેશ, પંજાબ, હરિયાણા, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, ગુજરાતમાં વરસાદની સંભાવના છે. હિમાચલ, ઉત્તરાખંડમાં હિમવર્ષા થઈ શકે છે. બિહાર, ઝારખંડમાં ધુમ્મસ રહી શકે છે. આસામ, મેઘાલયમાં પણ વરસાદની સંભાવના છે.

# અલ્બર્ટાને સ્વતંત્ર દેશ બનાવવા અમેરિકા દ્વારા પ્રયાસો શરૂ

### કેનેડાના અલગતાવાદી દુશ્મનોને મળ્યા અમેરિકાના અધિકારીઓ

નવી દિલ્હી, તા. ૩૧

કેનેડા અને અમેરિકાના સંબંધોમાં એક નવો વિવાદ શરૂ થયો છે. એક રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે અમેરિકાના અધિકારીઓએ કેનેડાના આલ્બર્ટા પ્રાંતને અલગ દેશ બનાવવાની માંગ કરી રહેલા અલગતાવાદી જૂથના નેતાઓ સાથે મુલાકાત કરી.

ફાઈનાન્સિયલ ટાઈમ્સના રિપોર્ટ મુજબ, ગયા વર્ષે એપ્રિલથી અત્યાર સુધી અમેરિકી વિદેશ વિભાગના અધિકારીઓ ત્રણ વખત આલ્બર્ટાના અલગતાવાદી નેતાઓને મળ્યા છે. આ નેતાઓ આલ્બર્ટાને કેનેડાથી અલગ કરીને એક સ્વતંત્ર દેશ બનાવવાની હિમાયત કરી રહ્યા છે.

કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીએ ગુરુવારે જણાવ્યું હતું કે તેમણે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને ફોન કરીને કેનેડાની સાર્વભૌમત્વનું સન્માન કરવા જણાવ્યું હતું. કાર્નીએ કહ્યું કે તેમને આશા છે કે અમેરિકી પ્રશાસન કેનેડાના આંતરિક મામલાઓમાં દખલ નહીં કરે.

કેનેડાથી આઝાદીની માંગ કરી રહેલા આ જૂથનું નામ આલ્બર્ટા પ્રોસ્પરિટી પ્રોજેક્ટ (APP) છે. આ સંગઠન આલ્બર્ટાની આઝાદી માટે જનમત સંગ્રહ (રેફરન્ડમ) કરાવવાની માંગ કરી રહ્યું છે.

APPના નેતા અને સહ-સ્થાપક જેફ્રી રથે આલ્બર્ટાની આઝાદી માટે અમેરિકા પાસેથી ૫૦૦ મિલિયન ડોલરની મદદ માંગી છે. તેમણે ૨૩ જાન્યુઆરીએ ઠ પર પોસ્ટ કરીને જણાવ્યું કે તેઓ આવતા મહિને અમેરિકી ટ્રેઝરી વિભાગના અધિકારીઓ સાથે મુલાકાત કરશે.

આ દરમિયાન અમેરિકા પાસેથી આ રકમને લોન તરીકે માંગવામાં આવશે. BBC સાથેની વાતચીતમાં જેફ્રીએ જણાવ્યું કે આલ્બર્ટા આઝાદ

અનુસંધાન પાના ૭ પર

# બેંક છેતરપિંડીના કેસમાં બે મુખ્ય ભાગેડુઓની ધરપકડ

### બન્ને આરોપીઓ બાંસવાડા અને વડોદરામાં છુપાયેલા હતા

બાંસવાડા, તા. ૩૧

સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (CBI) એ ખૂબ જ ગુપ્ત અને તકનીકી કામગીરી બાદ, બે કુખ્યાત "ઘોષિત ગુનેગારો" ની ધરપકડ કરી છે, જેઓ વર્ષોથી બેંકિંગ ક્ષેત્ર સાથે કરોડો રૂપિયાની છેતરપિંડી કરીને ફરાર હતા. આ મોટી કામગીરીમાં, મુખ્ય આરોપી, સંજય શર્મા (ઉર્ફે સંજીવ દીક્ષિત, ઉર્ફે પંકજ ભારદ્વાજ) ની રાજસ્થાનના બાંસવાડાથી ધરપકડ કરવામાં આવી હતી, અને તેના સહ-આરોપી, શીતલ શર્મા (ઉર્ફે આરતી શર્મા) ની ૩૦ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ ગુજરાતના વડોદરાથી ધરપકડ કરવામાં આવી હતી. આ કેસનું સૌથી સનસનાટીભર્યું પાસું મુખ્ય આરોપી, સંજય શર્માનું પોલીસ કસ્ટડીમાંથી ભાગી જવાનું હતું. ૨૦૧૪માં હરિયાણા પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવ્યા બાદ, ૪ જુલાઈ, ૨૦૧૬ના રોજ સોનીપત કોર્ટમાં સુનાવણી માટે લાવવામાં આવ્યા ત્યારે તે તેમને છેતરીને ભાગી ગયો હતો. બેંક છેતરપિંડીની આ શ્રેણીમાં, આરોપીએ પોતાની જૂની ઓળખ દફનાવી, "પંકજ ભારદ્વાજ" ના નામે નકલી દસ્તાવેજો બનાવ્યા અને રાજસ્થાનમાં છુપાઈ ગયો. સીબીઆઈ ટીમે ઓપન-સોર્સ ઈન્ટેલિજન્સ, મોબાઈલ ડેટા વિશ્લેષણ અને આરોપીઓના નાણાકીય વ્યવહારો વચ્ચેની કડીઓ જોડીને તેમના છુપાયેલા સ્થળો શોધી કાઢ્યા. તેમની ધરપકડ સમયે, તેઓએ નકલી

અનુસંધાન પાના ૭ પર

પ્રતાપ દર્પણ

સુરત માટે પત્રકારો તથા સુરત જિલ્લા માટે ખબરપત્રી જોઈએ છે.




મો .નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

# આયકર અનુ.જાતિ કર્મચારી કલ્યાણ સંગઠનની ગોલ્ડન જ્યુબિલીની ઉજવણી

**ડો.સુબચન રામના પ્રમુખ સ્થાને આવકવેરા ભવન ખાતે કાર્યક્રમ યોજાયો**



સુરત, તા.૩૧

૨૮ જાન્યુઆરીએ આવકવેરા અનુસૂચિત જાતિ કર્મચારી કલ્યાણ સંગઠન (ITSEWA) ની ૫૦મી વર્ષગાંઠ નિમિત્તે આયોજિત કાર્યક્રમમાં માનનીય ડૉ. સુબચન રામ, IRS, મુંબઈના ભૂતપૂર્વ મુખ્ય આવકવેરા કમિશનર મુખ્ય મહેમાન હતા. આ કાર્યક્રમ ચર્ચગેટ, મુંબઈના આવકવેરા ભવન ખાતે યોજાયો હતો, જ્યાં વિભાગની ૧૧ સ્થાનિક સંસ્થાઓએ ભાગ લીધો હતો અને પોતાના વિચારો રજૂ કર્યા હતા.

પોતાના સંબોધનમાં, સુબચન રામ સાહેબે ભાર મૂક્યો હતો કે સંગઠનના સભ્યોએ સક્રિય રહેવું જોઈએ અને વહીવટને મનસ્વી રીતે કામ કરતા અટકાવવા માટે તેમના સંગઠનને મજબૂત બનાવવું જોઈએ. સંગઠને તેની સામાજિક જવાબદારી વધુ બળપૂર્વક નિભાવવી જોઈએ અને "સમાજને વળતર ચૂકવવું" ના સિદ્ધાંતને વિશ્વાસપૂર્વક અમલમાં મૂકવો જોઈએ. કાર્યક્રમને અરવિંદ રામટેકે, ડેપ્યુટી કમિશનર, LA જનબંધુ, DCIT, જય ભીમ નાનવારે, ACIT, ITGOA ના પ્રમુખ રવિ શંકર અને ITSEWA ના પ્રમુખ પ્રશાંત માને દ્વારા પણ સંબોધિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે, નિરીક્ષક શૈલેન્દ્ર અન્ના ગડબોલેને ઉત્કૃષ્ટ સેવા બદલ પુરસ્કાર આપવામાં આવ્યો હતો. સંશોધન કર્યા પછી, તેમણે જણાવ્યું કે જ્યાં આવકવેરા કચેરી આવેલી છે, ત્યાં બાબા સાહેબ ડૉ. આંબેડકરે સૌપ્રથમ સિદ્ધાર્થ કોલેજ ખોલી હતી જે એક લશ્કરી બેરેક હતી, બાદમાં જમીન ખરીદ્યા પછી, ફોર્ટ વિસ્તારમાં એક નવી કોલેજની સ્થાપના કરવામાં આવી હતી, અને તે આવકવેરા વિભાગને આપવામાં આવી હતી.

# Jio-bp લોન્ચ કરે છે એન્જિન ક્લિનીંગ એક્ટિવ ટેકનોલોજી

**કોઈ વધારાના ખર્ચ વિના ૧૦૦ કિમી સુધીની વાર્ષિક વધારાની ડ્રાઈવ આપતું પેટ્રોલ**

સુરત, તા.૩૧

Jio-bp ખાતે bpના ૧૦૦ વર્ષ કરતાં વધુ સમયથી વૈશ્વિક ઈંધણ સંશોધન નેતૃત્વ હેઠળ તૈયાર થયેલા એક્ટિવ ટેકનોલોજીવાળા ઉચ્ચ પરફોર્મન્સ પેટ્રોલમાંભારતના એન્જિન લેન્ડસ્કેપને અનુરૂપ ઉદ્યોગ માનક પરીક્ષણો અને કસ્ટમાઇઝ્ડ કરેલીપદ્ધતિઓ બંનેનો ઉપયોગ કર્યો હોવાથી તેસઘન વિકાસ અને માન્યતામાંથી પસાર થયું છે. વાસ્તવિક દુનિયાની પરિસ્થિતિઓમાં તેની સફાઈની અસરકારકતા પુરવાર કરવા માટે, Jio-bpએ કોઈમ્બતુર ટેસ્ટ ટ્રેક પર ૪,૦૦૦ કિમીથી વધુ સમય સુધી મોટરસાઇકલ ચલાવી હતી, જે ઇન્ડિયા એનર્જી વીકમાં પ્રેક્ષકો માટે જીવંત પ્રભાવશાળી ડેમોંસ્ટ્રેશન હતું. જામી ગયેલો કચરો દૂર કરવાથી વાહનના પરફોર્મન્સ, વિશ્વસનીયતા અને સરળ પરિચાલન પર થતી પ્રતિકૂળ અસરોને ઉલટાવી શકાય છે, જેનાથી Jio-bp ખાતે ઉપલબ્ધએક્ટિવટેકનોલોજીવાળા પેટ્રોલના ઉપયોગ સાથે સંકળાયેલા સાકાર લાભો મળી શકે છે. ભારતીય ટુ-વ્હીલર અને ફોર-વ્હીલર વાહનોના સરેરાશ વાર્ષિક માઈલેજના આધારે, આ સુધારો વાર્ષિક ૧૦૦ કિમી સુધીના ફાયદામાં પરિણમી શકે છે. Jio-bpના ચેરમેન, સાર્થક બેહુરિયાએ આ ક્રાંતિકારી ઉત્પાદન વિશે વાત કરતાજણાવ્યું હતું કેઃ "ભારતીય વાહનચાલકો એવા સુગમતાથી ચાલતા સરળ, વાસ્તવિક લાભકારી-એન્જિનની વધુ કદર કરે છે, જે વધુ ભરોસાપાત્રહોય, મેન્ટેનન્સ ઘટાડે અને ઈંધણ માટે કરેલા સમાન ખર્ચમાં વધુ કિલોમીટર ચાલે.



# વલસાડના વાંકલમાં મહાશિવરાત્રિ મહોત્સવ સંદર્ભે ભવ્ય તૈયારી શરૂ

**પૂજ્ય બટુકભાઈ વ્યાસના સાનિધ્યમાં ૩૧ ફુટ ઉંચુ વિરાટ રુદ્રાક્ષ શિવલિંગ બનશે**



વલસાડ, તા.૩૧

વલસાડ જિલ્લાના વાંકલ ગામે આ વર્ષે મહાશિવરાત્રિના પાવન પર્વ નિમિત્તે એક અદ્વિતીય અને અલૌકિક ભક્તિ મહોત્સવ યોજાવા જઈ રહ્યો છે. રુદ્રાક્ષ વિશેષજ્ઞ અને વિશ્વવિખ્યાત શિવ કથાકાર પૂજ્ય બટુકભાઈ વ્યાસના સંકલ્પ અને સાનિધ્યમાં આયોજિત "મહાશિવરાત્રિ મહોત્સવ ૨૦૨૬" અંતર્ગત ૩૧ લાખ રુદ્રાક્ષથી તૈયાર થતું ૩૧ ફૂટ ઊંચું વિરાટ રુદ્રાક્ષ શિવલિંગ નિર્માણ પામે છે, જે સમગ્ર વિશ્વમાં ભક્તિ, શ્રદ્ધા અને ગૌરવનું અનોખું પ્રતીક બની રહ્યું છે.

આ ભવ્ય મહોત્સવ ૭ થી ૧૫ ફેબ્રુઆરી ૨૦૨૬ દરમિયાન વલસાડ-ધરમપુર રોડ ઉપર આવેલા વાંકલ પાસે - દુલસાડ ખાતે યોજાશે. શ્રદ્ધાળુઓ રોજ સવારથી સાંજ સુધી વિરાટ રુદ્રાક્ષ શિવલિંગના દર્શન અને અભિષેક કરવાનો દિવ્ય અવસર પ્રાપ્ત કરશે. દરરોજ સવારે ૯:૦૦ થી ૧૨:૦૦ કલાકે હોમાત્મક મહારુદ્ર યજ્ઞ, બપોરે ૩:૦૦ થી ૬:૦૦ દરમિયાન પૂજ્ય બટુકભાઈ વ્યાસના શ્રીમુખે સંગીતમય શિવકથા અને સાંજે ૬:૩૦ કલાકે ૧૦૮ દિવડાની ભવ્ય મહાઆરતી યોજાશે. આ મહોત્સવ દરમિયાન દુર દુરનાં શ્રદ્ધાળુ શિવભક્તો ઉપસ્થિત થઈ દિવ્ય શિવલિંગની અનુભૂતિ કરશે. સાથે જ દિકરી દેવો ભવઃ અંતર્ગત ૧૦૮ કુમારિકા પૂજન, બ્લડ ડોનેશન કેમ્પ, શિવ મહિમ્નઃ સ્તોત્ર પાઠ, એક શામ શિવ કે નામ ભજન સંધ્યા તેમજ વિવિધ ધાર્મિક અને સેવાભાવી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રતિવર્ષની પરંપરા મુજબ આ વર્ષે યોજાતું ૪૦મું મહાશિવરાત્રિ અનુષ્ઠાન આધ્યાત્મિક ઉર્જા અને શ્રદ્ધાનું કેન્દ્ર બનશે. રુદ્રાક્ષ શિવલિંગ પરંપરાના સંશોધક (પેટન્ટ હોલ્ડર) તથા લિમ્કા બુક ઓફ રેકોર્ડ્સમાં ચાર વખત સ્થાન પ્રાપ્ત કરનાર પૂજ્ય બટુકભાઈ વ્યાસની પ્રેરણાથી દુલસાડ-વાંકલના ગ્રામજનો, સ્થાનિક આગેવાનો અને શિવભક્તો દિવસ-રાત મહેનત કરીને આ ભવ્ય નિર્માણ કાર્યને સાકાર કરી રહ્યા છે. પૂજ્ય બટુકભાઈ વ્યાસએ ભાવપૂર્વક જણાવ્યું કે, "ભગવાન શિવજીની કૃપાથી આ વખતે ૪૦ મી વાર ભગવાન શિવજીનું અખંડ અનુષ્ઠાન કરવાનો ધન્ય અવસર મળ્યો છે. આ દિવ્ય સૌભાગ્ય પ્રાપ્ત થવું એ મારા માટે પરમ ધન્ય ઘડી છે. વલસાડ-ધરમપુર વચ્ચે આવેલી આ પાવન ભૂમિ પર સતત ત્રીજા વર્ષે યોજાતો આ મહોત્સવ સમગ્ર ગુજરાત માટે ગૌરવ અને ભક્તિનું મહાપર્વ સાબિત થશે.

# અડાજણના ખૂન કેસમાં આરોપીને રેગ્યુલર જામીન આપતી સેશન્સ કોર્ટ

**બે વર્ષથી જેલ ભોગવતા આરોપીના શરતી જામીન મંજૂર કરાયા**

સુરત, તા.૩૧

શહેર સુરતના અડાજણ વિસ્તારમા જયંતીભાઈ કાળુભાઈ દેવીપુજક નાઓના ખુનના ગુન્હાના કામમાં આરોપી - રાહુલ ઉર્ફે લાઓ બંસીભાઈ ઉર્ફે બકાભાઈ દેવીપુજક રેગ્યુલર જામીન ઉપર મુક્ત કરવા સેશન્સ કોર્ટ, સુરત દ્વારા હુકમ કરવામાં આવ્યો હતો.

કેસની વિગત એ પ્રકારની છે કે, શહેર સુરત અડાજણ પોલીસ સ્ટેશન પાર્ટ-એ ગુન્હા રજીસ્ટર નં. ૧૧૨૧૦૦૦૩૨૪૦૨૬૪/ ૨૦૨૪થી તા.૧૯/૦૩/૨૦૨૪ના રોજ ઈ.પી.કોડની કલમ ૩૦૨, ૩૬૫, ૩૨૩, ૩૨૪, ૫૦૬(૨), ૧૧૪, ૧૨૦(બી), ૨૦૧ તથા જી.પી. એકટની કલમ ૧૩૫ મુજબની ફરીયાદ દાખલ કરેલ છે. સદર ગુન્હાની દિનેશભાઈ કાળુભાઈ દેવીપુજક, રહે.: બિલ્ડીગ નં.બી-૧૦૩, રૂમ નં.૨, મહાવીર ફરીયાદ ફરીયાદી શ્રી એસ.એમ.સી. આવાસ, નાઈન સ્કવેરની બાજુમા, હનીપાર્ક રોડ, અડાજણ, સુરત નાઓએ મરણ જનાર જયંતીભાઈ કાળુભાઈ દેવીપુજક, રહે.: બિલ્ડીગ નં.બી-૧૦૩, રૂમ નં.૨, મહાવીર એસ.એમ.સી. આવાસ, નાઈન સ્કવેરની બાજુમા, હનીપાર્ક રોડ, અડાજણ, સુરત નાઓના ખુન / મર્ડનના ગુન્હાના કામે ફરીયાદી નાઓએ અડાજણ પોલીસ સ્ટેશન પાર્ટ-એ ગુન્હા રજીસ્ટર નં.૧૧૨૧૦૦૦૩૨૪૦૨૬૪/ ૨૦૨૪થી તા.૧૯/૦૩/૨૦૨૪ના રોજ ઈ.પી.કોડની કલમ ૩૦૨, ૩૬૫, ૩૨૩, ૩૨૪, ૫૦૬(૨), ૧૧૪, ૧૨૦ (બી), ૨૦૧ તથા જી.પી. એકટની કલમ - ૧૩૫ મુજબનો ગુન્હો રજીસ્ટર્ડ કરાવેલ હતી. તા.૧૯/૦૩/૨૦૨૪ના રોજ આરોપીઓએ મરણ જનાર જયંતીભાઈ કાળુભાઈ દેવીપુજકના નાના ભાઈ નામે દિપકભાઈ કાળુભાઈ દેવીપુજક કે જેનો રવિ રાજુભાઈ સુરેલાની માતા નામે - મિનાબેન સાથે પ્રેમ સબંધ હોય અને તેને ભગાડી લઈ ગયેલ તેની

અનુસંધાન પાના ૭ પર



# વડોદરા-વિરાર સેક્શન પર કવચ ૪.૦ સફળતાપૂર્વક કાર્યરત થયું

**મુંબઈ અને અમદાવાદ રેલ વિભાગો કવચ દ્વારા સંપૂર્ણપણે સુરક્ષિત**

સુરત, તા.૩૧

પશ્ચિમ રેલ્વેએ ૩૦ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ ૩૪૪ કિમી લાંબા વડોદરા-વિરાર સેક્શન પર કવચ ૪.૦ સિસ્ટમ સફળતાપૂર્વક કાર્યરત કરી, જેનાથી ટ્રેન સંચાલનમાં સલામતી વધુ મજબૂત બની. પશ્ચિમ રેલ્વેના વડોદરા વિભાગે અગાઉ ડિસેમ્બર ૨૦૨૫ માં વડોદરા-અમદાવાદ સેક્શન પર કવચ સિસ્ટમ કાર્યરત કરી હતી, અને આજે વિભાગે તેને સુરત અને વડોદરા વિભાગો પર કાર્યરત કરી છે. આમ, મુંબઈ (વિરાર) અને અમદાવાદ રેલ વિભાગો હવે કવચથી સંપૂર્ણપણે સજ્જ છે.

મુંબઈથી પહેલી ટ્રેન, ૨૦૯૦૭ દાદર-ભુજ સયાજી નગરી એક્સપ્રેસ, વડોદરામાં આગમન પર મીડિયાને સંબોધતા, કવચ સિસ્ટમ સાથે કાર્યરત પ્રથમ ટ્રેન, કવચને ?૩૯૭ કરોડના ખર્ચે પશ્ચિમ રેલ્વેના નાગડા-વડોદરા-સુરત-વિરાર-મુંબઈ સેન્ટ્રલ સેક્શન માટે મંજૂરી આપવામાં આવી છે. વડોદરા-સુરત-વિરાર સેક્શન પર કામ જાન્યુઆરી ૨૦૨૩ માં શરૂ થયું હતું, અને કવચ આજે કાર્યરત થઈ ગયું છે. સ્વદેશી ઓટોમેટિક ટ્રેન પ્રોટેક્શન (ATP) સિસ્ટમ, કવચ, ૪૯ સ્ટેશનોને આવરી લે છે, ૫૭ ટાવર સ્થાપિત કરે છે અને ૩૪૪ કિલોમીટરના વિરાર-વડોદરા સેક્શન પર ૬૮૮ કિલોમીટર ઓપ્ટિકલ ફાઈબર કેબલ નાખે છે. આ સેક્શન પર આ સિસ્ટમ કાર્યરત થવાથી સલામતી વધશે અને ઉચ્ચ ગતિએ સલામત ટ્રેન સંચાલન સુનિશ્ચિત થશે. તેમણે સમજાવ્યું કે માનનીય પ્રધાનમંત્રી શ્રી

અનુસંધાન પાના ૭ પર

# સાયણમાં એલ્યુમિનિયમ સ્ક્રેપના વેપારી સાથે રૂા.૫૫.૮૯ લાખની છેતરપિંડી

**હાલ થાઈલેન્ડમાં રહેતા વેપારીએ ફરીયાદીને માલ ન મોકલી છેતર્યો**

સુરત, તા.૩૧

ઓલપાડ સાયણમાં એલ્યુમિનિયમ સ્ક્રેપનો વેપાર કરતા ફરીયાદી સાથે તેના જ વતનના ભાવનગર જિલ્લાનો વતની અને હાલમાં થાઈલેન્ડ વિદેશમાં રહેતા શખ્સે રૂ.૫૫,૮૯,૦૫૪ ની છેતરપિંડી કરતા તેણે આ શખ્સ વિરૂધ્ધ ઓલપાડ પોલીસ મથકમાં વિશ્વાસઘાત- છેતરપિંડીની પોલીસ ફરીયાદ નોંધાવી છે. મુળ ભાવનગર જિલ્લાનાં ઉમરાળા તાલુકાનો વતની કિંતન શિરીષભાઈ પટેલ(ઉ.વ.૨૮)હાલ માં સુરત શહેરનાં કતારગામ-સિંગણપોર રોડ ઉપર આવેલ દેવદિપ સોસાયટીનાં મ.નં.૦૪ માં રહે છે.તે હાલમાં સાયણ ટાઉનમાં અંજની આર્કેડમાં એફ-૧૧૧ થી ખોડીયાર એન્ટરપ્રાઈઝ નામની ઓફિસ ચલાવે છે. આ ઓફિસ થકી તે એલ્યુમિનિયમ સ્ક્રેપનો વેપાર કરે છે.ગત ફેબ્રુઆરી-૨૦૨૪ થી તા.૧૫/૫/૨૦૨૪ દરમ્યાન મુળ ભાવનગર જિલ્લાનાં ગારીયાધાર તાલુકા નો વતની તથા સુરત શહેરમાં લંબે હનુમાન રોડ ઉપર આવેલ સૌરાષ્ટ્ર કોલોનીનાં ખોડીયાર ભુવનમાં રહેતો શખ્સ નરેશ ઉર્ફે નીલ લાલજી પટેલ(ખુંટ)હાલ રહેઃ સુફાલાય રીવર રિસોર્ટ,ફ્લેટ નં.૯૯/૬૨૯,સેરેનાખોન રોડ સામે થોનબુરી બેંકકોક(થાઈલેન્ડ)-૧૦૬૦૦ કિંતન પટેલ સાથે એલ્યુમિનિયમ સ્ક્રેપનો માલ મોકલવા સોદો કર્યો હતો.તેણે ફરિયાદી કિંતન પટેલને વિશ્વાસમાં લઈ એલ્યુમિનિયમ સ્ક્રેપનાં માલ પેટે અમેરિકન ૯૭,૩૯૮ ડોલર મેળવીને કિંતન પટેલને માત્ર ૩૨,૪૦૮ ડોલરની કિંમતનો એલ્યુમિનિયમ સ્ક્રેપ જ મોકલ્યો હતો. જયારે બાકી રહેતો સ્ક્રેપનો માલ મોકલવા કિંતન પટેલે તેને અવાર-નવાર સંપર્ક તેણે ખોટા-ખોટા વાયદાઓ કરી માલ મોકલી આપવા વિશ્વાસ અને ભરોસો આપ્યો હતો.તેમ છતાં નરેશ ઉર્ફે નીલ લાલજી પટેલે ફરિયાદીને આજ દિન સુધી ૬૪,૯૮૯ અમેરિકન ડોલર (જે-તે વખતની બજાર કિંમત રૂ. ૫૫,૮૯,૦૫૪ નો એલ્યુમિનિયમ સ્ક્રેપનો માલ મોકલ્યો પણ ન હતો અને બાકી રહેતા રૂપિયા પરત માંગવા છતાં તેણે એક પણ રૂપિયો પરત કર્યો ન હતો. જેથી ફરીયાદી કિંતન પટેલે તેની સાથે નરેશ ઉર્ફે નીલ લાલજી

અનુસંધાન પાના ૭ પર

# સુરત શહેર કોંગ્રેસ દ્વારા ગાંધી નિર્વાણ દિને સુતરાંજલી અર્પણ

**શહીદોના બલિદાનને યાદ કરતા કોંગ્રેસ ઉપપ્રમુખ હરિશ સુર્યવંશી**



સુરત, તા.૩૧

સુરત ગાંધી નિર્વાણ દિવસ (પુણ્યતિથિ) નિમિત્તે, શહેર કોંગ્રેસના પદાધિકારીઓ અને કાર્યકરોએ સુરત શહેરના ચોક બજાર વિસ્તારમાં મહાત્મા ગાંધીની પ્રતિમાને હાર પહેરાવીને શ્રદ્ધાંજલિ આપી. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના સત્ય, અહિંસા અને શાંતિના સંદેશને યાદ કરવામાં આવ્યો.

આ પ્રસંગે સુરત શહેર કોંગ્રેસના ઉપપ્રમુખ હરીશભાઈ સૂર્યવંશીએ જણાવ્યું હતું કે ૩૦ જાન્યુઆરીએ દેશભરમાં ગાંધીજીનો નિર્વાણ દિવસ 'શહીદ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. ૩૦ જાન્યુઆરી, ૧૯૪૮ ના રોજ નથુરામ ગોડસે દ્વારા મહાત્મા ગાંધીની હત્યા કરવામાં આવી હતી. આ દિવસ ફક્ત ગાંધીજીને શ્રદ્ધાંજલિ આપવાનો દિવસ નથી, પરંતુ દેશ માટે પોતાના જીવનનું બલિદાન આપનારા તમામ શહીદોને માન આપવાનો દિવસ છે. હરીશ સૂર્યવંશીએ સમજાવ્યું કે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના બલિદાનને યાદ કરવા માટે દર વર્ષે ૩૦ જાન્યુઆરીએ શહીદ દિવસ ઉજવવામાં આવે છે. ૩૦ જાન્યુઆરી, ૧૯૪૮ ના રોજ સાંજે નવી દિલ્હીના બિરલા ભવનમાં ગાંધીજીની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. આ દિવસે રાષ્ટ્રપતિ, વડા પ્રધાન અને અન્ય રાષ્ટ્રીય નેતાઓ રાજઘાટ ખાતે ગાંધીજીની સમાધિ પર શ્રદ્ધાંજલિ આપવા જાય છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે આ દિવસે દેશભરમાં સ્વાતંત્ર્ય સેનાનીઓ અને મહાત્મા ગાંધીની યાદમાં બે મિનિટનું મૌન પાળવામાં આવે છે. આ દિવસ અહિંસા, શાંતિ અને સત્યના આદર્શોને આત્મસાત કરવાની તક પૂરી પાડે છે. શહેર કોંગ્રેસના ઉપપ્રમુખ હરીશભાઈ સૂર્યવંશી, જયેશભાઈ ભટ્ટ અને શૈલેષ રાજપૂત સહિત મોટી સંખ્યામાં કોંગ્રેસના અધિકારીઓ અને કાર્યકરોએ ચોક બજારમાં ગાંધીજીની પ્રતિમા પર પુષ્પાંજલિ અર્પણ સમારોહમાં હાજરી આપી હતી.

# 'રાયચંદ દીપચંદ કન્યા શાળાનો ઈતિહાસ' પુસ્તકનું લોકાર્પણ

**ડો.અતુલ પાઠકજી વધુ એક પુસ્તક લખ્યું**



સુરત, તા.૩૧

"સી.જી.એસ.મહિલા વિદ્યાલય મંડળ, સુરત" ના ઉપાધ્યક્ષ, "ગુજરાત પ્રાંતિય રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ, અમદાવાદ"ના ઉપાધ્યક્ષ અને વૈવિધ્યપૂર્ણ વિષયો ઉપર ૪૦ જેટલાં પુસ્તકો લખનાર ડૉ.અતુલભાઈ પાઠકજી એ લખેલા પુસ્તક "રાયચંદ દીપચંદ કન્યાશાળાનો ઈતિહાસ" નાં લોકાર્પણ સમારંભ ઉદ્ઘાટન સી.જી.એસ. મહિલા વિદ્યાલય મંડળ, સુરત" ના માનદમંત્રી અને નામાંકિત એડવોકેટ શ્રી રમેશભાઈ જી. શાહે કર્યું હતું. આ પુસ્તકનું લોકાર્પણ સી.જી.એસ. મહિલા વિદ્યાલય મંડળ, સુરત" ના પ્રમુખ અને ખ્યાતનામ દાનવીર શ્રી પંકજભાઈ કાપડીયાનાં શુભહસ્તે કરવામાં આવ્યું હતું. આ સમારંભમાં સી.જી.એસ. મહિલા વિદ્યાલય મંડળ, સુરત"ની વ્યવસ્થાપક સમિતિના સભ્ય, "રાષ્ટ્રભાષા પ્રચારક મંડળ, સુરત"ના અધ્યક્ષ અને નવસારી

અનુસંધાન પાના ૭ પર

## પ્રજ્ઞાચક્ષુ બહેનો માટે ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન

સુરત, તા.૩૧

સેવા એ જ સાચો ધર્મ છે અને જ્યારે આ સેવા દિવ્ય શક્તિ ધરાવતી અંધ બહેનો માટે હોય, ત્યારે તે ભક્તિ બની જાય છે." વ્હાલા ધર્મપ્રેમી સજ્જનો અને ઉદાર મનના દાતાઓ, ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની અસીમ કૃપા અને ગુરુશ્રી શાસ્ત્રી સ્વામી કપિલજીવનદાસજીના દિવ્ય આશીર્વાદથી, શ્રી સ્વામિનારાયણ જ્ઞાનપીઠ - સલવાવ દ્વારા એક અનોખું અને પ્રેરણાદાયી આયોજન થવા જઈ રહ્યું છે. જે બહેનો દુનિયાને જોઈ શકતી નથી, પણ પોતાના મનોબળથી દુનિયા જીતવાની શક્તિ રાખે છે, તેવી અંધ બહેનો માટે 'ક્રિકેટ ટુર્નામેન્ટ' નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. સ્થળ જીએમ બિલખીયા મુક્તાનંદ માર્ગ ચલા બલીઠા વાપી તારીખઃ ૧૪-૧૫ફેબ્રુઆરી, ૨૦૨૬એ વલસાડ જિલ્લામાં પ્રથમવાર યોજાઈ રહેલા આ આયોજનમાં સમગ્ર ગુજરાતમાંથી ૮ ટીમોની ૧૫૦ જેટલી પ્રજ્ઞાચક્ષુ બહેનો પોતાની રમત અને સાહસનું પ્રદર્શન કરશે.

# સાયણમાં પત્ની સાથે ઝઘડો થતા પતિએ કરેલો આપઘાત

સુરત, તા.૩૧

ઓલપાડ મુળ બિહાર રાજયનો વતની સંતોષ અરૂણ રાઉત (ઉ.વ.૨૫)હાલમાં સાયણ સુગર રોડ ઉપર આવેલ ગોકુલ રેસીડેન્સીનાં ઘર નં.૩૧૧ માં તેની પત્ની સાથે રહી ટેક્ષટાઈલ યુનિટમાં કામ કરતો હતો.ગત તા.૨૮ નાં રોજ સંતોષને તેની પત્ની બિંદુદેવી સાથે જમવા બાબતે બોલાચાલી થઈ હતી.જેથી સંતોષને મનમાં લાગી આવતા તેણે રાત્રે-૧૧:૧૦ કલાકનાં સુમારે પોતનાં બેડરૂમમાં પંખાની હુક સાથે સાડીનો એક છેડો બાંધી બીજો છેડો પોતાના ગળે બાંધી ફાંસો ખાઈ ગયો હતો.જેથી તેને સારવાર માટે સાયણ ની જીવનરક્ષા હોસ્પીટલમાં લઈ જવાયો હતો.જ્યાં ફરજ પરનાં હાજર ડોકટરે તેને તપાસી મૃત જાહેર કર્યો હતો. આ બાબતે મૃતકની પત્ની બિંદુદેવીએ ઓલપાડ પોલીસ મથકમાં જાણ કરતા પોલીસે કાયદેસરનો ગુનો નોંધી વધુ તપાસ અ.હે.કો.વિક્રમક વર્ધાજી કરી રહ્યા છે.



# શ્રી સતપંથ સનાતન ધર્મ પરિવાર દ્વારા ગાંધી નિર્વાણ દિને પ્રાર્થના સભા યોજાઈ

સુરત, તા.૩૧

ગતરોજ શ્રી સતપંથ સનાતન ધર્મ પરિવાર ભીમપોર આયોજિત "ગાંધી નિર્માણ દિન" નિમિત્તે સાંજે ૫-કલાકે જાહેર પ્રાર્થનાસભા નું આયોજન કરવામાં આવેલ હતું, જેમાં શ્રી સતપંથ સનાતન ધર્મ પરિવાર મુખી મહારાજો તેમજ ગામ ના સંતપથી આગેવાનો તેમજ વિશાલ સંખ્યા માં બહેનો અને ભાઈઓ એ ભાગ લીધો હતો, તેમાં મહાત્મા ગાંધી ના મૂલ્યો અને વિચારો ઉપર સર્વો ઉપસ્થિત મહાનુભાવો એ પોતાના વિચારો રજુ કરવામાં આવ્યા હતા, શ્રી સતપંથ સનાતન ધર્મ પરિવાર ના આગામી કાર્યક્રમો થી માહિતગાર કરવામાં આવ્યા હતા, અને સભા ના અંતે રાષ્ટ્રગીત ગાઈ સભા ની પૂર્ણાહુતિ કરી હતી જેમાં મુખ્ય આગેવાનો જયેશ પટેલ, લક્ષ્મીકાંત પટેલ, અનિલ પટેલ-વડાપાવ, કિનલબેન, ઉર્વશીબેન, ધર્મેશ પટેલ, ભરત પટેલ, બિપિન પટેલ, સંદીપ પટેલ, સુરેશ પટેલ, અજય પટેલ સહિત ચોર્યાસી તાલુકા કાંઠા વિસ્તારના વિવિધ ગામ ના સતપંથ પરિવાર ના લોકો મોટી સંખ્યામાં જોડાયા હતા.



# ઓલપાડની શાળાઓમાં શહીદોને ભાવભીની શ્રધ્ધાંજલિ અર્પણ

સુરત, તા.૩૧

ભારતનાં સ્વાતંત્ર્ય સંગ્રામમાં વીર શહીદોએ આપેલાં પ્રાણનાં બલિદાનની સ્મૃતિમાં પ્રતિ વર્ષ તા. ૩૦ જાન્યુઆરી ગાંધી નિર્વાણ દિનને શહીદ દિન તરીકે ઉજવવામાં આવે છે. જેને સમાંતર ઓલપાડ તાલુકાની જિલ્લા પંચાયત હસ્તકની પ્રાથમિક શાળાઓમાં નિર્ધારિત સમયે બે મિનિટ મૌન પાળી ગાંધીજી સહિત અન્ય નામી-અનામી દેશ માટે પોતાનાં પ્રાણ ન્યોછાવર કરનારા વીર સપૂતો પ્રત્યેનું ઋણ અદા કરવામાં આવ્યું હતું. શાળાઓમાં શિક્ષકો દ્વારા બાળકો સમક્ષ બાપુનાં શાંતિ, અહિંસા, સાદગી જેવાં આદર્શોનું પાલન કરવાનાં સંદેશા સહિત દેશનાં નામી-અનામી શહીદોનાં શૌર્યપૂર્ણ બલિદાનની ગૌરવપ્રદ ગાથા રજૂ કરવામાં આવી હતી. તાલુકાની કેટલીક શાળાઓમાં નિબંધ, વક્તૃત્વ તથા ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. એમ તાલુકાનાં પ્રચાર-પ્રસાર પ્રતિનિધિ વિજય પટેલ એક અખબારી યાદીમાં જણાવે છે.

# સરકારી વિકાસ કામોની ક્વોલિટીમાં કોઈપણ બાંધછોડ કરવામાં આવશે નહીં: મુકેશ પટેલ

**ઓલપાડ તાલુકાની ૨૬ ગ્રામ પંચાયત કચેરીનાં નવા ભવન બનાવવા માટે રૂ.૬૯૦ લાખની ગ્રાન્ટ મંજુર**

સુરત, તા.૩૧

ગુજરાતનાં ઈતિહાસમાં પ્રથમવાર સમગ્ર રાજયમાં ગ્રામોત્થાન યોજના અંતર્ગત એક સાથે ૨,૬૬૬ નવીન ગ્રા.પં.કચેરીનું ઈ-ખાતમૂહુર્ત રાજય નાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના હસ્તે શુક્રવારે બોરસદના ભાદરણ ગામેથી કરવામાં આવ્યું હતું.જેમાં સમાવેશ ઓલપાડ તાલુકાની ૨૬ ગ્રા.પં. કચેરીનાં નવીન ભવન માટે મંજુર થયેલ રૂ.૬.૯૦ કરોડની ગ્રાન્ટનું ખાતમૂહુર્ત સરકારનાં પૂર્વમંત્રી અને ઓલપાડ ધારાસભ્ય મુકેશભાઈ પટેલનાં વરદહસ્તે કાંઠા વિસ્તારનાં અસનાડ ગામેથી કરવામાં આવ્યું હતું. જેથી નજીકનાં દિવસોમાં કચેરીનાં નવા ભવન બનવાથી ગ્રામજનોની સુવિધા માં વધારો થવાથી આ ગામના સરપંચો અને ગ્રામજનોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

વિગત અનુસાર ઓલપાડ તાલુકાની કાયાપલટ માટે કમર કસી રહેલા ધારાસભ્ય અને પૂર્વ મંત્રી મુકેશ પટેલને જે-તે ગામમાં જર્જરીત થયેલ ગ્રા.પં.ની કચેરીનાં નવીનીકરણ માટે ગામના સરપંચો અને ગ્રામજનોએ રજુઆત કરી હતી.આ રજુઆતનાં પગલે મુકેશ પટેલે રાજ્ય સરકારમાંથી તાલુકાની કુલ ૨૬ ગ્રા.પં.કચેરીનાં નવનિર્મિત ભવન માટે કુલ રૂ.૬૯૦ લાખની ગ્રાન્ટ મંજુર કરાવી હતી.જે વિકાસ કામો નું ઈ-ખાતમુહૂર્ત ગાંધી નિર્વાણ દિન તા.૩૦,શુક્રવારનાં રોજ તાલુકાનાં અસનાડ ગામેથી કરતા ધારાસભ્ય મુકેશ પટેલે ઉપસ્થિત સરપંચો,ચૂંટાયેલ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓનાં સભ્યો અને પદાધિકારીઓ, ભાજપ સંગઠનનાં હોદ્દેદારો અને

અનુસંધાન પાના ૭ પર

**કઈ-કઈ ગ્રામ પંચાયત કચેરીનું નવું ભવન બનશે?**

ઓલપાડ તાલુકાનાં કાંઠા વિસ્તારની ગ્રા. પં.પૈકી અંભેટા, કરંજગૃપ, દેલાસા, જીણોદ, સોંદલાખારા, ઓરમા કા છોલ, કાસલા બુજરંગ, ખોસાડીયા, ડભારી, સેગવાછામા, કુંકણી, અરીયાણા, આંધી, અસનાડ, સોંદામીઠા, કણભી તથા પૂર્વ વિભાગમાં બોલાવ, ઈશનપોર, માસમા, કોસમ, વડોદ અને પરીઆ મળી કુલ ૨૩ ગ્રા.પં. કચેરીનાં નવા ભવન બનાવવા માટે પંચાયત દીઠ રૂ.૨૫ લાખ મંજુર થયા છે. જયારે ઓલપાડ ગ્રુપ ગ્રા.પં.માટે રૂ.૪૦ લાખ અને કીમ ગ્રા.પં.માટે પણ રૂ.૪૦ લાખ તેમજ કાંઠાનીપિંજરત ગ્રા.પં.માટે રૂ.૩૪.૮૩ લાખની ગ્રાન્ટ મંજુર થઈ છે.

# 'સ્વતંત્રતા કા મંત્રઃ વંદે માતરમ' થીમ આધારિત ટેબ્લોને પ્રાપ્ત "પોપ્યુલર ચોઈસ" શ્રેણીનો પ્રથમ ક્રમનો એવોર્ડ વિધિવત્ રીતે નવી દિલ્હી ખાતે એનાયત

## ગુજરાત રાજ્ય વતી ટ્રોફીનો સ્વીકાર કરતા મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવ ડો. વિક્રાંત પાંડે અને માહિતી કમિશનર શ્રી કિશોર બચાણી






૭૭મા પ્રજાસત્તાક પર્વ નિમિત્તે નવી દિલ્હીના કર્તવ્ય પથ ખાતે યોજાયેલી પરેડમાં ગુજરાતના ટેબ્લોને સતત ચોથી વખત 'પોપ્યુલર ચોઈસ કેટેગરી'માં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરવા બદલ આજરોજ વિધિવત્ રીતે ટ્રોફી અને પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો છે. આજરોજ નવી દિલ્હીના રાષ્ટ્રીય રંગશાળા શિબિર ખાતે યોજાયેલા પારિતોષિક વિતરણ સમારોહમાં કેન્દ્રિય રાજ્ય રક્ષામંત્રી શ્રી સંજય સેઠના હસ્તે આપવામાં આવેલી આ ટ્રોફી અને પ્રમાણપત્રનો ગુજરાત રાજ્ય વતી મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવ ડૉ. વિક્રાંત પાંડે અને માહિતી કમિશનર શ્રી કિશોર બચાણીએ સ્વીકાર કર્યો હતો. આ સાથે જ ટેબ્લો નિર્માણની પ્રક્રિયા સમયે રાષ્ટ્રીય રંગશાળા ખાતે યોજાયેલી વિવિધ રાજ્યોના કલાકારો દ્વારા સાંસ્કૃતિક નૃત્યોની સ્પર્ધામાં ગુજરાતના નૃત્યને પ્રોત્સાહક ઈનામ પ્રાપ્ત થયું હતું.અત્રે ઉલ્લેખનીય છે કે, 'સ્વતંત્રતા કા મંત્રઃ વંદે માતરમ' વિષય આધારિત ચાલુ વર્ષનો ટેબ્લો ગુજરાત સરકારની માહિતી કમિશનર કચેરી દ્વારા નિર્માણ કરવામાં આવ્યો હતો. માહિતી કમિશનર શ્રી કિશોર બચાણીના દિશાદર્શન અને અધિક માહિતી નિયામક શ્રી અરવિંદ પટેલના માર્ગદર્શનમાં સંયુક્ત માહિતી નિયામક ડૉ. સંજય કચોટ અને ફિલ્મ પ્રોડક્શન શાખાના નાયબ માહિતી નિયામક સુશ્રી ભાવના વસાવા દ્વારા આ ટેબ્લો નિર્માણની સમગ્ર કામગીરી હાથ ધરવામાં આવી હતી.આ પૂર્વે વર્ષ ૨૦૨૩માં પુનઃ પ્રાપ્ય ઊર્જાના મહત્તમ ઉપયોગના આહવાનને સાકાર કરવામાં ગુજરાતની પહેલરૂપે રજૂ કરવામાં આવેલા 'ક્લિન ગ્રીન એનર્જીયુક્ત ગુજરાત' ટેબ્લોને 'પોપ્યુલર ચોઈસ' શ્રેણીમાં એવોર્ડ સાથે શરૂ થયેલી આ વિજય પરંપરાને આગળ વધારતાં વર્ષ ૨૦૨૪માં રજૂ કરવામાં આવેલા ગુજરાતના 'ધોરડો, વર્લ્ડ બેસ્ટ ટુરીઝમ વિલેજ' થીમ આધારિત ટેબ્લોએ 'પોપ્યુલર ચોઈસ' શ્રેણીમાં એવોર્ડની સાથે સાથે ટેબ્લોઝની શ્રેષ્ઠતા માટેની પસંદગી સમિતિની 'જ્યુરીઝ્ ચોઈસ' શ્રેણીમાં પણ બીજો ક્રમ મેળવ્યો હતો. જ્યારે વર્ષ ૨૦૨૫માં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા અને માર્ગદર્શનમાં ગુજરાતે આધુનિક વિકાસની જે હરણફાળ ભરી છે તેની વિકાસ ગાથા અને પ્રાચીન વિરાસતની ઝાંખી દર્શાવતો 'આનર્તપુરથી એકતાનગર સુધી – વિરાસતથી વિકાસનો અદભૂત સંગમ' ટેબ્લો 'પોપ્યુલર ચોઈસ એવોર્ડ' જીત્યા બાદ સતત ચોથા વર્ષે આ શ્રેણીમાં વર્ષ ૨૦૨૬ નો આ રાષ્ટ્રીય પુરસ્કાર જીતીને ગુજરાતે ઈતિહાસ સર્જ્યો છે.

# સાવરકુંડલામાં સાક્ષાત્ અયોધ્યાના આશીર્વાદ તાત્કાલિક હનુમાન આશ્રમ ખાતે અયોધ્યા ધામની 'અખંડ જ્યોત'નું ભવ્ય આગમન અને મંગલ સ્થાપન

**સાવરકુંડલાઃ**"અયોધ્યાની સુગંધ અને હનુમાન ગઢીનો સાથ, આવી પહોંચી અખંડ જોત, કરવા ભક્તો પર આશીર્વાદનો હાથ." મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રી રામચંદ્રજીના જન્મસ્થાન અયોધ્યા ધામના નવનિર્મિત ભવ્ય નિજ મંદિર અને પ્રાચીન સિદ્ધપીઠ હનુમાન ગઢીથી પ્રજ્વલિત પવિત્ર 'અખંડ જ્યોત'નું આજે સાવરકુંડલાની પવિત્ર ધરા પર અત્યંત ભાવપૂર્ણ, ભક્તિમય અને શાસ્ત્રોક્ત વાતાવરણમાં આગમન થયું છે. આ દિવ્ય જ્યોતના પગરણાં થતા જ સમગ્ર સાવરકુંડલા પંથક રામમય બની ગયો છે અને ભક્તોમાં આધ્યાત્મિક આનંદનો પૂર ઉમટ્યો છે.

આ દિવ્ય જ્યોતના દર્શન કરવા ખૂબ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા. કેસરીયા ધ્વજ, ઢોલ-નગારાના ગુંજારવ અને ગગનભેદી



'રામધૂન' તેમજ 'જય શ્રી રામ'ના નાદ સાથે સમગ્ર વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. નગરજનો દ્વારા ઠેર-ઠેર જ્યોત પર પુષ્પવર્ષા કરવામાં આવી હતી અને ભાવિકોએ આરતી ઉતારી ધન્યતા અનુભવી હતી. સાવરકુંડલાના પરમ શ્રદ્ધા કેન્દ્ર તાત્કાલિક હનુમાનજી આશ્રમ ખાતે પધરાવવામાં આવી હતી. આશ્રમમાં શાસ્ત્રોક્ત વિધિ-વિધાન, વેદોક્ત મંત્રોચ્ચાર અને મંગલ આરતી સાથે જ્યોતનું સ્થાપન કરવામાં આવ્યું હતું. હનુમાન ગઢીના પ્રતાપનું પ્રતીક એવી આ જ્યોતના દર્શન એ સાવરકુંડલાના ભક્તો માટે ઘરે બેઠા અયોધ્યા ધામના પ્રત્યક્ષ આશીર્વાદ મેળવવા જેવો અમૂલ્ય લ્હાવો છે.આ દિવ્ય પ્રસંગે તાત્કાલિક હનુમાનજી આશ્રમથી કેવડાપરા વિસ્તાર સુધી ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.





# કિરણ ખોખાણીની નવતર ગુજરાતી ફિલ્મ 'માલુમાડી' તૈયાર

## જ્ઞાતિ-જાતિ નહીં, માનવતા અને રાષ્ટ્ર પ્રથમનો સંદેશ

**સુરત અને સૌરાષ્ટ્રમાં ફિલ્મનું શૂટિંગ પથી ૮૦ વર્ષના તમામ દર્શકો માટે યોગ્ય ફિલ્મ**

એન્કરઃ સુરતના જાણીતા યૂટ્યુબર અને સમાજને સંદેશ આપતા કિરણ ખોખાણી દ્વારા 'માલુમાડી' નામની નવી ગુજરાતી ફિલ્મ બનાવવામાં આવી છે, જેમાં જ્ઞાતિ-જાતિના ભેદભાવ વગર માનવતા અને 'રાષ્ટ્ર પ્રથમ'નો સંદેશ આપવામાં આવ્યો છે. સુરત અને સૌરાષ્ટ્રની પૃષ્ઠભૂમિમાં બનેલી આ ફિલ્મમાં જાણીતા કલાકારોનો અભિનય જોવા મળશે અને પાંચથી લઈને ૮૦ વર્ષ સુધીના તમામ વયના દર્શકો સહકુટુંબ સાથે આ ફિલ્મ માણી શકે એવો દાવો નિર્માતા-દિગ્દર્શકો દ્વારા કરવામાં આવ્યો છે.વીઓઃ સુરતના જાણીતા youtube અને અનેક વખત સામાજિક સંદેશાઓ આપનાર કિરણ ખોખાણી દ્વારા એક નવતર પ્રયોગ સાથેની ગુજરાતી ફિલ્મ બનાવવામાં આવી છે 'માલુમાડી' નામની આ ફિલ્મમાં જ્ઞાતિ જાતિના ભેદભાવ વગર માનવતાને ઉજાગર કરતા વાર્તા સાથેની ફિલ્મ બનાવવામાં આવી છે આ ફિલ્મ સુરત અને સૌરાષ્ટ્રની પૃષ્ઠ ભૂમિમાં બનાવવામાં આવી છે અને ખાસ કરીને હાલના સમયમાં જ્યારે જ્ઞાતિ જાતિના વાડા ઉભા કરવામાં આવે છે તેને બદલે રાષ્ટ્ર પ્રથમ એવી એક સંદેશો આપવાનો પ્રયાસ આ માલુમારી નામની ગુજરાતી ફિલ્મમાં કરવામાં આવ્યો છે કિરણ ખોખારી ઉપરાંત જાણીતા કલાકારોએ આ ફિલ્મમાં અભિનયના ઓજસ પાથર્યા છે ૧૮ એ વરણને એક સીધો સંદેશ આપતી હોય તેવું આ ફિલ્મનું વાર્તા અને કથાનક છે પાંચ વર્ષથી માંડીને ૮૦ વર્ષના વ્યક્તિ સુધી એટલે કે સહકુટુંબ આ ફિલ્મ નિહાળી શકાય તેવો દાવો દિગ્દર્શક અને નિર્માતાઓ દ્વારા કરવામાં આવ્યો છે. બાઈટ : વિક્રમ પાટોળીયા(નિર્માતા) બાઈટ : કિરણ ખોખાની(દિગ્દર્શક,અભિનેતા)

વીઓઃ તલવારથી નહીં પરંતુ કલમ દ્વારા પરિવર્તન લાવવી શકાય છે અને સમાજને અને લોકોને જાગૃત કરી શકાય છે એવો એક આશય 'માલુમાડી' નામની આ ફિલ્મ દ્વારા કરવામાં આવ્યો હોવાનું દાવો કરવામાં આવી રહ્યો છે



Smart City · સત્યમેવ જયતે ગુજરાત સરકાર · Surat SMART CITY

# સુરત મહાનગરપાલિકા

## જાહેર નિમંત્રણ

શહેરી વિકાસ વર્ષ-2025ની ઉજવણી અંતર્ગત

ગુજરાતના માનનીય મુખ્યમંત્રી **શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**ના વરદ્હસ્તે

**સુરત મહાનગરપાલિકા**ના **₹.173.78 કરોડ**ના પ્રકલ્પોનાં લોકાર્પણ તથા **₹.169.03 કરોડ**ના પ્રકલ્પોનાં ખાતમુહૂર્ત

અને

રાજ્ય સરકારની જાહેર આવાસોના પુનઃવિકાસ યોજના-2016ના ભાગરૂપે સુરત મહાનગરપાલિકાના કતારગામ વિસ્તારમાં ગોટાલાવાડી ટેનામેન્ટના 1304 ટેનામેન્ટનું પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ ધોરણે રીડેવલપમેન્ટના કામનું લોકાર્પણ અને કોમ્પ્યુટરાઈઝ્ડ ડ્રો તા.31/01/2026, શનિવારના રોજ રાખવામાં આવેલ છે. આ પ્રસંગે પધારવા જાહેર જનતાને સ્નેહભર્યું નિમંત્રણ છે.







**ગરિમામયી ઉપસ્થિતિ**

**શ્રી સી. આર. પાટીલ**
માન. કેન્દ્રીય મંત્રી, જળશકિત મંત્રાલય, ભારત

**પ્રેરક ઉપસ્થિતિ**

**શ્રી હર્ષ સંઘવી**
માન. નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

**વિશેષ ઉપસ્થિતિ**

**શ્રી કનુભાઈ દેસાઈ**
માન. મંત્રી, નાણા, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ, ગુજરાત

**મુખ્ય અતિથિ**

**શ્રી પ્રફુલભાઈ પાનસેરીયા**
માન. રાજ્યકક્ષા મંત્રી, આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ (સ્વતંત્ર હવાલો), પ્રોટોકોલ, ગુજરાત

**અતિથિ વિશેષ**

**શ્રી દક્ષેશ કિશોરભાઈ માવાણી**
માન. મેયર

**શ્રી મુકેશભાઈ દલાલ** – માન. સંસદસભ્ય
**શ્રી પરભુભાઈ વસાવા** – માન. સંસદસભ્ય

**સ્નેહમય ઉપસ્થિતિ**

**શ્રી પૂર્ણેશ મોદી** – માન. ધારાસભ્ય
**શ્રી કિશોર કાનાણી** (કુમાર) – માન. ધારાસભ્ય
**શ્રી મુકેશભાઈ પટેલ** – માન. ધારાસભ્ય
**ડો. નરેન્દ્રભાઈ પાટીલ** – માન. ડે. મેયર
**શ્રી વિનોદભાઈ મોરડીયા** – માન. ધારાસભ્ય
**શ્રીમતી સંગીતાબેન પાટીલ** – માન. ધારાસભ્ય
**શ્રી કાંતીભાઈ બલર** – માન. ધારાસભ્ય
**શ્રી રાજન પટેલ** – માન. અધ્યક્ષ, સ્થાયી સમિતિ
**શ્રી પ્રવિણભાઈ ઘોઘારી** – માન. ધારાસભ્ય
**શ્રી અરવિંદ રાણા** – માન. ધારાસભ્ય
**શ્રી સંદિપ દેસાઈ** – માન. ધારાસભ્ય
**શ્રીમતી શશીબેન ત્રીપાઠી** – માન. નેતા, શાસક પક્ષ
**શ્રી મનુભાઈ પટેલ** – માન. ધારાસભ્ય
**શ્રી ધર્મેશભાઈ વાણિયાવાલા** – માન. દંડક, શાસક પક્ષ

**જાહેર કાર્યક્રમ :**
**તારીખ : 31/01/2026, શનિવાર, સમય : બપોરે 03.30 વાગે**
**સ્થળ : ભારતરત્ન અટલબિહારી વાજપેયી ઓડિટોરિયમ, અક્ષરવાડી પાસે, ડભોલી, કતારગામ, સુરત.**

નં.પી.આર.ઓ./૬૧૪/૨૦૨૫-૨૬
તા.૩૦-૦૧-૨૦૨૬

સુરત મહાનગરપાલિકાને હંમેશાં સાથે રાખો
સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ

**એમ. નાગરાજન,IAS**
કમિશનર
સુરત મહાનગરપાલિકા

તંત્રી લેખ...-

શનિવાર, તા. ૩૧ જાન્યુઆરી ૨૦૨૬

# મહિલા સુરક્ષા માટે કાનૂની નિસબત

મદ્રાસ હાઈકોર્ટે લિવઈન રિલેશન સંદર્ભે આપેલા ચુકાદાની વિશદ ચર્ચા શરૂ થઈ છે. કોર્ટનો દષ્ટિકોણ અહીં મહિલાઓની સામાજિક સલામતીનો, ત્રીની લાગણી સાથે રમત કરતા પુરુષોને પાઠ ભણાવવાનો છે. ચુકાદાની એક જ તરફ જોઈએ, તો તેમાં સામાજિક-મહિલા સંદર્ભની નિસબત છે, પરંતુ અનેક પહેલુથી આખી બાબતને જોવી પડે તેમ છે. મદ્રાસ હાઈકોર્ટ સામે એક વ્યક્તિએ મહિલા ઉત્પીડનના કેસમાં આગોતરા જામીનની અરજી કરી ત્યાંથી આખો મુદ્દો ઉપસ્થિત થયો છે. પુરુષે સંબંધ રાખ્યા પછી પોતાની જવાબદારી ખંખેરવાની કોશિશ કરી ત્યારે કોર્ટે કડક વલણ અપનાવ્યું અને કહ્યું કે, લિવઈનમાં રહેતી મહિલાઓને પણ પત્ની જેવો હક્ક મળવો જોઈએ અન્યથા તેમની સામાજિક સલામતી નહીં જળવાય. મદ્રાસ હાઈકોર્ટનું દર્શન એવું છે કે, આવા સંબંધો રાખનારા પુરુષો પોતાને આધુનિક ગણાવે છે, જ્યારે જવાબદારી નિભાવવાની વાત આવે ત્યારે તેઓ છટકી જાય છે, ત્રીના ચારિત્ર્ય ઉપર લાંછન લગાવે છે. એક વ્યક્તિને જામીન ન મળ્યા ત્યાં મુદ્દો પૂર્ણ નથી થતો. કોર્ટ કહે છે કે, લગ્ન વગર રહેતી ત્રીને પણ લગ્નનો દરજ્જો મળવો જોઈએ. જો પુરુષ અને ત્રી બંને અપરિણીત હોય અને લગ્ન વગર લિવઈનમાં રહેતા હોય તો આ શક્ય છે અન્યથા ભારતીય લગ્ન માટેના કાયદા અનુસાર બંનેમાંથી એક પરિણીત હોય તો છુટ્ટાછેડા વગર તે શક્ય નથી. જો પત્નીનો દરજ્જો તે ત્રીને મળી જાય તો લિવઈનની વિભાવના જ ન રહે, કોર્ટ એવું કહેવા માગતી હોય કે આવી મહિલાઓને તેમના લિવઈન પાર્ટનર તરફથી કોઈ આર્થિક સલામતીની ખાતરી મળે તો વાત અલગ છે. દરેક લિવઈનમાં દગાબાજી કે કોઈ એક પાત્ર તરફથી સ્વાર્થનું વલણ ન પણ હોય. બંને એકબીજાના અંગત જીવનથી પરિચિત હોય, સાથે રહેતા હોય તો આવા ઝઘડાનો અવકાશ ઓછો રહે છે. આ ચુકાદો જો કે, એવા લોકો માટે જ છે જે આ સંબંધોનો દુરુપયોગ કરે છે. કોર્ટે કહ્યું કે, મહિલાઓ સાથે દગો થાય તે પ્રવૃત્તિ ખતરનાક છે, જેને રોકવી અદાલતનું ઉત્તરદાયિત્વ છે. કોર્ટે ત્યાં સુધી કહ્યું કે, ભારતમાં આવા સંબંધોનો સામાજિક સ્વીકૃતિ મળી નથી, પરંતુ આ પ્રકારના સંબંધો હવે સામાન્ય થઈ રહ્યા છે. અનેક મહિલાઓ તેને સમાન આધાર ઉપર આધુનિક સંબંધ માનીને સ્વીકારે છે, પછી તેને ખબર પડે છે કે, કાયદો તેઓને પત્ની જેવી સુરક્ષા તો આપતો નથી. આ નિર્ણય-ચુકાદો કાયદાના આ ખાલીપાને ભરવાનો પ્રયાસ છે. કોર્ટનો આ નિર્ણય એવું પ્રસ્થાપિત કરતો નથી કે લિવઈન રિલેશન પણ લગ્ન ગણાશે, આ નિર્ણય સંબંધની કાયદેસરતા કરતાં પણ વધારે શોષણની વિરુદ્ધ પ્રહાર છે. કોઈ સંબંધ માણસની અંગત બાબત હોઈ શકે, લગ્નનો ખોટો વાયદો આપીને ફરી જવું તે અંગત નથી, તે કાનૂની અપરાધ છે. લિવઈન સંબંધો ભલે લગ્નના દાયરામાં કોઈને બાંધે નહીં, પરંતુ ઉભયપક્ષે જવાબદારીની અપેક્ષા રાખે જ છે. વિશેષતઃ પુરુષ અહીં ત્રીને લગ્નના ખોટા વાયદા આપીને તરછોડી ન દે તે બાબતે કોર્ટે ધ્યાન કેન્દ્રિત કર્યું છે. આગામી સમયમાં આ ચુકાદો સામાજિક પરિપ્રેક્ષ્યમાં અગત્યનો સાબિત થશે.

**લિવઈનમાં રહેતા હોય તો આ શક્ય છે અન્યથા ભારતીય લગ્ન માટેના કાયદા અનુસાર બંનેમાંથી એક પરિણીત હોય તો છુટ્ટાછેડા વગર તે શક્ય નથી.**

## કેન્દ્રીય બજેટના પ્રોમો સમાન આર્થિક સમીક્ષાના સંકેત

રવિવારે સંસદમાં કેન્દ્રીય બજેટ રજૂ થઈ રહ્યંઅ છે, તે પહેલાં સરકારે રજૂ કરેલી આર્થિક સમીક્ષા અંદાજપત્રના આગોતરા સંકેત આપી જાય તેવી છે. આજકાલ વિકાસના દોરમાં આ સમીક્ષા પર પણ દેશ અને દુનિયાના અર્થશાત્રીઓની નજર રહેતી આવી છે. વર્ષ ૨૦૨૬-૨૭માં જીડીપીનો વિકાસ દર ૭.૨ ટકા રહેશે, એવો ફૂલગુલાબી અંદાજ આ સમીક્ષામાં અપાયો છે. ખાસ તો વિદેશી રોકાણમાં ઘટાડાને લીધે રૂપિયા પરની અવળી અસર અને વીતેલાં વર્ષ દરમ્યાન ભારતીય હુંડિયામણ નબળું પડયું હોવા છતાં અર્થવ્યવસ્થા સ્થિર રહેશે એવા સંકેત આ સમીક્ષાએ આપ્યા છે. આમ તો આવી દરેક વાર્ષિક સમીક્ષામાં ગયાં બજેટમાં દેશને અપાયેલાં વચનો કેવાં અને કેટલાં પૂરાં થઈ શક્યાં તેની રૂપરેખા આપતી હોય છે. સાથોસાથ આગામી વર્ષ માટે સરકાર તેના આર્થિક નિર્ણયોમાં કેઈ બાબતને ધ્યાને રાખશે. આવા સંજોગોમાં હાલે રૂપિયાના મૂલ્યમાં ઘટાડો થયો હોવા છતાં તે મજબૂત અને સ્થિર હોવાનો ખાસ ઉલ્લેખ આ સમીક્ષામાં કરાયો છે. સાથોસાથ રૂપિયાનું જે અવમૂલ્યન જણાઈ રહ્યંઅ છે, તે જોખમી ન હોવાનું ચિત્ર પણ નાણામંત્રીએ ગુરુવારે આપ્યું છે. આ વખતની સમીક્ષામાં જે રીતે યુરોપ સાથેના મુક્ત વેપાર કરારનો ખાસ ઉલ્લેખ કરાયો છે, તે આશાવાદ બજેટમાં પણ ઝીલાય એવી પૂરી શક્યતા છે. ખાસ તો ભારતમાં માળખાકીય ક્ષેત્રમાં સ્પર્ધા, નિકાસ અને વ્યૂહાત્મક ક્ષમતાને આ કરારથી બળ મળશે, એવી સરકારને આશા છે. આ આશાને બજેટની ખાસ જોગવાઈઓ વડે વધુ વાસ્તવિક બનાવવામાં આવે એવા સંકેત આર્થિક સમીક્ષા આપી જાય છે. સમીક્ષામાં દેશની ભાવી આર્થિક વ્યૂહરચનાના પણ સંકેત છે. ખાસ તો ભારતે અનિશ્ચિત માહોલમાં ઘરઆંગણાના વિકાસ પર ખાસ ધ્યાન આપવાનું રહેશે. વિશ્વના આર્થિક મોરચે જે રીતે સમીકરણો ઝડપભેર બદલાઈ રહ્યાં છે, તે જોતાં ભારતે પોતાના અર્થતંત્રને સલામત રાખવાના નક્કર પગલાં લેવા પડશે. સમીક્ષામાં વ્યક્ત થયેલી આ જરૂરત બજેટમાં પ્રતિબિંબીત થાય એવી પૂરી શક્યતા માની શકાય. આમ તો સમીક્ષામાં મોંઘવારીની અસર મંદ રહેવા અને આગામી વર્ષે તેની કોઈ ચિંતા રહેશે નહીં એવી આશા વ્યક્ત કરાઈ છે. સાથોસાથ હંગામી કામદારોને કામની સાથે જોડાયેલી શરતોમાં નવેસરથી ફેરફાર સાથે નવી નીતિ લાવવાની જરૂરત પર સમીક્ષાએ જે રીતે ભાર મુક્યો છે, તે આગામી સમયમાં વેપાર અને ઉદ્યોંગ ક્ષેત્રની નજરમાં રહેશે. વળી, નાગરિકોના આરોગ્યની જાળવણી માટે જે રીતે મેદસ્વિતા વધારતા અને વધુ સાકર ધરાવતા ખાદ્યપદાર્થોનોના સેવનને ઘટાડવાની કરાયેલી વાત આવાં ઉત્પાદનો પર વેરા વધારવાની સાથોસાથ તેની જાહેરાતો પર પ્રતિબંધોમાં પરિણમી શકે છે. સમીક્ષામાં ઘણા રાજ્યો દ્વારા પોતાની આર્થિક તાકાત કરતાં પણ વધુ લોકરંજક યોજનાઓની જે રીતે જાહેરાતો થાય છે, તે અંગે પણ ચિંતા વ્યક્ત કરાઈ છે. નાણાંકીય તંગી અને આર્થિક ખાધ છતાં આવી જાહેરાતો રાજકીય લાભો માટે કરવાનાં વધી રહેલાં ચલણ સામે બજેટમાં કોઈ પગલાં કે જોગાવાઈ આવે છે કે કેમ એ તો હવે રવિવારે ખબર પડી જશે.

**આ નિયમો વિરુદ્ધ થયેલી અરજી પર સુનાવણી કરીને સુપ્રીમ કોર્ટે નવા યુજીસી નિયમો પર સ્ટે આપ્યો છે.**

# યુજીસી નિયમો પર સ્ટે, આવા બકવાસ નિયમોની જરૂર શું?

### યુજીસી પ્રમોશન ઓફ ઇક્વિટી રેગ્યુલેશન્સ ૨૦૨૬ હેઠળ

યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (યુજીસી)એ કોલેજો અને યુનિવર્સિટીઓ સહિત ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં ભેદભાવ રોકવા બનાવેલા નવા નિયમોના કારણે દેશભરમાં બબાલ થઈ ગઈ છે ત્યારે અંતે સુપ્રીમ કોર્ટે વચ્ચે પડીને હાલ પૂરતો નવા નિયમોના જીનને બાટલીમાં પૂરી દીધો છે. આ નિયમો વિરુદ્ધ થયેલી અરજી પર સુનાવણી કરીને સુપ્રીમ કોર્ટે નવા યુજીસી નિયમો પર સ્ટે આપ્યો છે. સુપ્રીમ કોર્ટના કહેવા પ્રમામે પહેલી નજરે જ આ નિયમોની ભાષા અસ્પષ્ટ લાગે છે તેથી તેનો દુરુપયોગ થઈ શકે છે.સુપ્રીમ કોર્ટના સ્ટેના કારણે યુજીસી પ્રમોશન ઓફ ઈક્વિટી રેગ્યુલેશન્સ ૨૦૨૬નો અમલ હાલ પૂરતો અટકી જશે પણ તેનાથી બહુ હરખાવાની જરૂર નથી કેમ કે સુપ્રીમ કોર્ટે સ્ટે આપીને હાલ પૂરતી બબાલ ટાળી છે, નિયમોને કચરાટોપલીમાં ફેંક્યા નથી. સુપ્રીમ કોર્ટે યુજીસીને નિયમો ફરીથી બનાવવા ફરમાન કર્યું છે. તેનો મતલબ એ થયો કે, નવા નિયમો નહીં આવે ત્યાં લગી શાંતિ રહેશે પણ જેવા નવા નિયમો આવશે એવી બબાલ પાછી શરૂ થશે.આ નવા નિયમોને પડકારતી અરજીમાં દાવો કરાયો હતો કે, આ નિયમો બંધારણની કલમ ૧૪ની વિરુદ્ધ છે. કલમ ૧૪ ભારતમાં જ્ઞાતિ, વર્ગ, વર્ણ, ધર્મ અથવા સંપ્રદાયના આધારે કરાતા કોઈ પણ ભેદભાવની વિરુદ્ધ છે. યુજીસીના નવા નિયમોમાં માત્ર જ્ઞાતિ આધારિત ભેદભાવની વાત કરાઈ છે અને દલિત, આદિવાસી, ઓબીસી વિદ્યાર્થીઓ સાથે જ ભેદભાવ થતો હોય છે એવું પ્રસ્થાપિત કરીને તેમને જ ફરિયાદ કરવાનો હક અપાયો છે. હિંદુ સવર્ણો કે મુસ્લિમ, ખ્રિસ્તી, યહૂદી, જૈન, પારસી વગેરે લઘુમતી વિદ્યાર્થીઓ સાથે ભેદભાવ કરાતો હોય તો તેમણે શું કરવું તેની કોઈ ચોખવટ નથી.સીધા ને સરળ શબ્દોમાં કહીએ તો ચોક્કસ જ્ઞાતિના લોકોની સાથે જ ભેદભાવ થાય છે અને આ જ્ઞાતિના ના હોય એવાં લોકો ભેદભાવ કરે છે એવો નવા નિયમોનો સૂર છે. મતલબ કે વિદ્યાર્થીઓ વચ્ચે જ જ્ઞાતિના આધારે ભેદભાવ કરાય છે. ભારતના બંધારણની કલમ ૧૪ તમામ પ્રકારના ભેદભાવ પર પ્રતિબંધ મૂકે છે જ્યારે આ નિયમો ખુલ્લેઆમ જ્ઞાતિના આધારે ભેદભાવને પોષે છે. સુપ્રીમ કોર્ટે આ મુદ્દો તો ધ્યાનમાં જ લીધો નથી તેથી સુપ્રીમ કોર્ટે પણ હમણાં કજીયો ટળે એ માટે સ્ટે આપી દીધો છે એ સ્પષ્ટ છે.કેન્દ્ર સરકાર અને તેની તાબેદાર સંસ્થાઓ બધું ખાનગીમાં કરવામાં માહિર છે તેથી મોટા ભાગનાં લોકોને તો ૧૩ જાન્યુઆરીથી છાનામાના અમલી બનાવી દેવાયેલા આ નિયમો શું છે તેની જ ખબર નથી. આ સંજોગોમાં સૌથી પહેલાં તો આ નિયમો જાણવા જરૂરી છે.યુજીસી પ્રમોશન ઓફ ઈક્વિટી રેગ્યુલેશન્સ ૨૦૨૬ હેઠળ, સરકારી અને ખાનગી કોલેજો તથા યુનિવર્સિટીઓ સહિતની તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં ઈક્વિટી સેલ એટલે કે ઈક્વોલ ઓપર્ચ્યુનિટી સેલ બનાવવો પડશે. આ સેલ એક કોર્ટ જેવો હશે કે જ્યાં એસસી,એસટી, ઓબીસી કે દિવ્યાંગ વિદ્યાર્થી પોતાની સાથે ભેદભાવ થયાનું લાગે તો ફરિયાદ નોંધાવી શકશે.આ સેલ ફરિયાદના આધારે સુનાવણી કરશે ને પછી સંસ્થાને ભલામણો કરશે. સંસ્થાએ સમિતિની ભલામણો માનવી અને તાત્કાલિક પગલાં લેવાં ફરજિયાત છે. જે સંસ્થા ભલામણો નહીં માને તેની માન્યતા રદ કરી દેવાશે અથવા ગ્રાન્ટ રોકી દેવાશે. આ ઉપરાંત હેલ્પલાઈન અને ઈક્વિટી સમિતિઓ બનાવવી પડશે તથા યુજીસીને નિયમિત રિપોર્ટ મોકવલો પડશે. માર્ગદર્શિકાનું કડક પાલન કરવાની કાનૂની જવાબદારી સંસ્થાના વડાની રહેશે.મજાની વાત પાછી એ છે કે, ઈક્વિટી સેલમાં ઓબીસી, વિકલાંગ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને મહિલાઓનું પ્રતિનિધિત્વ રાખવું ફરજિયાત છે પણ સવર્ણ કે ધાર્મિક લઘુમતીનાં લોકો નહીં હોય. મતલબ કે, ઘરના ભૂવા ને ઘરનાં ડાકલાંપપહેલી નજરે આ નિયમો સાદા લાગે પણ આ નિયમો ખતરનાક છે કેમ કે આ નિયમો હેઠળ ફરિયાદી વિદ્યાર્થી, ટીચિંગ સ્ટાફ, નોન ટીચિંગ સ્ટાફ કે સંસ્થા સાથે સંકળાયેલી કોઈ પણ વ્યક્તિ સામે ફરિયાદ કરી શકે છે. આ ફરિયાદ માટે કોઈ પુરાવા આપવાની જરૂર નથી ને ઈક્વોલ ઓપર્ચ્યુનિટી સેલને દમ લાગે તો જેની સામે ફરિયાદ થઈ છે તેની સામે એસસી-એસટી એટ્રોસિટી એક્ટ સહિતની કલમો હેઠળ કેસ પણ નોંધાઈ શકે છે. આ કલમો હેઠળ કેસ થાય એટલે બિનજામીનપાત્ર વોરંટ નિકળે તેથી આરોપીએ સીધા જેલભેગા થવું પડે.સૌથી ખતરનાક વાત પાછી એ છે કે, કોઈએ નોંધાવેલી ફરિયાદ ખોટી સાબિત થાય તો પણ તેને કોઈ સજા ના થાય કે કોઈ પગલાં ના લેવાય. મતલબ કે, દલિત, આદિવાસી કે ઓબીસી સમુદાય સિવાયના વિદ્યાર્થીઓ સાથે કોઈ ખોટી ફરિયાદ કરી દે તો પણ તેમનો કોઈ વાળ વાંકો ના કરી શકે. આવા બતવાસ નિયમોથી ભેદભાવ કે અસમાનતા કઈ રીતે દૂર થશે તેની નિયમો બનાવનારને જ ખબર!જે લોકો ભાજપભક્તિમાં લીન છે એ લોકોની તો વિચારશક્તિ કુંઠિત થઈ ગઈ છે તેથી તેમની પાસેથી કોઈ અપેક્ષા ના રખાય પણ જે લોકો કોઈ પણ પ્રકારની ભક્તિ કે પૂર્વગ્રહ વિના વિચારી શકે છે તેમણે વિચારવું જોઈએ કે, સરકારની તાબેદાર સંસ્થાઓ આવા વિભાજન કરે એવા નિયમો લાવવાની શું જરૂર પડી? કેમ કે ભાજપને એસસી, એસટી અને ઓબીસીના મતો જોઈએ છે. ભાજપ સવર્ણોના મતે ધિંગો થયો પણ સવર્ણોની અપેક્ષા પ્રમાણે વર્ત્યો નથી તેથી તેમનામાં નારાજગી છે એટલે ભાજપ સવર્ણોને કોરાણે મૂકીને બીજી જ્ઞાતિઓને પંપાળી રહ્યો છે.નરેન્દ્ર મોદી સરકારે આ જ ઉદ્દેશથી પહેલાં મેડિકલ પોસ્ટ ગ્રેજ્યુએશનમાં ઓબીસીને અનામત આપવા સહિતનાં પગલાં લીધાં છે ને એ દિશામાં આ વધુ એક પગલું છે. સવર્ણો મત ના આપે તો તેલ લેવા જાય, આપણે દલિત, આદિવાસી ને ઓબીસી મતોની તાકાતથી સત્તામાં ટકી રહીશું એવી હલકી માનસિકતા આ નિયમો પાછળ છે.ભાજપ દલિત, આદિવાસી કે ઓબીસી સમાજનું ભલું કરવા માટે હકારાત્મક પગલાં લેતો હોત તો પણ વાંધો નહોતો પણ આ નિયમોને કોઈ રીતે હકારાત્મક કહી શકાય તેમ નથી. બલકે એક જ્ઞાતિને બીજી જ્ઞાતિ સામે મૂકવાનું ગંદુ રાજકારણ છે. કૉંગ્રેસે વરસો લગી જે કર્યું એ જ ગંદો ધંધો હવે ભાજપ કરી રહ્યો છે.આઘાત એ જોઈને લાગે કે, ભાજપના મંત્રીઓ લોકોને ઉઠાં ભણાવવા માટે સાવ જૂઠાણાં ચલાવે છે. યુજીસીના નિયમો સામે હોહા થઈ પછી કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન નરાતર જૂઠ બોલ્યા કે, યુજીસીનો આ નિયમ એસસી, એસટી, ઓબીસી તેમજ સવર્ણો માટે પણ સમાન રીતે લાગુ થશે. બોલો, નિયમમાં સ્પષ્ટ લખ્યું છે કે, એસસી, એસટી અને ઓબીસી સમુદાયની ચિંતાઓને દૂર કરવા ઈક્વોલ ઓપર્ચ્યુનિટી સેલ બનાવવાનો છે ને તેમાં ક્યાંય સવર્ણોનો ઉલ્લેખ જ નથી છતાં પ્રધાન લોકોને બેવકૂફ બનાવે છે.

**આપણી વસતી વરસે ૧૦ ટકાના દરે વધે છે ને જીડીપી સાત ટકાના દરે વધે તો ખુશ થવા જેવું શું?**

# અર્થતંત્ર જબરદસ્ત છે તો રૂપિયો કેમ સતત તૂટે છે?

- **રસપ્રદ વાત એ છે કે, સરકારે પોતે ચાલુ વર્ષનો જીડીપી વિકાસ દર ૭.૪ ટકા રહેશે એવો વરતારો મૂકેલો છે અને આવતા વરસે વિકાસદર ઘટવાનો છે છતાં સરકારે આ ઘટેલા વિકાસદરને મોટી સિદ્ધિ ગણાવી છે.**

આપણાં નાણાં મંત્રી નિર્મલા સીતારમણ રવિવારે બજેટ રજૂ કરે એ પહેલાં ગુરૂવારે આર્થિક સર્વે રજૂ કર્યો અને રાબેતા મુજબ જ ૨૦૨૫-૨૬ના આર્થિક સર્વેમાં કેન્દ્ર સરકારે જાતે જ પોતાની પીઠ થાબડી દીધી. આર્થિક સર્વેમાં એ વાત પર ભાર મુકાયો છે કે, દુનિયાભરમાં અત્યારે આર્થિક સ્થિતિ ડામાડોળ છે અને મોટા મોટા દેશોના ટાંટિયા ઢીલા થઈ ગયા છે ત્યારે ભારતીય અર્થતંત્ર મજબૂત રીતે આગળ વધી રહ્યું છે. આ સર્વેમાં અંદાજ મુકાયો છે કે, ૨૦૨૬-૨૭ના નાણાકીય વર્ષમાં ભારતનો જીડીપી વિકાસદર ૬.૮ ટકા થી ૭.૨ ટકાની વચ્ચે રહેશે. રસપ્રદ વાત એ છે કે, સરકારે પોતે ચાલુ વર્ષનો જીડીપી વિકાસ દર ૭.૪ ટકા રહેશે એવો વરતારો મૂકેલો છે અને આવતા વરસે વિકાસદર ઘટવાનો છે છતાં સરકારે આ ઘટેલા વિકાસદરને મોટી સિદ્ધિ ગણાવી છે. આર્થિક સર્વેક્ષણમાં દેશના અર્થતંત્રનું એકદમ ફૂલગુલાબી ચિત્ર રજૂ કરાયું છે પણ આ ચિત્ર વાસ્તવિકતા સાથે મેળ ખાતું નથી. મોંઘવારીથી માંડીને નિકાસ સુધીના મામલે ગંભીર સ્થિતિ છે છતાં આર્થિક વિકાસના દાવા કરાયા છે. મજાની વાત એ છે કે, એક તરફ આપણું અર્થતંત્ર જબરદસ્ત મજબૂત હોવાના દાવા કરાય છે ને બીજી તરફ આપણો રૂપિયો સતત તૂટતો જ જાય છે. અત્યારે એક અમેરિકન ડૉલરનો ભાવ ૯૨ રૂપિયા છે અને જે રીતે રૂપિયો ગગડી રહ્યો છે એ જોતાં બહુ જલદી સદી કરી નાંખે તો નવાઈ નહીં. એક વર્ષ પહેલાં એક ડૉલરનો ભાવ ૮૬ ડૉલરની આસપાસ હતો એ જોતાં વરસમાં જ છ રૂપિયા વધી ગયા છે. ટકાવારીની રીતે જુઓ તો લગભગ સાત ટકા થયો. જે દેશનું અર્થતંત્ર એકદમ મજબૂત હોય તેના ચલણનું વરસમાં જ સાત ટકા ધોવાણ કઈ રીતે થાય? રૂપિયો આમ તો લાંબા સમયથી તૂટી જ રહ્યો છે પણ વરસ પહેલાં ધોવાણમાં તેજી આવી ત્યારે ભક્તજનો કહેતા કે રૂપિયો તૂટી રહ્યો નથી પણ ડૉલર મજબૂત થઈ રહ્યો છે તેથી ડૉલર સામે રૂપિયાના ભાવ વધી રહ્યા છે. આપણાં માનનીય નાણાં મંત્રી નિર્મલા સીતારામણે પણ આ વાત કરેલી. આ વાત ગધેડાને તાવ આવી જાય એવી છે કેમ કે ડૉલર મજબૂત થાય કે રૂપિયો તૂટે, પરિણામ તો સરખું જ આવે ને? છરી તડબૂચ પર પડે કે તડબૂચ છરી પર પડે, કપાય તો તડબૂચ જ ને? જો કે આ દલીલ પણ વાહિયાત જ છે કેમ કે રૂપિયા ખાલી ડૉલર સામે નહીં પણ યુકેના પાઉન્ડ અને યુરોપિયન યુનિયનના યુરો સામે પણ તૂટ્યો છે. વરસ પહેલાં એક પાઉન્ડનો ભાવ ૧૦૭ રૂપિયા હતા અને અત્યારે ૧૨૬ રૂપિયા છે. મતલબ કે, પાઉન્ડ ૧૯ રૂપિયા મોંઘો થયો છે ને ટકાવારીની રીતે જોઈએ તો ૧૫ ટકાથી વધારે તૂટ્યો છે. યુરો તો વરસ પહેલાં ૯૦ રૂપિયા પર હતો ને અત્યારે ૧૧૦ રૂપિયા પર છે એ જોતાં ૨૦ રૂપિયા વધ્યો છે. ટકાવારીની રીતે રૂપિયો ૨૦ ટકાથી વધારે તૂટ્યો કહેવાય. આંતરરાષ્ટ્રીય સ્તરે જે ચલણોમાં વધારે પ્રમાણમાં વ્યાપાર થાય છે એ ચલણો સામે રૂપિયો સાવ લબડી ગયો છતાં આર્થિક સર્વેક્ષણમાં અર્થતંત્ર મજબૂત હોવાની વધાઈ ખવાતી હોય તેનો અર્થ શો? આપણી સરકાર અને સરકારી ચમચા જીડીપીમાં જબરદસ્ત વધારો થઈ રહ્યો છે એવું ચિત્ર રજૂ કરે છે એ પણ ભ્રામક છે. દુનિયાના બીજા દેશોમાં વસતી ઘટતી જાય છે જ્યારે આપણી વસતી સતત વધતી જાય છે. આ વધતી વસતીની જરૂરીયાતોને પૂરી કરવા માટે વર્ક ફોર્સ પણ વધે છે તેથી જીડીપી ના વધે? આપણી વસતી વરસે ૧૦ ટકાના દરે વધે છે ને જીડીપી સાત ટકાના દરે વધે તો ખુશ થવા જેવું શું? ભારતમાં જીડીપીનો દર બે અલગ અલગ રીતે નક્કી કરાય છે. પહેલી પદ્ધતિમાં આર્થિક પ્રવૃત્તિઓના આંકડા ગણતરીમાં લેવાય છે જ્યારે બીજી પદ્ધતિમાં બજાર ભાવે થતો ખર્ચ ધ્યાનમાં લેવાય છે. એ પછી જાતજાતની ગણતરીઓ થાય છે ને છેવટે નોમિનલ જીડીપી નક્કી કરાય છે. આર્થિક પ્રવૃત્તિઓમાં ફેક્ટર કોસ્ટ મુખ્ય આધાર છે. આઠ અલગ અલગ ક્ષેત્રોમાં થતું કુલ ટર્નઓવર ગણતરીમાં લેવાય છે. આ ટર્નઓવર સતત વધવાનું કેમ કે મોંઘવારી વધે છે. બીજી પદ્ધતિમાં ગણતરીમાં લેવાતો ખર્ચ પણ વધવાનો કેમ કે વસતી વધી રહી છે. આ સંજોગોમાં જીડીપી વધે તેમાં બહુ હરખાવા જેવું નથી. હરખ તો ત્યારે થાય કે જ્યારે આપણી નિકાસ વધે ને આયાત ઘટે કેમ કે કોઈ પણ દેશનું અર્થતંત્ર મજબૂત છે તેની મુખ્ય નિશાની વ્યાપાર ખાધ છે. વ્યાપાર ખાધનો મતલબ છે આયાત અને નિકાસ વચ્ચેનો તફાવત. જે દેશની વ્યાપાર ખાધ ઝીરો હોય એ દેશનું અર્થતંત્ર સારું કહેવાય પણ જે દેશની નિકાસ આયાત કરતાં વધારે હોય તેનું અર્થતંત્ર જબરદસ્ત કહેવાય. ભારતની નિકાસ આયાત કરતાં વધારે નથી ને વ્યાપાર ખાધ પણ ઝીરો નથી તો આ દેશનું અર્થતંત્ર જબરદસ્ત પ્રગતિ કરી રહ્યું છે એવું કઈ રીતે કહેવાય ? આર્થિક સર્વેમાં કરાયેલા બીજા દાવાઓ પર પણ નજર નાંખવા જેવી છે. સર્વેમાં દાવો કરાયો છે કે, દેશમાં મોંઘવારી ઘટી છે. આ વાત માન્યામાં આવતી નથી પણ સરકારી આંકડા કહે છે કે, એપ્રિલ અને ડિસેમ્બર ૨૦૨૫ દરમિયાન છૂટક ફુગાવો સરેરાશ ૧.૭ ટકા થઈ ગયો છે. શાકભાજી અને કઠોળના ભાવમાં ઘટાડાના કારણે હાલમાં અત્યાર સુધીનો સૌથી નીચો મોંઘવારી દર છે એવું સરકાર કહેશે. સરકારે તો એવો દાવો પણ કર્યો છે કે, વિશ્વના અન્ય મોટા દેશોની સરખામણીમાં ભારતે મોંઘવારીને નિયંત્રિત કરવામાં શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું છે અને તેના કારણે સામાન્ય લોકોના ખિસ્સા પરનો બોજ ઓછો થયો છે. આ વાત સાથે સહમત થનાર કાં મૂરખ હોય કાં અંધભક્ત હોય. બીજા પણ આવા ઘણા દાવા કરાયા છે અને તેમાંથી મોટા ભાગના ગળે ઊતરે એવા જ નથી. સરકાર દાવા કરે છે એમ દેશનું અર્થતંત્ર જબરદસ્ત છે જ નહીં પણ બધું ઢંકાયેલું રહે છે કેમ કે મૂળે આ દેશની પ્રજા સહનશીલ છે. આપણે ત્યાં તકલીફો સહન કરવાનો મહિમા એટલો કરાયો કે, પ્રજાને એવું લાગે છે કે, સહન કરવામાં જ જીવન સાર્થક છે. આ કારણે લોકો ખેંચતાણ કરીને પણ ચલાવ્યા કરે છે. બીજું એ કે, ભારત આજે પણ ગામડાંમાં વસે છે અને ગ્રામીણ ભારતનું પોતાનું આગવું આર્થિક મોડલ છે. આ મોડલમાં જરૂરીયાતો પણ ઓછી છે અને સ્થાનિક સ્તરે મોટા ભાગની ચીજો મળી રહે છે તેથી લોકો બહુ મહત્ત્વાકાંક્ષી બન્યા વિના શાંતિથી જીવ્યા કરે છે.

**નાનકડાં સ્વાદિષ્ટ ફળો, ચીલગોઝા આ વૃક્ષો ઉપરનાં કોનમાં ખીચોખીચ ભરેલાં હોય છે.**

# હિમાલયમાં પાઈન વૃક્ષોનો વૈભવ

- પત્તાં સોય કે સળી જેવાં અને ૨૦થી ૩૫ સે.મીટર લાંબા હોય છે. રંગ પીળાશ પડતો લીલો હોય છે. ત્રણ ત્રણના સમૂહમાં હોય છે. 'કોન' લંબગોળ કે ઈંડા આકારનો હોય છે.

કાલ્પાની આજુબાજુ હિમાલયનાં તરેહ તરેહનાં વૃક્ષો જોવા મળે છે. ઘણાં શંકુ આકારના (કોન્ત્રીટર) છે તે સિવાય અહીંના કીન્તોરી સફરજન મશહુર છે. રસ્તામાં ચાલતાં ચાલતાં - બાજુની વાડીઓમાંથી લચી પડતાં સફરજન તોડીને ખાવાનો સ્વાદ અનેરો છે. કાલ્પામાં ચીલગોઝા પાઈન, ચીર પાઈન, બ્લ્યુ પાઈન, દેવદાર, અખરોટ, જરદાળુ, ઓક, જુનિપર વગેરેનાં વૃક્ષો જોવા મળે છે. આપણે આ વૃક્ષો વિષે કંઈક વધુ જાણીયે.

**ચીલગોઝા પાઈન**

નાનકડાં સ્વાદિષ્ટ ફળો, ચીલગોઝા આ વૃક્ષો ઉપરનાં કોનમાં ખીચોખીચ ભરેલાં હોય છે. મુંબઈમાં ચીલગોઝા લગભગ ૨૦૦૦-૨૫૦૦ રૂપિયામાં કિલો મળે છે. પાતળું કડક આવરણ ફોલીને ગરવાળાં સફેદ કેસરી ફળો ખાવાનાં હોય છે. ચીલગોઝા પાઈનનું શાસ્ત્રીયનામ ઙશક્ષીત ૠયફિમિશફક્ષફ છે. પેટ્રીક જીરાર્ડ નામનો અંગ્રેજ હિંદુસ્તાનમા લશ્કરમાં હતો તેનું નામ અહીં જોડવામાં આવ્યું છે, અફઘાનિસ્તાનનાં પૂર્વભાગમાં, ઉત્તરીય પાકિસ્તાન અને ઉત્તર-પૂર્વ હિમાલયમાં આ વૃક્ષો જોવામાં આવે છે. ઓછી જમીનમાં ઊગે છે અને ભૂસ્ખલન રોકે છે. સતલજ-બિયાસ વગેરે નદીઓનાં ખીણ પ્રદેશમાં ઊગે છે. જ્યાં આ વૃક્ષો ઊગે છે ત્યાં આજુબાજુ બ્લ્યુ પાઈન, દેવદાર વગેરે વૃક્ષો પણ જોવા મળે છે. આ વૃક્ષો ૧૦ થી ૨૦ મીટર ઊંચા હોય છે. આજુબાજુ ઊભી સીધી શાખાઓ હોય છે, છાલની ઊભી લીરીઓ જુદી પડતી હોય છે તેમાંથી ટોપલીઓ બનાવવામાં આવે છે. પત્તાં લાંબી સોય જેવા પાતળાં અને ત્રણ-ત્રણનાં સમૂહમાં જાણે કે જોડાયેલાં હોય છે. ૬ થી ૧૦ સે.મીટર લાંબા હોય છે. ફળ કે 'કોન' લંબગોળ ગોળા જેવું હોય છે. ૧૦-૧૬ સે.મીટર લાંબું અને ૯ થી ૧૧ સે.મીટર પહોળાઈમાં હોય છે. તેમાં મધપૂડાની જેમ ચીલગોઝા ઠસોઠસ ભરેલા હોય છે. દરેક ફળમાં લગભગ ૫૦ ચીલગોઝા ગોઠવેલા હોય છે. ચીલગોઝા કે પાઈન નટ ૧૭-૨૩ મિલિમીટર લાંબા અને ૫-૭ મિ.મી. પહોળા હોય છે. ઉપર કથ્થાઈ રંગની પાતળી કડક છાલ હોય છે. ચીલગોઝા ખાવામાં સ્વાદિષ્ટ હોય છે. પઠાણો અને પહાડીઓ માને છે કે તેનાથી વીર્ય વૃદ્ધિ થાય છે, પ્રજનન અવયવ પુષ્ટ બને છે. આ વૃક્ષો બળતણમાં પણ વપરાય છે. થડમાંથી ટરપેન્ટાઈન કાઢવામાં આવે છે. કીન્તોર જિલ્લામાં ગ્રામ્યવાસીઓને ચીલગોઝામાંથી આમદની પણ થાય છે.



**હિમાલયમાં પાઈન વૃક્ષોનો વૈભવ**

**ચીર પાઈન**

આ વૃક્ષનું શાસ્ત્રીય નામ ઙશક્ષીત છજ્ઞદ્ઢબીલિવશશ છે. ૩૦થી ૬૦ મીટર (૯૬' થી ૧૬૪') ઊંચાઈનાં વૃક્ષો ચીરહરિત અને શંકુ આકારનાં હોય છે. પત્તાં સોય કે સળી જેવાં અને ૨૦થી ૩૫ સે.મીટર લાંબા હોય છે. રંગ પીળાશ પડતો લીલો હોય છે. ત્રણ ત્રણના સમૂહમાં હોય છે. 'કોન' લંબગોળ કે ઈંડા આકારનો હોય છે. ૧૨થી ૨૪ સે.મીટર લાંબો અને ૫-૮ સે.મીટર પહોળો હોય છે. શરૂઆતમાં લીલું ફળ પરિપક્વ થઈને છીંકણિયા રંગનું બને છે. આ વૃક્ષ ઉત્તારીય પાકિસ્તાન (સરહદ પ્રાંત), આઝાદ કાશ્મીર, મરી અને ઈસ્લામાબાદની આજુબાજુ જમ્મુ અને કાશ્મીર, પંજાબ, ઉત્તરાખંડ, સિક્કીમ, હિમાચલ પ્રદેશમાં થાય છે. વૃક્ષ નીચે સૂકાયેલી સળીઓ પડવાથી જાજમ ફેલાઈ જાય છે. તેમાં રહોડોડેન્ડ્રોન સિવાય બીજા વૃક્ષો ઊગતાં નથી. ગંગોત્રીનાં કિનારે ગૌમુખ જતાં એક જગ્યાનું નામ ચીરબાસા પડ્યું છે. અહીં ચારેબાજુ ચીરપાઈનનાં વૃક્ષો છે.

**બ્લ્યુ પાઈન**

આ વૃક્ષ હિમાલયમાં ઠેકઠેકાણે જોવામાં આવે છે. ભુતાન તો લગભગ બ્લ્યુ પાઈનથી સભર છે. આ વૃક્ષ હિમાલયન પાઈન અને ભુતાન પાઈન તરીકે પણ જાણીતું છે. અફઘાનિસ્તાન, પાકિસ્તાનનો ઉત્તરનો ભાગ, ભારત, યુનાન અને તિબેટમાં ઊગે છે. ૧૮૦૦થી ૪૩૦૦ મીટરની ઊંચાઈ સુધીમાં જોવામાં આવે છે. શંકુ આકારનું વૃક્ષ છે. પાંદડા સળી જેવાં ૧૨થી ૧૮ સે.મીટર લાંબા હોય છે. પાંચ-પાંચ પત્તાની થોકડી હોય છે. આકાર અને સળીઓ જેવાં પત્તાંને લઈને જ્યારે બરફવર્ષા થાય છે ત્યારે બરફ નીચે સરી પડે છે. લાકડું મજબૂત હોવાથી બાંધકામમાં વપરાય છે, બળતણમાં પણ વપરાય છે. થડમાંથી કાણું પાડી ટર્પેન્ટાઈન મેળવવામાં આવે છે. 'કોન' કે ફળ લાંબા ભૂંગળા જેવા હોય છે. ૧૬થી ૩૨ સે.મી. લાંબા હોય છે.

# મર્દાની ૩ની રિલીઝ માટે યશરાજની કડક

# સ્ટ્રેટેજી, દિવસના વધુમાં વધુ ૬ શોનો નિયમ

## મર્દાની ૩ માટે ફિલ્મના શોની ટિકિટ પણ સામાન્ય કિંમતે જ રખાશે



રાની મુખર્જીની મર્દાની ૩ ૩૦ જાન્યુઆરી, શુક્રવારે રિલીઝ થઈ રહી છે, આ ફ્રેન્ચાઈઝીની લોકપ્રિયતા અને રાનીની લોકપ્રિયતાને કારણે ફિલ્મ અંગે ઉત્સુકતા છે. ત્યારે ફિલ્મના પ્રોડ્યુસર યશરાજ ફિલ્મ્સ અને ડિસ્ટ્રિબ્યુટર્સે નિર્ણય લીધો છે કે તેઓ આ ફિલ્મના શોને મર્યાદીત રાખશે. થિએટર મર્દાનીના શોથી ઉભરાશે નહી.

આ અંગે સુત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, ''યશરાજની ડિસ્ટ્રિબ્યુશન ટીમ દ્વારા મળેલી યાદી મુજબ દરેક સિનેમાને મર્દાની ૩ સૈયારાની જેમ જ સામાન્ય ટિકિટના દર સાથે જ ચલાવવા કહેવાયું છે. સાથે એ પણ સ્પષ્ટતા કરવામાં આવી છે કે, જો ૩ સ્ક્રીનનું થિએટર હોય તો ચાર જ શો હોવા જોઈએ અને એ પણ સવારે ૧૦થી પહેલા નહી. ચાર સ્ક્રીનના થિએટરમાં ૫ શો અને ૫ સ્ક્રીનના થિએટરમાં ૬થી વધુ શો ન હોવા જોઈએ. જ્યારે માત્ર બે સ્ક્રીનના થિએટરમાં માત્ર બે જ શો હોવા જોઈએ અને એ પણ બપોરે ૩ વાગ્યા પછી. આમ રીતે સિનેમા વહેલી સવારે કે બપોરે વધારે શો રાખી શકશે નહી. સાથે જ કોઈ પણ સિનેમા કોઈ પણ સ્થિતિમાં ૬થી વધુ શો રાખી શકશે નહી.''

સુત્રએ આગળ એમ પણ જણાવ્યું, ''સિંગલ સ્ક્રીન સિનેમા માટે યશરાજ વિસ્તાર અને માગને ધ્યનમાં રાખીને નિર્ણય લેશે. તેમાં કેટલાંક સિનેમાને બે કે તેથી વધુ શો રાખવા માટે પણ આગ્રહ થઈ શકે છે.''

જોકે, આ અંગે કેટલાંક ટ્રેડ એક્સપર્ટ્સ કહે છે કે મર્દાની ૩ માટે ભલે ઓછો શોનું દબાણ હોય, તેમ છતાં તેમણે સાંજના શોની માગણી કરી હોવાથી બોર્ડર ૨ અને મર્દાની ૩ વચ્ચે શોની વહેંચણીમાં નાના સિનેમાને તકલીફ થઈ શકે છે. કારણ કે બોર્ડર ૨ છેલ્લા અઠવાડિયાથી સારું પ્રદર્શન કરી રહી છે. આ ઉપરાંત મહારાષ્ટ્રના ડેપ્યુટી સીએમ અજીત પવારના નિધન બાદ ઘણી મરાઠી ફિલ્મોની રિલીઝ પાછી ઠેલાઈ છે, તેથી પણ મહારાષ્ટ્રમાં મર્દાની ૩ માટે ઘણા શો મળી ગયા છે. સાથે જ ફિલ્મની રિલીઝ પહેલાં મદ્રાસ હાઈ કોર્ટે એક ફિલ્મના કોપી રકાઈટ્સની સુરક્ષા માટે એન્ટી પાઈરસી ઈન્જન્કશનને મંજુરી આપી છે. યશ રાજ ફિલ્મ્સે રિલીઝ પહેલાં પાઈરસી વિરુદ્ધ અરજી દાખલ કરી હતી.

બોલિવૂડમાં ૩૦ વર્ષ પૂર્ણ થતાં રાની મુખજીએ પોતાના સૌથી યાદગાર પાત્રોને યાદ કર્યા

રાની મુખર્જી એક એવી એક્ટ્રેસ છે, જેણે હંમેશા મજબુત સ્ત્રીના અને વિચારપ્રેરક પાત્રો કરવાનો આગ્રહ રાખ્યો છે. હવે તણે ઈન્ડસ્ટ્રીમાં ૩૦ વર્ષ પૂરાં કર્યાં છે અને તેની કોપ ફ્રેન્ચાઈઝીની ફિલ્મ મર્દાની ૩ રિલીઝ થઈ રહી છે, ત્યારે તે ચર્ચામાં છે.

તાજેતરના કેટલાંક ઈન્ટરવ્યુમાં તે પોતાની ૩૦ વર્ષની સફર અને તેની પાત્રોની પસંદગી વિશે વાત કરતી જોવા મળી રહી છે. તાજેતરના એક ઈન્ટરવ્યુમાં તેણે પોતાના મનગમતા રોલ વિશે વાત કરી હતી. મિસિસ ચેટર્જી વર્સીસ નોર્વે (૨૦૨૩) માટે નેશનલ એવોર્ડ જીતવા છતાં તેના માટે પોતાનો મનપસંદ રોલ પસંદ કરવો મુશ્કેલ છે. તેણે જણાવ્યું, ''મને નથી લાગતું કે હું કોઈ એક પાત્ર પસંદ કરું, કારણ કે મારા જીવનમાં મેં ઘણા એવાં પાત્રો ભજવ્યા છે, જે મારા માટે ખૂબ ખાસ છે. બ્લૅકમાં મિશેલ મેકનેલીનું પાત્ર મારા

જીવનમાં એક અલગ જ પ્રકારનું વિશેષ સ્થાન ધરાવે છે, કારણ કે એ પાત્રથી મેં જીવન વિશે ઘણું શીખ્યું. કુછ કુછ હોતા હૈની ટીનાના કારણે આજે પણ જ્યારે આજની પેઢીના લોકો મને જુએ છે, ત્યારે બહુ સારું લાગે છે.''

૨૦૦૦ના દાયકાની પોતાની ભૂમિકાઓ વિશે વાત કરતાં રાનીએ કહ્યું, ''સાથિયામાં સુહાની શર્માનું પાત્ર પણ ખૂબ જ મજબૂત હતું. તો હમતુમની રિયા પ્રકાશ પણ એક અલગ પ્રકારની શક્તિ બતાવે છે, કારણ કે તે આજની પેઢીની એવી ભારતીય સ્ત્રી છે, જે ખુલ્લેઆમ કહી શકે છે કે લગ્ન માત્ર ત્યારે જ કરવા જોઈએ જ્યારે આપણે પોતે ઈચ્છીએ, કોઈ અન્ય કારણસર નહી.''તેણે આગળ કહ્યું, ''કભી અલવિદા ના કહેનામાં માયાનું પાત્ર સમાજના નિયમો સામે જઈને પોતાના દિલની અંદર ઝાંખવા માંગે છે કે સાચે તેને શું ખુશ કરે છે. તો હિચકીની નૈના માથુર છે, જેને ટુરેટ્સ સિન્ડ્રોમ છે અને તે પોતાના સપનાઓ પૂરાં કરવા માટે પોતાની જ મુશ્કેલીઓ સામે લડે છે. સૌ તેને કહે છે કે તે શિક્ષિકા બની શકશે નહીં, કારણ કે શિક્ષકને સ્પષ્ટ રીતે વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરવી પડે છે, પરંતુ તે આ પડકાર પર જીત મેળવે છે.'' નવા સમયની ફિલ્મો વિશે વાત કરતાં રાનીએ કહ્યું, ''મિસિસ ચોટર્જી વર્સીસ નોર્વેમાં વેદિકાનું પાત્ર એક એવી માતાની કહાની છે, જે પોતાના બાળકોને પાછા લાવવા માટે આખા દેશ સામે લડે છે અને મર્દાનીની શિવાની શિવાજી રોય નૈતિક મૂલ્યો બાબતે ખૂબ સ્પષ્ટ છે અને પીડિતો ન્યાય સુધી પહોંચાડવા માટે કોઈ પણ હદ સુધી જઈ શકે છે. આ બધા પાત્રો મારા જીવનમાં અત્યંત મહત્વનાં રહ્યાં છે અને દરેકનું મારા દિલમાં વિશેષ સ્થાન છે.''

રાનીએ પોતાના મસ્ત અને મોજીલાં પાત્રોને યાદ કરતાં હસતાં કહ્યું, ''બંટી ઔર બબલીની વિમ્મી સલુજા પરથી જ 'ડેલુલુ' શબ્દ આવ્યો હોય એવું લાગે. તે એવી છોકરી હતી, જે પોતાનામાં જ ખુબ ખુશ હતી અને ઐય્યાની મીનાક્ષી પણ એક અલગ પ્રકારની 'ડેલુલુ' છે, પણ કેટલી સુંદર અને પ્રેમાળ 'ડેલુલુ', જેની પાસે પોતાનું 'સોલુલુ' પણ છે.'' ૩૦ જાન્યુઆરીએ મર્દાની ૩ રિલીઝ થવાની છે, જેમાં રાની ફરી એકવાર જટિલ, દ્દઢ અને વાસ્તવિક પાત્રમાં જોવા મળે છે.



## પ્રભાસ ફેબ્રુઆરીથી કલકી ૨૮૯૮ એડીના બીજા ભાગનું શૂટિંગ શરૂ કરવાનો હોવાની ચર્ચા

સુપરસ્ટાર પ્રભાસના ખાતામાં હાલ અનેક મોટા પ્રોજેક્ટ્સ છે. ગયા વર્ષે નવેમ્બરમાં તેણે સંદીપ રેડ્ડી વાંગાની ફિલ્મ સ્પિરિટનું શૂટિંગ શરૂ કર્યું હતું. હવે નવા અહેવાલો અનુસાર, પ્રભાસ ટૂંક સમયમાં કલકી ૨૮૯૮ એડીની સિક્વલ પર કામ શરૂ કરવા માટે સેટ પર પહોંચશે.

સ્પિરિટ અને કલકી ૨૮૯૮ એડી ૨ પ્રભાસના સૌથી મહત્વના પ્રોજેક્ટ્સમાં સામેલ છે. એક તરફ તે વાંગાની સ્પિરિટ પર કામ કરી રહ્યો છે, ત્યાં અહેવાલો મુજબ હવે તે ૨ ફેબ્રુઆરીથી કલકી ૨૮૯૮ એડી પાર્ટ -૨નું શૂટિંગ શરૂ કરશે. એક્સ પર એક અકાઉન્ટમાં લખાયું હતું કે, રેબેલ સ્ટાર પ્રભાસ ફરી સક્રિય થઈ ગયો છે, ૨ ફેબ્રુઆરીથી કલકી ૨નું શૂટ શરૂ થશે. ૧૫ ફેબ્રુઆરીથી સ્પિરિટનું કામ શરૂ થશે.

આમ પ્રભાસે ૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૬થી ફરી સ્પિરિટ પર કામ શરૂ કરવા માટે તારીખો પણ ફાઈનલ કરી છે. અગાઉ એવા અહેવાલ હતા કે પ્રભાસ માત્ર ૯૫ દિવસમાં સ્પિરિટનું સંપૂર્ણ શૂટિંગ પૂરુ કરી દેશે એવી શક્યતા છે. આ અહેવાલો મુજબ વાંગાએ ફિલ્મને આ સમયમર્યાદામાં પૂરી કરવા માટે શૂટિંગ શેડ્યૂલ બહુ જ કાળજીપૂર્વક રીતે ગોઠવ્યું છે. જોકે આ અંગે હજુ સુધી કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. સ્પિરિટ એક્શન ફિલ્મ માટે પ્રભાસ અને સંદીપ રેડ્ડી વાંગા પહેલી વાર સાથે કામ કરી રહ્યા છે. આ ફિલ્મને એક ઈન્ટેન્સ કૉપ ડ્રામા ગણાવવામાં આવી રહી છે. ફિલ્મમાં પ્રભાસ સાથે તૃપ્તિ ડિમરી, વિવેક ઓબેરોય અને પ્રકાશ રાજ પણ મહત્વની ભૂમિકામાં છે.



## ઉત્તરાર્ધ મહોત્સવમાં શહેરનાં નૃત્યાંગના બીના મહેતાની 'કૃષ્ણમયી' પ્રસ્તુતિ

મોઢેરા સુર્ય મંદિર ખાતે ગુજરાત સરકાર દ્વારા દર વર્ષે ઉત્તરાયણના તહેવાર બાદ ઉત્તરાર્ધ મહોત્સવનું આયોજન કરવામાં આવે છે. જેમાં દેશભરના વિશ્વ વિખ્યાત શાસ્ત્રીય નૃત્યના કલાકારો દ્વારા વિવિધ પ્રસ્તુતિઓ કરવામાં આવે છે. જેમાં આ વર્ષે શહેરનાં શાસ્ત્રીય નૃત્યાંગના બીના મહેતા અને તેમની ટીમ દ્વારા 'કૃષ્ણમયી' શાસ્ત્રીય નૃત્યની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. તેમનો આ ખાસ પ્રસ્તુતિનો આ ૫૨મો શો હતો. બીના મહેતાએ જણાવ્યું કે ૨૦૦૧માં મેં મારા ગુરુ સાથે આ મંચ પરથી પ્રસ્તુતિ આપેલી. ત્યાર બાદ ૨૦૧૩માં મને ગૌરવ પુરસ્કાર મળ્યો ત્યારે પણ મેં પર્ફોમ કરેલું. ઉત્તરાર્ધ મહોત્સવમાં ગુજરાત રાજ્યના મંત્રી ઋષિકેશ પટેલ સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.

## કિંગ'માં એક એક્શન સીન માટે ૫૦ કરોડનો ખર્ચ થયો

સિદ્ધાર્થ આનંદ હિન્દી સિનેમાના સૌથી મોટા એક્શન ડિરેક્ટર્સમાંના એક છે. 'પઠાન', 'બેંગ બેંગ', 'વૉર' અને 'ફાઈટર' જેવી મેગા હિટ ફિલ્મો માટે જાણીતા સિદ્ધાર્થ આનંદ હાલ શાહરુખ સાથે 'કિંગ'ના શૂટિંગમાં વ્યસ્ત છે, જે ક્રિસમસ ૨૦૨૬ પર રિલીઝ થવાની છે. આ ફિલ્મમાં શાહરુખ ખાન અને સુહાના ખાન મુખ્ય ભૂમિકામાં છે, જ્યારે દીપિકા પાદુકોણ, અભિષેક બચ્ચન અને રાની મુખર્જી સહિતના કલાકારો પણ મહત્વનાં રોલમાં હશે.



એવા અહેવાલો છે કે, સિદ્ધાર્થ આનંદ દર્શકો માટે આ ફિલ્મ એક ભવ્ય વિઝ્યુઅલ એક્સપિરીયન્સ બનાવવા કોઈ ખામી રાખવા માગતા નથી. સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, સિદ્ધાર્થ આનંદે યુરોપના લોકેશન્સ પર એક ભવ્ય એક્શન સિક્વન્સ શૂટ કરી છે, જેના માટે પ્રોડક્શન ટીમે ૫૦ કરોડ જેવી મોટી રકમ ખર્ચી છે. એક સૂત્રે જણાવ્યું, '''કિંગ' ભારતીય સિનેમાની સૌથી મોંઘી એક્શન ફિલ્મોમાંની એક છે અને તે દર્શકોને વર્ષો સુધી યાદ રહે એવો થિયેટ્રિકલ અનુભવ આપવા માટે કોઈ કમી રાખવા માગતા નથી. ફિલ્મના મુખ્ય એક્શન સીનમાંથી એક યુરોપમાં શૂટ કરવામાં આવ્યો છે અને ટીમે ૧૦ દિવસના એક્શનથી ભરપૂર શેડ્યૂલ માટે ૫૦ કરોડની રકમ ખર્ચી છે. આ એક્શન સિક્વન્સના શૂટ માટે દરરોજ ૫ કરોડનો ખર્ચ થયો છે.''

આ સિક્વન્સ યુરોપમાં શાહરુખ ખાન, અભિષેક બચ્ચન સાથે હાઈ-ઓક્ટેન સ્ટન્ટ્સ કરવા માટે ખાસ રાખવામાં આવેલી આખી ટીમની હાજરીમાં ફિલ્માવવામાં આવ્યો હતો.

સૂત્રે આગળ જણાવ્યું, ''શાહરુખ ખાન આખા એક્શન સિક્વન્સ પર વ્યક્તિગત રીતે નજર રાખે છે, કારણ કે તેને મોટા પડદા માટે કંઈક વિશાળ અને ભવ્ય બનાવવાનો વિચાર ખૂબ ગમ્યો છે. યુરોપના લોકેશન્સ પર આ આખા સિક્વન્સની પ્લાનિંગમાં તેણે સિદ્ધાર્થ આનંદને મદદ કરી અને તેનું એક્ઝિક્યુશન પણ યોગ્ય રીતે કરવામાં આવ્યું છે.'' 'કિંગ'નું શૂટિંગ જૂન ૨૦૨૬ સુધીમાં પૂર્ણ થવાનું છે અને નિર્માતાઓ ફિલ્મને ક્રિસમસ પર રિલીઝ કરવાની તૈયારીમાં છે. માર્કેટિંગ ખર્ચ સિવાય 'કિંગ'નું અંદાજિત પ્રોડક્શન બજેટ ૩૫૦ કરોડની આસપાસ હોવાનું માનવામાં આવે છે.




## આમિરે દાદા સાહેબ ફિલ્મના વિલંબનું કારણ જણાવ્યું

સમયાંતરે આમિર ખાન અને રાજકુમાર હિરાનીની દાદા સાહેબ ફાળકેની બાયોપિક પર કામ શરૂ થશે કે પછી ફિલ્મ પડતી મુકાયાની ચર્ચાઓ આવ્યા કરે છે. પહેલાં એવા અહેવાલ હતા કે માર્ચ ૨૦૨૬માં આ ફિલ્મનું કામ શરુ પણ થઈ જશે. પરંતુ હવે ફિલ્મ પાછી ઠેલાઈ હોવાની ચર્ચા છે. આમિરે તેજાતરમાં મુંબઈમાં એક ઈવેન્ટમાં હાજર રહ્યો હતો. ત્યાં એક ઈન્ટરવ્યુમાં આ અંગે તેણે જણાવ્યું, ''મને દાદા સાહેબ ફાળકે માટે અપાર માન છે. રાજુએ જા પણ અભ્યાસ કર્યો છે અને તે અંગે મારી સાથે વાતો કરી છે, તેના આધારે હું દાદા સાહેબના જીવન વિશે થોડું જાણું છું. મને નથી લાગતું સ્ક્રિપ્ટ હજુ સંતોષકારક તબક્કામાં પહોંચી હોય, કારણ કે એ હજુ સ્ક્રિપ્ટ પર કામ કરી રહ્યો છે. આખરે બધું જ અંતિમ સ્ક્રિપ્ટ કેવી લખાય છે, તેના પર આધાર રાખે છે, તો હું રાજુના અંતિમ નિર્ણયની રાહ જોઉં છું. એની સાથે કામ કરવામાં ખરેખર મજા આવે છે.'' જો આ ફિલ્મ શક્ય બની તો આમિર અને રાજુ હિરાનીની આ એકબીજા સાથે ત્રીજી ફિલ્મ હશે. અગાઉ તેમણે બંનેએ પીકે અને થ્રી ઈડિયટ્સમાં સાથે કામ કર્યું છે.

# ચિત્રલેખા' સાપ્તાહિકનાં સ્થાપક અને લોકપ્રિય નવલકથાકાર વજુ કોટક (૧૯૧૫-૧૯૫૯) નો આજે જન્મદિવસ છે

**જીવનચરિત્ર કથા : ભાગ ૫૨૫**

તેમનો જન્મ ૩૦ જાન્યુઆરી ૧૯૧૫ નાં દિવસે થયો હતો. તેઓ ૧૯૩૭માં અમદાવાદમાં આવ્યા અને ૧૯૩૯થી મુંબઈમાં સ્થાયી થયા. આર્ટ્સના પ્રથમ વર્ષ સુધી જ શિક્ષણ પામેલા. શૈશવથી તેમને બંસરીવાદનનો શોખ હતો. રાજકોટના 'જય સૌરાષ્ટ્ર' નામના સામયિકમાં પ્રથમવાર કલમ ચલાવી. હિંદી ચલચિત્ર 'કસૌટી'ના સહ દિગ્દર્શક તરીકે એ ક્ષેત્રમાં પદાર્પણ કરીને 'શતરંજ' હિંદી અને 'ગોરખધંધા' ગુજરાતી ચલચિત્રોનું સ્વતંત્ર દિગ્દર્શન કર્યું. 'ખિલૌના', 'પરીસ્તાન', 'પરિવર્તન', 'ભલાઈ', 'મંગળફેરા', 'નણંદભોજાઈ', 'ગોરખધંધા' તેમજ 'લગ્નમંડપ' ચલચિત્રોની કથા-પટકથા તથા સંવાદો લખ્યાં. ૧૯૪૬માં 'ચિત્રપટ'નું તંત્રીપદ સ્વીકાર્યું. જ્યારે ચિત્રપટ છોડ્યું ત્યારે અધૂરી રહી ગયેલી નવલકથા 'જુવાન હૈયાં' 'છાયા' નામના બીજા સામયિકમાં પ્રગટ કરી અને રાતોરાત તેનું સરક્યુલેશન ખૂબ વધી ગયું ત્યારે કોટકને તેમની કલમનો ચમત્કાર કેવો છે તે સમજાતાં ૧૯૫૦માં પોતાનું સ્વતંત્ર સાપ્તાહિક 'ચિત્રલેખા' શરૂ કર્યું, જેનું સરક્યુલેશન આજે પણ નંબર વન છે. ૧૯૫૧માં 'બીજ' નામનું 'રિડર્સ ડાઈજેસ્ટ' જેવું એક પણ જાહેરખબર નહીં છાપવાના નિયમને વરેલું ગુજરાતી ડાઈજેસ્ટ અને ૧૯૫૩માં 'લાઈટ' નામનું અંગ્રેજી માસિક શરૂ કર્યું. ૧૯૫૮માં માત્ર ફિલ્મોની માહિતી સાથેનું 'જી' માસિક શરૂ કર્યું. ૧૯૪૯માં તેઓ 'ચિત્રલેખા'નાં મધુરીબહેન સાથે લગ્નગ્રંથિથી જોડાયા, જેમનું પણ અવસાન થયું. વજુ કોટકે નવ નવલકથાઓ આપી છે. એમાંની છેલ્લી અધૂરી રહી ગયેલી નવલકથા 'ડૉ. રોશનલાલ' કોટકની વિદાય બાદ 'ચિત્રલેખા'નાં તંત્રી તરીકે રહેલા શ્રી હરકિસન મહેતાએ પૂરી કરી હતી. ચિત્રલેખાના રજત જયંતીના અવસરે 'ડૉક્ટર રોશનલાલ' પરથી 'હિમઅંગારા' નાટક પણ ભજવાયું હતું અને તેમાં લાઈટ અને સાઉન્ડ દ્વારા ચાલુ ટ્રેન સ્ટેજ પર બતાવાતાં




પ્રેક્ષકોને ખૂબ આશ્ચર્ય થયેલું. તે નાટકના લગભગ ૧૦૦થી વધુ ખેલ ભજવાયા હતા. તેમની લોકપ્રિય નવલકથા 'ચૂંદડી અને ચોખા' પરથી ગુજરાતી ફિલ્મ બની હતી. નૃત્યાંગના ઈસાડોરા ડંકનની આત્મકથાનું 'રૂપરાણી' (૧૯૪૧) શીર્ષકથી ગુજરાતી રૂપાંતર તેમણે આપ્યું હતું. તેઓ વધુ લોકપ્રિય થયા તેમની 'શહેરમાં ફરતાં ફરતાં' જેવી હળવી અને 'પ્રભાતનાં પુષ્પો' નામની ગંભીર ચિંતનાત્મક નિયમિત કટારોને કારણે. તે કટારોના પણ સંગ્રહો થયા છે. 'પ્રભાતનાં પુષ્પો' આજે પણ લોકપ્રિય છે. 'શહેરમાં ફરતાં ફરતાં' લેખમાળા દૂરદર્શન પર ધારાવાહિક રૂપે ૧૩ એપિસોડમાં રજૂઆત પામી હતી અને ખૂબ જ લોકપ્રિય બની હતી. ૧૯૫૯ના નવેમ્બરની ૨૭મીએ ઑફિસમાં જ હાર્ટએટૅક આવતાં હરકિસન હૉસ્પિટલમાં બે દિવસ રહીને તા. ૨૯મીએ આ દુનિયામાંથી વિદાય લીધી. એમના મહાન વ્યક્તિત્વ અને સર્જનને બિરદાવવા મુંબઈ મહાનગરપાલિકાએ સિત્તેરના દાયકામાં ફૉર્ટ વિસ્તારમાં કારવાર સ્ટ્રીટને 'વજુ કોટક માર્ગ' નામ આપ્યું તો રાજકોટમાં સંત-કથાકાર મોરારિબાપુના વરદ હસ્તે ૯ જૂન, ૧૯૯૩ના રોજ 'વજુ કોટક માર્ગ'નું ઉદઘાટન થયું અને ૩ જાન્યુઆરી ૧૯૯૭ના 'ચિત્રલેખા ચૉક' ખુલ્લો મુકાયો. અમદાવાદમાં સેટેલાઈટ રોડ વિસ્તારમાં ૮ ઑક્ટોબર, ૧૯૯૯ના રોજ મોરારિબાપુના હસ્તે 'ચિત્રલેખા પાર્ક'નું ઉદઘાટન થયું. ભાવનગરમાં પણ તખ્તેશ્વર મંદિરના રસ્તાને ૭ સપ્ટેમ્બર, ૨૦૦૨ના રોજ 'વજુ કોટક માર્ગ' નામ આપવામાં આવ્યું છે. ૨૦ એપ્રિલ ૨૦૧૧ના રોજ ભારતીય ટપાલ વિભાગ વડે ચિત્રલેખા સામાયિક પર એક ટપાલ ટિકિટ બહાર પડી હતી, જેમાં વજુ કોટકની છબીનો સમાવેશ થતો હતો. ભાવવંદન

**સ્વામી સદાનંદ (મનોજ ઈન્દ્રવદન આચાર્ય) -**
**(શ્રી સિધ્ધ ગાયત્રી શક્તિપીઠ, રાજકોટ)**

# ભારત-ન્યુઝિલેન્ડ વચ્ચે આજે અંતિમ ટી-૨૦ મેચ

ન્યૂઝીલેન્ડ સામે સિરીઝનો આખરી જંગ : વિજય મેળવવાંનું લક્ષ્ય : સેમસંગ - સૂર્યકુમાર - અક્ષર પટેલ પર નજર

ભારત શનિવારે ન્યૂઝીલેન્ડ સામેની પાંચમી અને અંતિમ T20Iમાં જીત સાથે પોતાના અભિયાનનો અંત લાવવાનો પ્રયાસ કરશે, જે વર્લ્ડ કપ પહેલાની તેમની છેલ્લી મેચ છે. શ્રેણી ૧-૩થી જીતી ચૂકેલી ભારતીય ટીમ તેની પાછલી હારમાંથી શીખીને વાપસી કરવાનો પ્રયાસ કરશે.

બધાની નજર ઓપનર સંજુ સેમસન અને અક્ષર પટેલ પર રહેશે કે તેઓ પોતાના ઘરઆંગણાના દર્શકો સામે મોટા સ્કોર કરીને ટીમમાં પોતાનું સ્થાન જાળવી રાખવા ખૂબ મહેનત કરશે. પોતાની નીડર બેટિંગ માટે જાણીતા સંજુ અત્યાર સુધી શ્રેણીમાં અભાવ અનુભવે છે.

ફોર્મને બદલે, તેની ટેકનિકલ નબળાઈઓ ચિંતાનો વિષય છે. તેણે તેના આત્મવિશ્વાસને પણ ડગમગાવી દીધો છે. કદાચ તે



તેના સમર્થકો સામે પોતાનો ખોવાયેલો વેગ પાછો મેળવવાનો પ્રયાસ કરી રહ્યો છે.

બીસીસીઆઈ દ્વારા શેર કરાયેલા એક વીડિયોથી સ્પષ્ટ થઈ ગયું કે તે દેશના આ ભાગમાં સુપરસ્ટાર છે. કેપ્ટન સૂર્યકુમાર એરપોર્ટના એક્ઝિટ ગેટ પર મજાકમાં તેના 'ચેટ્ટા' (મોટા ભાઈ) માટે રસ્તો સાફ કરતા જોવા મળ્યા, જ્યાં સેમસન અને તેના સાથી ખેલાડીઓની એક ઝલક જોવા માટે સેંકડો ચાહકો કતારમાં ઉભા હતા. ઈજામાંથી સ્વસ્થ થયા પછી અક્ષર પણ પોતાની ફિટનેસ સાબિત કરવાનો પ્રયાસ કરશે. વિશાખાપટ્ટનમમાં ચોથી મેચ પહેલા સ્પિનરે નેટમાં બોલિંગ કરી હતી. ચોથી મેચમાં ન રમ્યા બાદ ઈશાન કિશન પણ વાપસી કરવા માટે તૈયાર હશે. ભારતીય ટીમે વિશાખાપટ્ટનમમાં પ્રયોગ કર્યો, ફક્ત પાંચ મુખ્ય બોલરોને રમ્યા. ઓલરાઉન્ડર હાર્દિક અને શિવમને બોલિંગ કરવાની મંજૂરી આપવામાં આવી ન હતી.

## વિશ્વ વિખ્યાત શ્રી પદમનાભસ્વામી મંદિરના ભારતીય ક્રિકેટરોએ દર્શન કર્યા

### પુજારી અક્ષર પટેલને મંદિરના મહત્ત્વના ગૃહ તરફ લઈ ગયા અને ભવ્ય ઈતિહાસ જણાવ્યો

ન્યૂ ઝીલેન્ડ સામે આજે રમાનારી સિરીઝની અંતિમ T-20 અને ત્યાર પછી સાતમી ફેબ્રુઆરીએ ઘરઆંગણે શરૂ થનારા ઝ-૨૦ વર્લ્ડ કપ માટે પ્રાર્થના કરવા તેમ જ મંદિરનો ભવ્ય ઈતિહાસ જાણવા કેપ્ટન સૂર્યકુમાર યાદવ સહિત છ ભારતીય ક્રિકેટરોએ શુક્રવારે તિરુવનંતપુરમમાં વિશ્વ વિખ્યાત શ્રી પદમનાભસ્વામી ટેમ્પલની મુલાકાત લીધી હતી.

'સિટી ઑફ અનંત' તરીકે જાણીતા તિરુવનંતપુરમ શહેરના સૈકાઓ જૂના ભગવાન વિષ્ણુના આ મંદિરની ગયા હતા. મંદિરના નિયમ અનુસાર તેમણે પરંપરાગત પોશાક પહેર્યો હતો અને તેઓ લગભગ ૩૦ મિનિટ સુધી મંદિરમાં હતા.

શ્રી પદમનાભસ્વામી ટેમ્પલમાં આવનારા ખેલાડીઓમાં સુકાની સૂર્યકુમાર ઉપરાંત અક્ષર પટેલ, રિન્કુ સિંહ, વણ ચક્રવર્તી, કુલદીપ યાદવ તથા રવિ બિશ્નોઈનો સમાવેશ હતો. ફીલ્ડિંગ-કોચ ટી. દિલીપ પણ ખેલાડીઓની સાથે હતા. એક તબક્કે મંદિરના એક પુજારી અક્ષર પટેલનો હાથ પકડીને તેને મંદિરના મહત્ત્વના ગૃહ તરફ લઈ ગયા હતા અને ત્યાંનો ભવ્ય ઈતિહાસ જણાવ્યો હતો. ભારત T-20માં નંબર-વન તેમ જ ડિફેન્ડિંગ ચેમ્પિયન છે અને ખેલાડીઓ સતત બીજી વાર ઝ-૨૦વિશ્વ કપની ટ્રોફી જીતવા કમર કસી રહ્યા છે. ન્યૂ ઝીલેન્ડ સામેની વર્તમાન સિરીઝમાં ભારત ૩-૧થી આગળ છે. ૨૦૨૪ના અગાઉના T-20 વર્લ્ડ કપમાં ભારત રોહિત શર્માના સુકાનમાં ચેમ્પિયન બન્યું હતું.





## મુંબઈ ઈન્ડિયન્સ સામે પહેલી જીત સાથે ગુજરાત પ્લેઓફમાં પહોંચ્યું, હરમનપ્રીત કૌરની મહેનત વ્યર્થ ગઈ



ગુજરાત જાયન્ટ્સે મુંબઈ ઈન્ડિયન્સને ૧૧ રનથી હરાવીને પ્લેઓફ માટે ક્વોલિફાય કર્યું. રસપ્રદ વાત એ છે કે, વિમેન્સ પ્રીમિયર લીગના ઈતિહાસમાં ગુજરાતનો મુંબઈ પર આ પહેલો વિજય છે. આ પહેલા મુંબઈએ સતત આઠ મેચમાં ગુજરાતને હરાવ્યું હતું.

શુક્રવારે વડોદરામાં રમાયેલી મેચમાં, ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લેતા, ગુજરાતે એશ્લે ગાર્ડનરની ૪૬ રનની ઈનિંગની મદદથી ૨૦ ઓવરમાં ચાર વિકેટે ૧૬૭ રન બનાવ્યા. જવાબમાં, મુંબઈ ઈન્ડિયન્સ નિર્ધારિત ઓવરમાં સાત વિકેટે ૧૫૬ રન બનાવી શક્યું. હરમનપ્રીત કૌરે તેમના માટે અણનમ ૮૨ રનની ઈનિંગ રમી. ગુજરાત જાયન્ટ્સે ટોસ જીતીને પહેલા બેટિંગ કરવાનો નિર્ણય લીધો. પરંતુ તેમની શરૂઆત પ્રભાવશાળી રહી ન હતી. એક સમયે, તેઓએ તેમના બંને સ્થાપિત બેટ્સમેન, અનુષ્કા શર્મા (૩૩) અને સોફી ડિવાઈન (૨૫) ને ફક્ત બે રનમાં ગુમાવી દીધા, જેના કારણે રન રેટ પર અસર પડી. અમેલિયા કેર અને શબનીમ ઈસ્માઈલની શિસ્તબદ્ધ બોલિંગથી ગુજરાત દબાણમાં આવી ગયું. આવા મહત્વપૂર્ણ સમયે, કેપ્ટન એશ્લે ગાર્ડનર અને જ્યોર્જિયા વેરહામે જવાબદારી સંભાળી. તેઓએ ૭૧ રનની મહત્વપૂર્ણ ભાગીદારી નોંધાવી, બંનેએ ઈનિંગ્સને સ્થિર અને ઝડપી બનાવી. ગાર્ડનરે આક્રમક ઈનિંગ્સ રમી, ૨૮ બોલમાં ૪૬ રન બનાવ્યા, જેમાં સાત ચોગ્ગા અને એક છગ્ગાનો સમાવેશ થાય છે,

## રવિવારે અંડર-૧૯ ભારત પાકિસ્તાન વચ્ચે મેચ

### સચિન તેંડુલકરે ભારતીય ટીમ સાથે વર્ચ્યુઅલ વાતચીત કરી



પાકિસ્તાન સામેની મહત્વપૂર્ણ સુપર સિક્સ મેચ પહેલા દિગ્ગજ ભારતીય બેટ્સમેન સચિન તેંડુલકરે અંડર-૧૯ વર્લ્ડ કપમાં ભાગ લઈ રહેલા ભારતીય ખેલાડીઓ સાથે વર્ચ્યુઅલ વાતચીત કરી હતી.

શુક્રવારે ન્યૂઝીલેન્ડને હરાવીને ઈંગ્લેન્ડે સેમિફાઈનલમાં સ્થાન મેળવ્યું હતું. આનાથી રવિવારની ભારત અને પાકિસ્તાન વચ્ચેની મેચ વધુ મહત્વપૂર્ણ બને છે. સુપર સિક્સ ગ્રુપ બીમાંથી ફક્ત એક જ ટીમ નોકઆઉટ સ્ટેજ માટે ક્વોલિફાય થશે.

"આ અનુભવ અતિ મૂલ્યવાન હતો, જે આવનારી પેઢીને સતત બદલાતી રમતમાં સફળતા અને લાંબા કારકિર્દી માટે મૂલ્યવાન આંતરદષ્ટિ અને દ્રષ્ટિકોણ પ્રદાન કરતો હતો," ભારતીય ક્રિકેટ નિયંત્રણ બોર્ડ (BCCI) એ ડ પરની એક પોસ્ટમાં વર્ચ્યુઅલ મીટના ફોટા સાથે જણાવ્યું હતું."

તે ફક્ત ટેકનિકલ કુશળતા અને ફિટ રહેવા વિશે જ નહોતું, પરંતુ તે સફળતા છતાં ધ્યાન, શિસ્ત, નમ્રતા અને સ્થિર રહેવાના મહત્વ પર પણ ભાર મૂકે છે," ભારતીય ક્રિકેટ નિયંત્રણ બોર્ડ (BCCI) એ જણાવ્યું હતું. રવિવારે વર્લ્ડ કપમાં ભારત અને પાકિસ્તાન ટકરાશે. ભારતીય અંડર-૧૯ ટીમ ટુર્નામેન્ટમાં અપરાજિત રહી છે, તેણે યુનાઈટેડ સ્ટેટ્સ, બાંગ્લાદેશ, ન્યુઝીલેન્ડ અને ઝિમ્બાબ્વેને હરાવ્યા છે. સેમિફાઈનલમાં સ્થાન મેળવવા માટે ભારતને કટ્ટર હરીફ પાકિસ્તાનને હરાવવાની જરૂર પડશે.

## ભારતીય હોકી સ્ટાર મનપ્રિત સહિત ત્રણ ખેલાડીને શિસ્તભંગ માટે પડતા મુકાયા

ડિસેમ્બરમાં ભારતીય હોકી ટીમે સાઉથ આફ્રિકાનો પ્રવાસ કર્યો ત્યારે શિસ્તભંગ કરનારા સ્ટાર ખેલાડી મનપ્રિત સિંઘ સહિત ત્રણ ખેલાડીને ભારતીય હોકી સંઘે આગામી પ્રો હોકી લીગ માટેની સંભવિતોની ટીમમાંથી શુક્રવારે પડતા મૂકી દીધા હતા. સૂત્રોએ જણાવ્યું હતું કે ત્રણ ટેસ્ટના પ્રવાસ દરમિયાન કથિત શિસ્તભંગને પગલે મનપ્રિત સિંઘ, દિલપ્રિત સિંઘ અને ગોલકીપર કૃષ્ણ બહાદુર પાઠકને આગામી FIH પ્રો લીગ સિઝન અગાઉ પહેલીથી સાતમી ફેબ્રુઆરી દરમિયાન યોજાનારા નેશનલ કેમ્પ માટેની ૩૩ સદસ્યોની સંભવિત ખેલાડીઓની યાદીમાંથી બહાર રાખવામાં આવ્યા હતા. ડિસેમ્બરમાં સાઉથ આફ્રિકાના પ્રવાસ દરમિયાન "ગંભીર શિસ્તભંગ"ના મુદ્દાઓને કારણે હોકી ઈન્ડિયાએ આગામી FIH પ્રો લીગ સીઝન માટે સંભવિત ખેલાડીઓની યાદીમાંથી અનુભવી મિડફિલ્ડર મનપ્રિત સહિત ત્રણ ખેલાડીને દૂર કરવાનો



આકરો નિર્ણય લીધો હતો. ભારતીય હોકી ટીમે બીજીથી ૧૬મી ડિસેમ્બર દરમિયાન કપરી ટેસ્ટ શ્રેણીનો સામનો કરવો પડ્યો બૃહતો જેમાં તે સાઉથ આફ્રિકા સામે બે મેચ હારી ગઈ હતી જ્યારે ત્રીજી મેચ ડ્રો રહી હતી. "સાઉથ આફ્રિકા પ્રવાસ દરમિયાન અનુશાસનહીનતાનો એક ગંભીર મામલો પ્રકાશમાં આવ્યો હતો જ્યારે એક ખેલાડી ટીમ મીટિંગમાં ગેરહાજર રહ્યો હતો. પાછળથી જાણવા મળ્યું હતું કે મનપ્રિત, દિલપ્રિત અને પાઠકે તેને પ્રતિબંધિત પદાર્થ ધરાવતું ચ્યુઈંગ ગમ આપ્યું હતું, જેને કારણે તે બેભાન થઈ ગયો હતો. " તેમ સૂત્રોએ જણાવ્યું હતું. "પ્રતિબંધિત પદાર્થ ભેળવેલા ચૂંઈગમનું સેવન કર્યા બાદ ખેલાડીને ઉબકા આવવા લાગ્યા હતા અને તે ટીમ મીટિંગ ચૂકી ગયો હતો. ત્યાર બાદ આ ઘટના કોચિંગ સ્ટાફના ધ્યાન પર લાવવામાં આવી હતી જેને પગલે એવું બહાર આવ્યું કે મનપ્રિત, દિલપ્રિત અને પાઠક દ્વારા કથિત રીતે આ પદાર્થ સપ્લાય કરવામાં આવ્યો હતો.

## ભારત-પાકિસ્તાનના ખેલાડીઓ ટી-૨૦ વર્લ્ડ કપમાં એક જ ટીમમાં રમશે

### ગુજરાતના મીનંક પટેલ ફરી કેપ્ટન : ટીમમાં ૯ ભારતીય, ૩ પાકિસ્તાની, ૧ શ્રીલંકન અને ૨ દક્ષિણ આફ્રિકન ખેલાડી



૨૦૨૬ના T20 વર્લ્ડ કપ માટે યુએસ ટીમની જાહેરાત કરવામાં આવી છે. આ ટીમનું નેતૃત્વ ગુજરાતના આણંદમાં જન્મેલા ૩૨ વર્ષીય મીનંક પટેલ કરી રહ્યા છે. જેમણે ૨૦૨૪ના T20 વર્લ્ડ કપમાં ટીમનું નેતૃત્વ કર્યું હતું. રસપ્રદ વાત એ છે કે આ યુએસ ટીમમાં ઘણા ખેલાડીઓ ભારતીય અને પાકિસ્તાની છે.

આ વખતે જાહેર કરાયેલી સંપૂર્ણ ટીમમાં ૨૦૨૪ના T20 વર્લ્ડ કપમાં રમનારા ૧૦ ખેલાડીઓનું પુનરાવર્તન પણ કરવામાં આવ્યું છે. વધુમાં શ્રીલંકા માટે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ રમી ચૂકેલા શેહાન જયસૂર્યાનો પણ ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો છે. ૩૪ વર્ષીય ખેલાડીએ શ્રીલંકા માટે ૧૨ વનડે અને ૧૮ T20 આંતરરાષ્ટ્રીય મેચ રમી છે.

મોનક પટેલ, જેસી સિંહ, મિલિંદ કુમાર, સાઈતેજા મુક્કામાલા, સંજય કૃષ્ણમૂર્તિ, હરમીત સિંહ. નોસ્તુષ કેજીગે, શેડલી વેન શલ્કવિક, સૌરભ નેત્રવલકર, અલી ખાન, મોહમ્મદ મોહસિન સામે શુભમ રંજન. ટીમમાં પાકિસ્તાની ૩ ખેલાડીઓનો પણ સમાવેશ થાય છે.

શાયન જહાંગીર, અલી ખાન અને મોહમ્મદ મોહસિન. તેઓ પાકિસ્તાનથી આવેલા ઈમિગ્રન્ટ છે અને ટીમની ઝડપી બોલિંગ અને બેટિંગમાં ફાળો આપે છે. ટીમમાં દક્ષિણ આફ્રિકન મૂળના એન્ડ્રીસ ગૌસ અને શેડલી વાન શલ્કવિકનો પણ સમાવેશ થાય છે.

આ યુએસ ટીમમાં ભારતીના ૯, પાકિસ્તાનના ૩, શ્રીલંકના ૧ અને દક્ષિણ આફ્રિકાના ૨ ખેલાડીઓનો સમાવેશ થાય છે. જોકે, ખાસ વાત એ છે કે આ ટીમમાં કોઈ અમેરિકન ખેલાડી નથી.

સેન્ચુરિયન : ક્વિન્ટન ડી કોકે પોતાની ૧૦૦મી T20 મેચમાં શાનદાર સદી ફટકારી. ડી કોકની બીજી સદીના કારણે દક્ષિણ આફ્રિકાએ બીજી ૨૦માં વેસ્ટ ઈન્ડિઝને સાત વિકેટથી હરાવીને ત્રણ મેચની શ્રેણીમાં ૨-૦ની અજેય લીડ મેળવી લીધી. પ્રથમ બેટિંગ માટે આમંત્રણ મળ્યા બાદ વેસ્ટ ઈન્ડિઝે ચાર વિકેટે ૨૨૧ રન બનાવ્યા. શિમરોન હેટમાયર (૭૭) અને બ્રાન્ડન કિંગ (૪૯) એ બીજી વિકેટ માટે ૧૨૬ રનની ભાગીદારી કરી. રૂથરફોર્ડે અણનમ ૫૭ રન બનાવ્યા. દક્ષિણ આફ્રિકાએ ડી કોકની ૧૧૫ રનની સર્વોચ્ચ ઈનિંગ્સની મદદથી ૧૭.૩ ઓવરમાં ત્રણ વિકેટે ૨૨૫ રન બનાવીને લક્ષ્ય હાંસલ કર્યું. બ્રેવિસ પાસેથી ઉધાર લીધેલા બેટથી રમનારા ડી કોકે રાયન રિકેલ્ટન (૭૭) સાથે બીજી વિકેટ માટે ૧૬૨ રન ઉમેર્યા.

## અલ્કારાઝ અને યોકોવિચનો રોમાંચક મેચ બાદ ઓસ્ટ્રેલિયન ઓપનની ફાઇનલમાં પ્રવેશ

### સેમિફાઇનલમાં સાડા પાંચ કલાકની મેરેથોન મેચ બાદ ઝ્વેરેવ સામે અલ્કારાઝ જીત્યો



૨૦૨૬ના વર્ષની સૌ પ્રથમ ગ્રાન્ડસ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ ઓસ્ટ્રેલિયન ઓપનમાં શનિવારે બે રોમાંચક મુકાબલા બાદ કાર્લોસ અલ્કારાઝ અને નોવાક યોકોવિચે ફાઈનલમાં પ્રવેશ કરી લીધો હતો. બંને સેમિફાઈનલ મેચ અપેક્ષા મુજબ જ અત્યંત રોમાંચક રહી હતી અને પાંચ પાંચ સેટ બાદ તેનું પરિણામ આવ્યું હતું. શુક્રવારે સાંજે રમાયેલી એવી જ રોમાંચક સેમિફાઈનલ સવા ચાર કલાક ચાલી હતી જેમાં ચોથા ક્રમના નોવાક યોકોવિચે શાનદાર રમત દાખવીને બીજા ક્રમના યાનિક સિન્નરને ૩-૬, ૬-૩, ૪-૬, ૬-૪, ૬-૪થી હરાવ્યો હતો. આ મેચ રોમાંચક રહી હતી જેમાં પાંચમા સેટની અંતિમ ગેમ પણ રસપ્રદ રહી હતી જેને અંતે યોકોવિચ ફાઈનલમાં પ્રવેશ્યો હતો. તે હવે ઓસ્ટ્રેલિયન ઓપનમાં પોતાના ૧૧મા ટાઈટલ અને કારકિર્દીના ૨૫મા ગ્રાન્ડસ્લેમ ટાઈટલ માટે રવિવારે કાર્લોસ અલ્કારાઝ સામે રમશે. શનિવારે સ્થાનિક સમયે સવારે રમાયેલી પ્રથમ સેમિફાઈનલમાં મોખરાના ક્રમના કાર્લોસ અલ્કારાઝ અને એલેકઝાન્ડર ઝ્વેરેવ વચ્ચે મુકાબલો હતો જે પાંચ કલાક અને ૨૭ મિનિટ ચાલ્યો હતો જેને અંતે અલ્કારાઝે ૬-૪, ૭-૬, ૬-૭, ૬-૭, ૭-૫થી મેચ જીતીને ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. આ સાથે કાર્લોસ અલ્કારાઝ ઓપન યુગમાં ચારેય ગ્રાન્ડસ્લેમ ટેનિસ ટુર્નામેન્ટની ફાઈનલમાં પ્રવેશનારો વિશ્વનો સૌથી યુવાન ખેલાડી બન્યો હતો. આ ઉપરાંત ૨૨ વર્ષની વયે અલ્કારાઝ અન્ય એક રેકોર્ડની નજીક પહોંચી ગયો છે. આવડી નાની વયે કારકિર્દીમાં ચારેય ગ્રાન્ડસ્લેમ જીતનારો તે સૌથી યુવાન ખેલાડી બની શકે છે પરંતુ તે માટે તેણે રવિવારની ફાઈનલ જીતવી જરૂરી છે અને આ વખતે તેનો હરીફ આસાન નથી. ત્રીજા સેટમાં અલ્કારાઝ જીતવાથી બે પોઈન્ટ દૂર હતો પરંતુ આ તબક્કે ઝ્વેરેવે વળતો પ્રહાર કરીને સેટ જીતી લીધો હતો. આમ ત્રણ સેટ બાદ ૨-૧થી આગળ હતો. તેણે બે પોઈન્ટ હાંસલ કરી લીધા હોત તો સળંગ ત્રણ સેટ હાંસલ કરીને તે મેચ જીતી શકે તેમ હતો પરંતુ ઝ્વેરેવે ત્રીજો સેટ હાંસલ કર્યા બાદ ચોથો સેટ પણ જીતી લીધો હતો. આમ મેચ પાંચમા સેટમાં ગઈ હતી. આ સેટ પણ ટાઈ બ્રેકરમાં ગયો હતો અને અંતે અલ્કારાઝને સફળતા મળી હતી. પાંચમા સેટમાં પહેલી ગેમ ગુમાવ્યા બાદ તે પાછળ હતો. ત્યારથી તે દસમી ગેમ સુધી ઝ્વેરેવની સર્વિસ બ્રેક કરી શક્યો ન હતો.

## T20 વર્લ્ડકપના બોયકોટ ડ્રામામાં ફસાયું પાકિસ્તાન, આઈસલેન્ડ બાદ યુગાન્ડાએ કર્યું ટ્રોલિંગ

પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB) અત્યારે આંતરરાષ્ટ્રીય સ્તરે ભારે હાંસિયામાં ધકેલાઈ રહ્યું હોય તેમ લાગે છે. T20 વર્લ્ડ કપ ૨૦૨૬ના બહિષ્કારના નાટકો વચ્ચે હવે યુગાન્ડા અને આઈસલેન્ડ જેવા નાના ક્રિકેટિંગ દેશોએ પણ પાકિસ્તાનને સોશિયલ મીડિયા પર ટ્રોલ કરવાનું શરૂ કરી દીધું છે. યુગાન્ડા ક્રિકેટના સત્તાવાર એક્સ (X) એકાઉન્ટ પરથી ૨૯ જાન્યુઆરીએ પાકિસ્તાન પર નિશાન સાધતી એક પોસ્ટ શેર કરવામાં આવી હતી. જેમાં લખ્યું હતું કે, "જો T20 વર્લ્ડ કપમાં કોઈ જગ્યા ખાલી થતી હોય (પાકિસ્તાનના હટવાથી), તો યુગાન્ડા પૂરી રીતે તૈયાર છે. પેકિંગ અને પાસપોર્ટ બધું જ રેડી છે. અમને ગરમી, દબાણ કે શોરબકોરથી ડર નથી લાગતો, અમે બોલ્ડ કિટ લઈને તૈયાર છીએ". આ પોસ્ટે પીસીબીને ક્ષોભજનક સ્થિતિમાં મૂકી દીધું છે.



# મુખ્યમંત્રીની સુરક્ષાના કારણે બપોરથી અમુક બસ સેવા બંધ

## કેટલાક રૂટની બસ સેવાઓ ડાયવર્ટ કરાઈ

સુરત, તા.૩૧

સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર પરિવહન સેવાના ભાગરૂપે શહેરીજનોને સુરત શહેર તથા આજુ-બાજુ વિસ્તારમાં BRTS અને સીટી બસની સુવિધા રાહત દરે પૂરી પાડવામાં આવી રહેલ છે. ભારતના સૌથી લાંબા ૧૦૮ કિમીના ડેડીકેટેડ BRTS કોરીડોર મારફત વિવિધ ૧૩ રૂટ પર ૩૬૭ BRTS બસ કાર્યરત છે તથા વિવિધ ૪૫ સીટી બસ રૂટ પર ૩૮૭ બસનું સંચાલન કરવામાં આવે છે અને હાલમાં કુલ-૪૫૨ કિમીના રૂટ ઉપર સીટી બસ સેવા કાર્યરત છે. દૈનિક ધોરણે આશરે ૨ લાખથી વધુ મુસાફરો ધ્વારા સદર સેવાનો લાભ લેવામાં આવી રહેલ છે. ટ્રાફિક પોલીસ શાખા, સુરત ખાતેના જણાવ્યા અનુસાર તારીખ-૩૧/૦૧/૨૦૨૬ ના રોજ ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રીના સુરત શહેર પ્રવાસ કાર્યક્રમ દરમ્યાન તેઓશ્રીની સુરક્ષા કેટેગરી ધ્યાને લઈ આવવા જવાનો રૂટ નીચે મુજબનો છે.

(૧) સુરત એરપોર્ટ થી ડભોલી ભારત રત્ન અટલ બિહારી બાજપાઇ ઓડીટોરીયમ હોલ સુધી.:- એરપોર્ટ થી હવાઈ મથક ટી પોઈન્ટ, મગદલ્લા બંદર ટી પોઈન્ટ, એસ.કે.નગર ચારરસ્તા, મગદલ્લા વાય જંકશન, રાહુલ રાજ મોલ. SVNIT સર્કલ. પાર્લેપોઈન્ટ ઓવર બ્રીજ, ચોપાટી છત્રી, અઠવાગેટ સર્કલ થી ડાબે ટર્ન લઈ સરદાર બ્રીજ, ગુજરાત ગેસ સર્કલ, રૂષભ ટાવર ચારરસ્તા થી ડાબે ટર્ન લઈ, રાંદેર રોડ. તાડવાડી ત્રણરસ્તા, રામનગર ચારસ્તા, સુભાષ ગાર્ડન સર્કલ, જહાગીરપુરા-ડભોલી બ્રીજ, ડભોલી પો.ચોકી સર્કલ, ડભોલી શીવાલીકા પાંચ રસ્તા, બાલાજી નગર ચારરસ્તા, આક્ષરસ્કવેર સર્કલ, પાર્લે સ્કેર ચારરસ્તા થી ડાબે ટર્ન લઈ ભારત રત્ન અટલ બિહારી બાજપાઇ ઓડીટોરીયમ હોલ સુધી.

(૨) ડભોલી ભારત રત્ન અટલ બિહારી બાજપાઇ ઓડીટોરીયમ હોલ થી સરસાણા ડોમ સુધી.:-

ભારત રત્ન અટલ બિહારી બાજપાઇ ઓડીટોરીયમ હોલ થી પાર્લે સ્કેર ચારરસ્તા થી જમણે ટર્ન લઈ આક્ષરસ્કવેર સર્કલ, બાલાજી નગર ચારરસ્તા, ડભોલી શીવાલીકા પાંચ રરસ્તા, ડભોલી બ્રીજ રોડ, ડભોલી પો.ચોકી સર્કલ, જહાગીરપુરા-ડભોલી બ્રીજ, સુભાષ ગાર્ડન સર્કલ, રામનગર ચારસ્તા, તાડવાડી ત્રણરસ્તા, રૂષભ ટાવર ચારરસ્તા થી જમણે ટર્ન લઈ, ગુજરાત ગેસ સર્કલ, સરદાર બ્રીજ, અઠવાગેટ સર્કલ થી જમણે ટર્ન લઈ ચોપાટી છત્રી, લુડઝ કોન્વે ત્રણરસ્તા, પાર્લે પોઈન્ટ ઓવર બ્રીજ, SVNIT સર્કલ, રાહુલ રાજ મોલ ત્રણરસ્તા, મગદલ્લા વાય જંકશન, એસ.કે.નગર ચારરસ્તા થી ડાબે ટર્ન લઈ પલસાણા હાઈવે રોડ, આભવા ચારરસ્તા, ખજોદચારરસ્તા થી ડાબે ટર્ન લઈ, સરસાણા ડોમ ગેટ-૩ મેઈન ગેટ થઈ સરસાણા ડોમ પ્રોગ્રામના સ્થળ સુધી (૩) સરસાણા ડોમ થી સુરત એરપોર્ટ સુધી:- સરસાણા ડોમ થી સરસાણા ડોમ ગેટ-૩ મેઈન ગેટ થી ડાબે ટર્ન લઇ ખજોદ ચારરસ્તા થી જમણે ટર્ન લઇ આભવા ચારરસ્તા, એસ.કે.નગર બ્રીજ પહેલા ડુમ્મસ તરફ જવાના સર્વિસ રોડ થઇ એસ.કે.નગર ચારરસ્તા થી ડાબે ટર્ન લઈ મગદલ્લા બંદર ટી પોઈન્ટ, હવાઈ મથક ટી પોઈન્ટ થી ડાબે ટર્ન લઇ સુરત એરપોર્ટ સુધી. જેથી ઉપરોકત વિસ્તારોના BRTS તેમજ સિટી બસોની સેવા બંદોબસ્ત સમયગાળા દરમ્યાન અન્ય રૂટ ઉપર ડાયવર્ડ કરવા જણાવેલ. જે અન્વયે નીચે જણાવેલ અસર થતા સિટી તથા BRTS રૂટોમાં ફેરફાર કરવામાં આવેલ છે.




# સુરત હોર્સ સોસાયટી દ્વારા સુરત ખાતે ૭મો તાપી અશ્વ શો

## અડાજણ ખાતે ચાર દિવસીય 'તાપી અશ્વ શો'ને કૃષિ અને પશુપાલન મંત્રી જીતુભાઈ વાઘાણીના હસ્તે ખુલ્લું મુકાયું

સુરત, તા.૩૧

ગુજરાત રાજ્ય પશુપાલન વિભાગના સહયોગથી સુરત હોર્સ સોસાયટી દ્વારા સુરતના અડાજણ કેબલ બ્રિજ રિવરફ્રન્ટ ખાતે '૭મા તાપી અશ્વ શો-૨૦૨૬'ને કૃષિ અને પશુપાલન મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણીના હસ્તે ખુલ્લો મૂકાયો હતો. ચાર દિવસીય અશ્વ શોમાં ટેન્ટ પેગિંગ, બેરલ રેસ, ગરો લેવો, સંગીત ખુરશી, હોર્સ ડાન્સની સ્પર્ધાઓ યોજાશે. સુરતના આ આંગણે અંદાજે ૨૫૦ જેટલા ઉત્કૃષ્ટ અશ્વોના શૌર્ય અને સુંદરતા જોવા મળશે. આ પ્રસંગે કૃષિ, પશુપાલન મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, અશ્વ એ આપણા શૌર્ય અને શુભનું પ્રતીક છે, અને અશ્વો પ્રત્યેની લાગણી અજોડ હોય છે. આ અશ્વ શોનો મુખ્ય ઉદ્દેશ્ય ભારતીય અશ્વ નસલોનું સંવર્ધન અને સંરક્ષણ કરવાનો છે. પશુપાલકોને પ્રોત્સાહન મળે અને નવી પેઢી આપણી ભવ્ય અશ્વ સંસ્કૃતિથી પરિચિત થાય તેવો આ શો ના માધ્યમથી અમારો પ્રયાસ છે. ગુજરાતની અશ્વ સંસ્કૃતિના જતન માટે રાજ્ય સરકાર પ્રયાસરત એમ જણાવી શ્રી વાઘાણીએ ઉમેર્યું કે, ગુજરાતમાં અશ્વ સંસ્કૃતિને પુનર્જીવિત કરવા અને તેને પ્રોત્સાહન આપવા માટે આ હોર્સ શોની શરૂઆત વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ જ્યારે તેઓ ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે કરાવી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર કાઠિયાવાડી, કચ્છી, રાજસ્થાની અને સિંધી જેવી વિવિધ બ્રીડના જતન માટે હોર્સ સોસાયટીઓને સંપૂર્ણ સહયોગ આપી રહી છે. રાજ્ય સરકાર દર વર્ષે રાજ્યમાં ત્રણ હોર્સ શોનું આયોજન કરશે, આ માટે આગામી બજેટમાં વિશેષ જોગવાઈ કરવામાં આવી છે. સુરત વિસ્તારમાં ખાસ કરીને સિંધી નસલના ૬૦૦થી વધુ ઘોડાઓ છે. આ સાથે વિવિધ નસલના સંવર્ધન માટે રાજ્ય સરકાર અને હોર્સ સોસાયટીઓ સાથે મળીને નવા 'બ્રીડિંગ સેન્ટરો' સ્થાપવા માટે પણ ઉત્સુક છે એમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું. વ્યક્તિગત અશ્વપાલક હોય કે સોસાયટી; અશ્વોની રખેવાળી અને સેવા કરતા તમામ અશ્વપ્રેમીઓને મંત્રીશ્રીએ ખાતરી આપી હતી કે, પશુપાલન વિભાગ હંમેશા તેમની પડખે ઉભો છે અશ્વપાલનના શોખ અને સંરક્ષણને પ્રોત્સાહિત કરીશું. મંત્રીશ્રીએ અશ્વપાલકોને નવા સૂચનો સાથે ખુલ્લા મને સરકાર પાસે આવવા નિમંત્રણ પાઠવ્યું હતું.

**રવિવારે લોકસભામાં ૫૪**
**પહેલા પાનાનું ચાલુ**

રીતે આરોગ્ય ખર્ચ વધી રહ્યો છે. તેમાં આ મહત્વપૂર્ણ હશે.

આ ઉપરાંત હવે રીયલ એસ્ટેટ ક્ષેત્ર એ જે તેને ઉદ્યોગના દરજ્જો આપવા અને તેઓના કેપીટલ ખર્ચ ઘટે. લેન્ડ રેકોર્ડનું પુરી રીતે ડીજીટલાઈઝેશન થાય તથા હાઉસીગ ડિમાન્ડમાં સિંગલ વિન્ડો કલીયરન્સ પદ્ધતિની માંગ છે.

સરકાર સિનીયર સીટીઝનો-મહિલાઓને રૂા.૫૦૦૦૦ સુધીની વ્યાજ આવક ને કરમુક્તિ આપી છે. તેમાં વધારો કરીને રાહત આપે તેવી ધારણા છે. તો સંરક્ષણ રેલવેએ બજેટના મુખ્ય ફોકસ હશે. રોજગારી આપતા એકમો ખાસ કરીને ઉત્પાદન સેવા એકમો માટે ખાસ પ્રોત્સાહનો આપી શકે છે.

સોના-ચાંદીના સતત વધી રહેલા ભાવમાં સરકાર પાસે સોનાની આયાત જકાત જે ૬% છે તે ઘટાડવાની માંગ થઈ છે. આ ૬% ઉપરાંત ૩% સેલ્સટેક્ષ એમ ૯% ટેક્ષ એ આ ભાવમાં વધુ પડતા ઉંચા છે તે ઘટાડી જેમ્સ જવેલરી ઉદ્યોગને ગ્રાહક આપે તેવી સુવિધા કરે તેવી શકયતા છે તો વધેલા ભાવ બાદ ખરીદીમાં આઈટી સંબંધી ફેરફાર પણ શકય છે

**આઈટીની રેડ પડતા**
**પહેલા પાનાનું ચાલુ**

અકુદરતી મૃત્યુ તરીકે નોંધવું જોઈએ કે આત્મહત્યા માટે ઉશ્કેરવા સંબંધિત કલમો લગાવવી જોઈએ.

તપાસકર્તાઓ ચાલી રહેલી તપાસના ભાગરૂપે ઓફિસ પરિસરમાંથી પુરાવા એકઠા કરી રહ્યા છે, અને રેકોર્ડ અને નિવેદનોની તપાસ પછી વધુ સ્પષ્ટતા આવવાની અપેક્ષા છે.

**કિશ્તવાડમાં સુરક્ષા**
**પહેલા પાનાનું ચાલુ**

આતંકવાદીઓ વચ્ચે એક કલાક સુધી એન્કાઉન્ટર થયું હતું. ગોળીબારમાં સેનાનો એક પેરાટ્રૂપર શહીદ થયો હતો.

શહીદ પેરાટ્રૂપરને શ્રદ્ધાંજલિ આપતા, સેનાએ ૧૯ જાન્યુઆરીએ પોસ્ટ કર્યું, "જીઓસી, વ્હાઈટ નાઈટ કોર્પ્સ અને તમામ રેન્ક સ્પેશિયલ ફોર્સના હવાલદાર ગજેન્દ્ર સિંહને શ્રદ્ધાંજલિ આપે છે, જેમણે ૧૯ જાન્યુઆરીની રાત્રે ઓપરેશન ત્રાશી-૧ દરમિયાન સિંગપુરા વિસ્તારમાં આતંકવાદ વિરોધી કાર્યવાહી કરતી વખતે સર્વોચ્ચ બલિદાન આપ્યું હતું."

સેનાએ લખ્યું, "અમે તેમની અદમ્ય હિંમત, બહાદુરી અને ફરજ પ્રત્યે નિઃસ્વાર્થ નિષ્ઠાને સલામ કરીએ છીએ અને આ દુઃખની ઘડીમાં શોકગ્રસ્ત પરિવાર સાથે મજબૂત રીતે ઉભા છીએ." ૧૯ જાન્યુઆરીથી, સુરક્ષા દળોએ આતંકવાદીઓને શોધવા માટે સતત શોધ કામગીરી શરૂ કરી છે અને બાર દિવસ પછી, તેઓ ડોલગામ ગામમાં શોધી કાઢવામાં આવ્યા હતા, જ્યાં હાલમાં એન્કાઉન્ટર ચાલી રહ્યું છે.

**સુનેત્રા પવારને**
**પહેલા પાનાનું ચાલુ**

નાયબ મુખ્યમંત્રી તરીકે શપથ લેશે."અહેવાલો અનુસાર, અજિત પવારના પત્ની સુનેત્રા પવાર શનિવારે નાયબ મુખ્યમંત્રી તરીકે શપથ લેશે. તેમનો શપથ ગ્રહણ સમારોહ આજે સાંજે ૫ વાગ્યે થશે. તેઓ રાજ્યના પ્રથમ મહિલા નાયબ મુખ્યમંત્રી બનશે.

જોકે, આ નિર્ણયથી શરદ પવારની આગેવાની હેઠળની રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી સાથે વિલીનીકરણ અંગેની અટકળોનો પણ અંત આવી શકે છે. મહારાષ્ટ્રના રાજકારણમાં ઘણા દિવસોથી દ્વઝના બે જૂથો વચ્ચે વિલીનીકરણ અંગે ચર્ચાઓ ચાલી રહી છે. આગલા દિવસે, દ્વઝ-જી એ દાવો કર્યો હતો કે વાતચીતને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું છે, અને વિલીનીકરણની જાહેરાત બાકી છે.

# દાંડી બીચ પર બીચ ફુટબોલ ચેમ્પીયનશીપની સેમી ફાઇનલ

સુરત, તા.૩૧

સુરત ઓલપાડ દાંડીનાં રમણીય બીચ ઉપર રમાય રહેલી ભારતમાં પ્રથમ ગુજરાતમાં રમાય રહેલી ગર્લ્સ એન્ડ બોઈઝ બીચ ફુટબોલ ચેમ્પીયનશીપમાં બોઈઝનાં ચાર ગૃપમાં સુરત, વલસાડ, કચ્છ, અને બરોડાની ટીમ જયારે ગર્લ્સનાં ચાર ગૃપમાંથી સુરત, જામનગર, ભરૂચ, વલસાડની ટીમોએ ટોપ પર રહી સેમીફાઈનલમાં પ્રવેશ કરયો છે. ૩૧/૦૧/૨૦૨૬ને શનિવારે સવારે ૯:૦૦ કલાકેથી ગર્લ્સ સેમીફાઈનલ સુરત વિરૂધ્ધ જામનગર બીજી સેમીફાઈનલ વલસાડ વિરૂધ્ધ ભરૂચ સ્ત્યારબાદ ૧૦:૦૦ કલાકેથી બોઈઝ સેમીફાઈનલમાં સુરત વિરૂધ્ધ બરોડા અને વલસાડ વિરૂધ્ધ કચ્છની ટીમો વચ્ચે ફાઈનલ પ્રવેશ માટે મેચ કસમ્કસ થશે. ફુટબોલ રસીક મિત્રોને અને શાળા-કોલેજ પરીવારનાં વિદ્યાર્થી મિત્રોને વહેલી સવારથી આ મેચને નિહાળવા સુરત ડીસ્ટ્રીકટ ફુટબોલ અશોસીએશન હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવે છે.

# સાવરકુંડલાના વર્ષોથી ટાપુ બનેલા પીપરડી ગામને મળશે કાયમી રાહત

## ચોમાસાના ભયમાંથી મુક્તિ તરફ: પીપરડી ગામ માટે ઐતિહાસિક નિર્ણય- ધારાસભ્ય કસવાલાનો દ્રઢ નિર્ધાર

સુરત, તા.૩૧

ગામડાની અત્યંત આવશ્યક જરૂરતો માટે માંન. મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ સાહેબનો સકારાત્મક અભિગમ બદલ આભાર :- ધારાસભ્યશ્રી મહેશભાઈ સાવરકુંડલા તાલુકાનું પીપરડી ગામ વર્ષોથી ચોમાસું આવે એટલે ભયના સાયામાં જીવતું આવ્યું છે. ભારે વરસાદ પડતા જ આખું ગામ ટાપુ બની જતું, સંપર્ક તૂટી જતો અને સામાન્ય જનજીવન સંપૂર્ણ રીતે અસ્તવ્યસ્ત થઈ જતું. ઈમરજન્સી સેવા બંધ, વાહન વ્યવહાર ઠપ્પ અને બીમાર દર્દીને હોસ્પિટલ પહોંચાડવું પણ અશક્ય બની જતું આ ગામ માટે ચોમાસું વિકાસ નહીં પરંતુ દુઃખ અને ડરનું પર્યાય બની ગયું હતું. આ વર્ષો દરમિયાન અનેક વખત જાનમાલ બચાવવા સરકારને રેસ્ક્યુ કામગીરી કરવી પડી છે.પૂર સમયે ઘરના છાપરા ઉપર ઊભેલા પરિવારજનો,ખેતરોમાં ફસાયેલા લોકો અને ભયમાં જીવતો ગામ આ દ્રશ્યો પીપરડી માટે સામાન્ય બની ગયા હતા. પરંતુ હવે આ અંધકારમય પરિસ્થિતિમાંથી કાયમી મુક્તિનો રસ્તો ખુલ્યો છે. પીપરડી ગામની આ વર્ષોની પીડાને સમજીને સાવરકુંડલા ના માનનીય ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાએ દ્રઢ સંકલ્પ લીધો કે હવે ગામ કોઈ પણ સંજોગોમાં સંપર્કવિહોણું નહીં બને. તેમની દીર્ઘદ્રષ્ટિ, અડગ પ્રયાસો અને જનહિત પ્રત્યેની પ્રતિબદ્ધતાના પરિણામે પીપરડી—ભમોદ્રા વચ્ચે નવા માર્ગને મંજૂરી મળી છે. રાજ્ય સરકાર દ્વારા આ માર્ગ માટે ?૮.૫૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે. નવા માર્ગની સૌથી મહત્વપૂર્ણ વિશેષતા એ છે કે તેમાં વચ્ચે એક પણ નદી કે નાળું નહીં આવે, જેથી ભવિષ્યમાં ભારે વરસાદ હોવા છતાં પણ માર્ગ ચાલુ રહેશે. આ માર્ગ માત્ર રસ્તો નહીં પરંતુ પીપરડી ગામ માટે સુરક્ષા, સ્વાભિમાન અને વિકાસનું પ્રતીક બનશે. વર્ષોથી ચાલી આવતી મોટી સમસ્યાનો અંત આવતો જોઈ ગામજનોએ ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની મહેનતને દિલથી આવકારી છે અને નવી આશા સાથે ઉજવણી કરી છે.

**એપ્સટિન ફાઈલ્સમાં**
**પહેલા પાનાનું ચાલુ**

મસ્કે કહ્યું, "કદાચ ફક્ત તલુલા (તેમની તત્કાલીન પત્ની તલુલા રીલે) અને હું." પછી તેમણે પૂછ્યું, "તમારા ટાપુ પર કયા દિવસે સૌથી જંગલી પાર્ટી હશે?"

૨૦૧૩માં એક ઈમેઈલ ચેઈનમાં, મસ્કે ટાપુ પર આવવાની વાત પણ કરી હતી. એપ્સટિને ૧ થી ૮ જાન્યુઆરી વચ્ચે કોઈપણ દિવસે આવવાનું કહ્યું હતું. વધુ ચર્ચા પછી, મસ્કે ૨૫ ડિસેમ્બર, ૨૦૧૩ના રોજ કહ્યું કે તેઓ ૩ જાન્યુઆરી સુધીમાં પાછા આવી શકે છે અને ૨ જાન્યુઆરીએ ટાપુ જવા રવાના થઈ શકે છે.

**અલ્બર્ટાને સ્વતંત્ર**
**પહેલા પાનાનું ચાલુ**

થશે ત્યારે આ પૈસાનો ઉપયોગ કરવામાં આવશે.આલ્બર્ટા પશ્ચિમી કેનેડાનો તેલ-સમૃદ્ધ પ્રાંત છે. તેની વસ્તી લગભગ ૫૦ લાખ છે. CNNના રિપોર્ટ અનુસાર અહીં કેનેડાના કુલ ક્રૂડ ઓઈલ ઉત્પાદનનો લગભગ ૮૪% હિસ્સો નીકળે છે. આ પ્રાંત લાંબા સમયથી પોતાને એનર્જી પ્રાંત'' તરીકે જોતો રહ્યો છે.અલગતાવાદીઓનું કહેવું છે કે કેનેડા સરકારની આબોહવા નીતિઓ આલ્બર્ટાના તેલ ઉદ્યોગને નુકસાન પહોંચાડી રહી છે. તેમનો આરોપ છે કે આલ્બર્ટામાંથી સરકારને ભારે ટેક્સ મળે છે, જ્યારે બદલામાં રાજ્યને ઓછી આર્થિક સહાય મળે છે.રિપોર્ટ મુજબ આલ્બર્ટામાં લોકો પરંપરાવાદી છે, જ્યારે કેનેડાના બીજા રાજ્યોમાં ઉદાર વસ્તી વધારે છે. આનાથી તેમનો રૂઢિવાદી અવાજ દબાઈ જાય છે.

**બેંક છેતરપિંડીના કેસમાં**
**પહેલા પાનાનું ચાલુ**

ઓળખ દસ્તાવેજો પણ જપ્ત કર્યા જેનો ઉપયોગ તેમની નવી ઓળખ સ્થાપિત કરવા માટે કરવામાં આવી રહ્યો હતો. ધરપકડ કરાયેલા આરોપીઓ કરોડો રૂપિયાના ઉચાપતના બે અલગ અલગ કેસનો સામનો કરી રહ્યા છે.

પહેલો કેસ ૧૩ માર્ચ, ૨૦૧૩ના રોજ પંજાબ નેશનલ બેંક (PNB) અધિકારીઓ સાથે મળીને ?૯.૯૫ કરોડના બેંક છેતરપિંડીના કેસ તરીકે નોંધવામાં આવ્યો હતો, જેમાં સંજીવ દીક્ષિત અને આરતી શર્મા મુખ્ય આરોપી હતા. બીજો કેસ ૧૧ જુલાઈ, ૨૦૧૩ના રોજ ?૪ કરોડના બેંક છેતરપિંડીના કેસ તરીકે નોંધવામાં આવ્યો હતો. સંજય શર્માને ૨૦૧૬ અને ૨૦૧૭ માં અદાલતો દ્વારા જાહેર કરાયેલ ગુનેગાર જાહેર કરવામાં આવ્યો હતો, જ્યારે આરતી શર્મા ૨૦૧૬ થી ભાગેડુ હતી.

સીબીઆઈના આ સફળ ઓપરેશન બાદ, બંને આરોપીઓને સંબંધિત અદાલતો સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા, જેમણે તેમને દિલ્હી લઈ જવા માટે ટ્રાન્ઝિટ વોરંટ મેળવ્યા છે. આરોપીઓને હવે તે અદાલતો સમક્ષ રજૂ કરવામાં આવશે જેણે તેમની સામે ભાગેડુ આદેશો જારી કર્યા હતા.

**અડાજણના**
**પેજ-૨ પાનાનું ચાલુ**

અદાવત રાખી આરોપી ઓએ મરણ જનારને વાતચીત કરવા માટે આવાસમા આવેલ મંદિર પાસે બોલાવી તેનું અપહરણ કરી રીક્ષામાં લઈ જઈ જહાંગીરાબાદ ખાતે મરણ જનારને લાકડાના ફટકા વડે આખા શરીરે મુઢમાર મારી ગંભીર ઈજા કરી તેમજ તીક્ષ્ણ હથિયાર વડે ડાબા હાથના આંગળીઓમા ઈજા કરી મોત નિપજાવી નાસી ગયેલ હોય વિગેરે ત્યારબાદ સદર ગુન્હાના કામે હાલના આરોપી રાહુલ ઉર્ફે લાઓ બંસીભાઈ ઉર્ફે બકાભાઈ વાઘરી (દેવીપુજક) નાઓની તા.૨૩/૦૩/૨૦૨૪ ના રોજ ધરપકડ કરવામાં આવેલ અને ત્યારબાદ નામદાર કોર્ટે હાલના આરોપીને જ્યુડીશ્યલ કસ્ટડીમા મોકલી આપવામાં આવતા હાલના આરોપી રાહુલ ઉર્ફે લાઓ બંસીભાઈ ઉર્ફે બકાભાઈ વાઘરી (દેવીપુજક) સદર ગુન્હાના કામે જ્યુડીશ્યલ કસ્ટડી લાજપોર મધ્યસ્થ જેલ, સુરત મુકામે હતા.

હાલના આરોપી રાહુલ ઉર્ફે લાઓ બંસીભાઈ ઉર્ફે બકાભાઈ વાઘરી (દેવીપુજક) નાઓએ રેગ્યુલર જામીન ઉપર મુક્ત થવાને માટે નામદાર સેશન્સ કોર્ટ, સુરતમાં વકીલશ્રી નિરજ બી. દેસાઈ નાઓ મારફત જામીન અરજી દાખલ કરાવેલ. નામદાર નામદાર સેશન્સ કોર્ટ, સુરત નાઓએ બંને પક્ષનાઓની વિગતવારની રજુઆતો અને દલીલો બાદ નામદાર સેશન્સ કોર્ટ, સુરત નાઓએ આરોપી - રાહુલ ઉર્ફે લાઓ બંસીભાઈ ઉર્ફે બકાભાઈ વાઘરી (દેવીપુજક) નાઓને ૨(બે) વર્ષના લાંબા સમયગાળા બાદ તા.૨૮/૦૧/૨૦૨૬ ના રોજ શરતોને આધિન જામીન ઉપર મુક્ત કરતો હુકમ કરેલ છે.

આરોપી રાહુલ ઉર્ફે લાઓ બંસીભાઈ ઉર્ફે બકાભાઈ વાઘરી (દેવીપુજક) નાઓ તરફે વકીલશ્રી નિરજ બી. દેસાઈ નાઓએ જામીન અરજીની સફળ રજુઆતો કરેલ છે.



# સુરત જિલ્લાની ૧૬ વિધાનસભામાં સર કામગીરીની સમીક્ષા બેઠક યોજાઈ

## મતદાર યાદી સુધારણા એ માત્ર વહીવટી પ્રક્રિયા નથી પણ 'નેશન બિલ્ડીંગ'નું કાર્ય છેઃ સ્પેશ્યલ રોલ ઓબ્ઝર્વ

સુરત, તા.૩૧

ભારતીય ચૂંટણી પંચના સ્પેશ્યલ રોલ ઓબ્ઝર્વર શ્રી એ.કે.મિશ્રાના અધ્યક્ષસ્થાને જિલ્લા સેવા સદન ખાતે સુરત જિલ્લાની ૧૬ વિધાનસભામાં થઇ રહેલી SIR કામગીરીની સમીક્ષા બેઠક યોજાઈ હતી.

બેઠકમાં સ્પેશ્યલ રોલ ઓબ્ઝર્વરશ્રીએ જણાવ્યું કે, મતદાર યાદી સુધારણા કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય ડુપ્લીકેટ નામો દૂર કરવા, ASD (ગેરહાજર, સ્થળાંતરિત થયેલા અને મૃત) મતદારોનું મેપિંગ અને લાયક મતદારોનો સમાવેશ કરી લોકશાહીને વધુ મજબૂત બનાવવાનો છે. આ કામગીરીના અંતે એક નવી, અત્યંત પારદર્શક અને અદ્યતન મતદારયાદી પ્રાપ્ત થશે, જે ભવિષ્યની ચૂંટણી પ્રક્રિયાઓને વધુ સરળ, સુદ્રઢ બનાવશે. તેમણે ઉમેર્યું કે, મતદાર યાદી સુધારણા એ માત્ર વહીવટી પ્રક્રિયા નથી, પણ 'નેશન બિલ્ડીંગ'નું કાર્ય છે. ૨૫ વર્ષના લાંબા અંતરાલ બાદ જ્યારે આટલી વ્યાપક સ્તરે મતદાર યાદી સુધારણા થઈ રહી છે, ત્યારે તમામ અધિકારીઓને આ કામગીરી 'મિશન મોડ' માં હાથ ધરીને નક્કી કરેલી સમયમર્યાદામાં પૂર્ણ કરવા સૂચના આપી હતી. તેમણે તમામ અધિકારીઓને બાકી રહેલી હિયરીંગ, નોટિસ બજવણી, નવા મતદાર નોંધણી જેવી કામગીરી ચોકસાઈપૂર્વક અને ઝડપથી પૂર્ણ કરવા માટે માર્ગદર્શન આપ્યું હતું.

જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર ડો.સૌરભ પારધીએ જિલ્લામાં થયેલી ડ્રાફ્ટ રોલની કામગીરી વિષે શ્રી એ.કે.મિશ્રાને વાકેફ કર્યા હતા. તેમણે કહ્યું કે, જિલ્લા વહીવટીતંત્ર દ્વારા નિયત સમયમર્યાદામાં દરેક લાયક નાગરિક સાથેની સર્વસમાવેશી, ક્ષતિરહિત મતદારયાદી બનાવવાનું કાર્ય પૂર્ણ થાય એ મુજબ સુનિયોજિત કામગીરી થઈ રહી છે. બેઠકમાં સુરતની ૧૬ વિધાનસભાના રોલ ઓબ્ઝર્વરોએ પોતાની વિધાનસભામાં હાલ સુધીમાં SIR કામગીરીની વિગતો આપી હતી. બેઠકમાં અધિક જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી અશોક ચૌધરી, મનપાની ડે.કમિશનર શ્રી નિધિ સિવાચ સહિત RO ઉપસ્થિત રહ્યા હતા.

# ૩૭ વર્ષીય બ્રેઈનડેડ દિપક ગુપ્તાના અંગદાનથી ત્રણને મળશે નવજીવન

## સ્વ.દિપકના હૃદય અને બે કિડનીનું દાનઃ નવી સિવિલ થકી કુલ ૯૧મું સફળ અંગદાન



સુરત, તા.૩૧

સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં વર્ષ ૨૦૨૬નું દ્વિતીય અને કુલ ૯૧મું સફળ અંગદાન થયું છે. મૂળ ઉત્તરપ્રદેશના ૩૭ વર્ષીય બ્રેઈનડેડ દિપક પશુપતિનાથ ગુપ્તાના પરિવારજનોએ માનવતાવાદી અભિગમ સાથે સ્વજનના અંગદાનનો નિર્ણય લઈને હૃદય અને બે કિડનીનું દાન કર્યું હતું. જેના થકી ત્રણ જરૂરીયાતમંદોને નવજીવન મળશે. આ સાથે નવી સિવિલ થકી આજ સુધીમાં ૯ હૃદયના દાન થયા છે.પ્રાપ્ત વિગતો મુજબ ઉત્તરપ્રદેશના બલિયા જિલ્લાના ગરવાર તાલુકાના શાહપુરના વતની અને સુરતના પાંડેસરા વિસ્તારમાં રહેતા ૩૭ વર્ષીય દિપક ગુપ્તા રિક્ષા ચલાવીને ઘર પરિવારનું ગુજરાન ચલાવતા હતા. ગત તા.૨૭મી જાન્યુ.ના રોજ સવારે ૦૫.૦૦ વાગ્યે અઠવાગેટ પાસે કૂતરાને બચાવવા જતા રિક્ષા પલટી જતા દિપકભાઈને ઈજા પહોંચી હતી. ત્યાંથી ઘરે પરત આવી પત્ની અને ભાઈ સાથે નવી સિવિલમાં સારવાર અર્થે આવ્યા હતા. જ્યાં પ્રાથમિક સારવાર લઈ ઘરે આવ્યા બાદ સાંજે તબિયત ફરી લથડતા ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સમાં નવી સિવિલમાં દાખલ કરાયા હતા. જયાં ગંભીર હાલત હોવાથી ઈમરજન્સીમાં દાખલ કરી વધુ સારવાર માટે આઈસીયુમાં શિફ્ટ કર્યા હતા. તા.૩૦મીએ સવારે ૭.૦૦ વાગ્યે આર.એમ.ઓ. ડો.કેતન નાયક, પ્લાસ્ટિક સર્જન ડો.નિલેશ કાછડીયા, ન્યુરોલોજિસ્ટ ડો.જય પટેલ તથા ન્યુરો સર્જન ડો.કેયુર પ્રજાપતિની ટીમે તેમને બ્રેઈનડેડ જાહેર કર્યા હતા. ડો.નિલેશ કાછડીયા, ડો.કેતન નાયક, ગુજરાત નર્સિંગ કાઉન્સિલના ઉપાધ્યક્ષ ઈકબાલ કડીવાલાએ દિપકના માતા-પિતા, પત્ની, ભાઈ-બહેન, મિત્રોને તેમજ પરિવારના સભ્યોને અંગદાનનું મહત્વ સમજાવ્યું હતું. પિતા પશુપતિનાથએ કહ્યું કે, એક પિતા માટે પોતાના સંતાનને ગુમાવવું એ દુનિયાનું સૌથી મોટું દુઃખ છે.

**વડોદરા-વિરાર**
**પેજ-૨ પાનાનું ચાલુ**

નરેન્દ્ર મોદીના આત્મનિર્ભર ભારતના વિઝનને માનનીય રેલ્વે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવના માર્ગદર્શન હેઠળ રેલ્વેમાં ટેકનોલોજીમાં સમાવિષ્ટ કરવામાં આવી રહ્યું છે. કવચ એક સ્વદેશી રીતે વિકસિત ઓટોમેટિક ટ્રેન પ્રોટેક્શન (ATP) સિસ્ટમ છે જે સિગ્નલ પાસ એટ ડેન્જર (SPAD) નિવારણ, ઓટોમેટિક સ્પીડ કંટ્રોલ અને હેડ-ઓન અને રીઅર-એન્ડ કોલિઝન પ્રોટેક્શન જેવી કાર્યક્ષમતા પૂરી પાડે છે.

**સાયણમાં**
**પેજ-૨ પાનાનું ચાલુ**

પટેલે છેતરપિંડી અને વિશ્વાસઘાત કર્યો હોવાનું જણાતા તેણે ગત તા.૨૯ નાં રોજ મોડી સાંજે તેના વિરૂધ્ધ રૂ. ૫૫,૮૯,૦૫૪ છેતરપિંડીની ફરિયાદ નોંધાવી હતી.જેના પગલે પોલીસે કાયદેસરનો ગુનો નોંધી વધુ તપાસ પીએસઆઇ ડી.બી. દેસાઇ કરી રહ્યા છે.

**રામચંદ**
**પેજ-૨ પાનાનું ચાલુ**

જિલ્લાના નિવૃત્ત ચીફ ડિસ્ટ્રિક્ટ હેલ્થ ઓફિસર (ક્લાસ -૧ અધિકારી) ડૉ. રાજેશભાઈ હજીરાવાળા, "સી.જી.એસ. મહિલા વિદ્યાલય મંડળ, સુરત" ની કાર્યવાહક સમિતિના સભ્ય આચાર્યા ચંદ્રિકાબહેન પાઠકજી સ્મૃતિ સમિતિ"નાં કન્વીનર અને "નવયુગ સાયન્સ કોલેજ" સુરત નિવૃત આચાર્યા શ્રી મયુરા બહેન ઠક્કર", "સી.જી.એસ. મહિલા વિદ્યાલય મંડળ, સુરત" ની કેળવણી વિષયક સમિતિના કન્વીનર અને "અંબાબા ગર્લ્સ હાઈસ્કુલ" ના નિવૃત્ત આચાર્યા શ્રી સુધાબહેન ક્રિસ્ટી તથા "સી.જી.એસ. મહિલા વિદ્યાલય મંડળ, સુરત"ના અધ્યક્ષા શ્રી ભારતીબહેન ઝવેરીએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા. "સી.જી.એસ. મહિલા વિદ્યાલય મંડળ, સુરત" ના ઉપાધ્યક્ષ અતુલભાઈ પાઠકજીએ અંતે પ્રતિભાવ આપ્યો હતો.

**વિકાસ કામોની**
**પેજ-૨ પાનાનું ચાલુ**

ગ્રામ જનોને ભારપૂર્વક જણાવ્યું હતું કે, સરકારી ગ્રાન્ટમાંથી

જે જગ્યાએ વિકાસના કામો થઈ રહ્યા છે,ત્યાં થઈ રહેલ વિકાસનાં કામોની ગુણવત્તા જોવાની જવાબદારી સૌએ નિભાવવાની છે.હું આ પ્રસંગે જાહેર મંચ પરથી ટકોર કરૂં છું કે, વિકાસ કામ કરતા એજન્સી અને કોન્ટ્રાકટરો કાન ખોલીને સાંભળી લેજો હું આ કામોની ક્વોલિટીમાં કોઈપણ બાંધછોડ કરીશ નહીં.તેમણે જણાવ્યું હતું કે,અત્યાર સુધીમાં ઓલપાડ વિધાનસભા મતક્ષેત્ર માં કુલ રૂ.૪,૫૦૦ કરોડનાં વિકાસ કામો થઈ ચુક્યા છે.જે પૈકી રૂ.૧૫.૬૦ કરોડના ખર્ચે શાળાના ઓરડાઓ,કમ્પાઉન્ડ વોલ,ટોયલેટ સહિતના કામો પ્રગતિમાં છે અને આવનારા દિવસોમાં વિકાસ કામોની કૂચ જારી રહેશે.

આ કાર્યક્રમમાં ઓલપાડ તા.પં.નાં પ્રમુખ નીતાબેન પટેલ, ઓલપાડ તાલુકા પંચાયત ઉપપ્રમુખ કિરણભાઈ પટેલ,ઓલપાડ ભાજપ સંગઠન પ્રમુખ કુલદીપસિંહ ઠાકોર,જયેશભાઈ પટેલ કારોબારી અધ્યક્ષ,હેમુભાઈ પાઠક સામાજિક ન્યાય સમિતિ અધ્યક્ષ ઓ.તાં,ભક્તિબેન પટેલ સુરત જિલ્લા ભાજપ સંગઠન ઉપપ્રમુખ,સુનિલભાઈ પટેલ, બ્રિજેશ ભાઈ પટેલ માજી સંગઠન પ્રમુખ ઓ.ભા,ભાજપ સંગઠન ઓલપાડ,જિ.પં.સભ્યો,વિવિધ ગામના સરપંચો, સહકારી આગેવાનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક
# પ્રતાપ દર્પણ
શનિવાર, તા.૩૧ જાન્યુઆરી ૨૦૨૬ E-mail : pratap_darpan@yahoo.co.in મો.નં.: ૯૮૨૫૫ ૩૨૫૦૫



પાલ ખાતે આવેલા શ્રુતજ્ઞાન સમિતિ દ્વારા જૈનાચાર્ય પૂ. વૈરાગ્યવારિધી કુલચંદ્રસુરિજી મહારાજાએ નિશિથ ગ્રંથ ઉપર લખેલા ૧૦૮૦૦૦ શ્લોક દ્વારા ગ્રંથની ભવ્ય શોભાયાત્રા નીકળી હતી. ૨૪૦૦ વર્ષ પછી આવા મહાકાય ગ્રંથની રચના પ્રથમવાર થઈ હોવાનું જાણવા મળ્યું છે. (તસવીર : હનીફ મલેક)

## સ્માર્ટ સિટી સુરતનું સ્માર્ટ મોડેલ: હવે 'ડાયમંડ સિટી' બનશે 'ઝીરો વેસ્ટ સિટી'

### સૌ પ્રથમ ક્લિન કન્સ્ટ્રકશન ગાઈડલાઈન અમલી બનાવતી સુરત મહાનગરપાલિકા

**સુરત, તા.૩૧**

એક સમયે માત્ર હીરા અને ટેક્સટાઈલ ઉદ્યોગ માટે જાણીતું સુરત શહેર આજે પર્યાવરણ જાળવણી અને કચરાના નિકાલ માટે સમગ્ર દેશમાં પથદર્શક બની રહ્યું છે. સુરત હવે માત્ર 'ડાયમંડ સિટી' તરીકે નહી, પણ 'ઝીરો વેસ્ટ સિટી' તરફ આગળ વધી રહ્યું છે. રાજ્ય સરકાર દ્વારા જાહેર કરાયેલા 'અર્બન ડેવલપમેન્ટ વર્ષ' - શહેરી વિકાસ વર્ષની ઉજવણીના અવસરે સુરત મહાનગરપાલિકાએ આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સાથે 'ગ્રીન ગ્રોથ'ને પણ પ્રાથમિકતા આપી છે.

વિકાસની હરણફાળ ભરી રહેલું સુરત શહેર હવે પર્યાવરણની જાળવણીમાં પણ દેશનું નેતૃત્વ કરી રહ્યું છે. મહાનગરપાલિકાએ આગામી બે વર્ષમાં શહેરમાંથી નીકળતા ઘન બાંધકામ કચરા (C&D Waste)ના ૧૦૦ ટકા રિસાયકલિંગનું લક્ષ્ય રાખ્યું છે. એવી વ્યવસ્થા ગોઠવવામાં આવી રહી છે કે શહેરનો કોઈપણ બાંધકામ કચરો ડમ્પિંગ સાઈટ સુધી પહોંચવાને બદલે સ્થળ પર જ અથવા પ્લાન્ટમાં રિસાયકલ થઈ પુનઃ વપરાશમાં લેવાય.

સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરના બાંધકામ અને ડિમોલિશન કચરાનું વૈજ્ઞાનિક રીતે એકત્રીકરણ કરીને તેને ફરી ઉપયોગમાં લેવા માટે કાર્યરત કરાયેલા કન્સ્ટ્રકશન અને ડિમોલિશન (C&D) વેસ્ટ રિસાયક્લિંગ પ્લાન્ટ હવે સમગ્ર ભારત માટે એક ઉદાહરણરૂપ મોડેલ બન્યો છે. આ પ્રોજેક્ટ શહેરની સાફસફાઈ સાથે પર્યાવરણનું રક્ષણ અને કુદરતી સંસાધનો બચાવવા પણ યોગદાન આપી રહ્યો છે.

બાંધકામના કચરાનું ૧૦૦ ટકા રિસાયક્લિંગ કરતા સુરતની આ સ્માર્ટ પહેલ માત્ર સફાઈ પૂરતી મર્યાદિત નથી, પણ તે પર્યાવરણના જતનનું મોટું અભિયાન બન્યું છે. આ રિસાયક્લિંગ પ્રક્રિયાના પરિણામે દર વર્ષે અંદાજે ૫૦૦ ટનથી વધુ CO2



(કાર્બન ડાયોક્સાઈડ)નું ઉત્સર્જન ઘટાડે છે, જે ૨,૫૦,૦૦૦ કિલો કોલસાની બચત સમાન છે. જેથી કુદરતી સંસાધનો (જેમ કે પથ્થર અને રેતી) ના ખનન પરનું ભારણ ઘટ્યું છે.

સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૨૪માં સમગ્ર ભારતમાં સૌથી વધુ ગુણ મેળવી સુરતે દેશમા ફરી એકવાર સ્વચ્છતામાં આગવી ઓળખ ઉભી કરી છે. સુપર સ્વચ્છ લીગમાં સુરત સતત અગ્રેસર રહ્યું છે, ઝીરો વેસ્ટ મેનેજમેન્ટ તરફ દૃઢ પ્રયાસો થઈ રહ્યા છે. સુરત મનપા, રાજ્ય અને કેન્દ્ર સરકારના માર્ગદર્શન હેઠળ કચરાને વૈજ્ઞાનિક રીતે રિસાઈકલ અને વેસ્ટ મેનેજમેન્ટ કરવામાં આવે છે. શહેરમાં બાંધકામ અને ડિમોલીશન વેસ્ટના ઘન કચરામાંથી બેસ્ટ પ્રોડક્ટસનું ઉત્પાદન કરવા માટે કન્સ્ટ્રક્શન અને ડિમોલીશન વેસ્ટ પ્લાન્ટની સ્થાપના કરવામાં આવી છે.

સુરતના કોસાડ ખાતે ૩૦૦ મેટ્રિક ટન પ્રતિ દિવસ ક્ષમતા ધરાવતો પ્લાન્ટ જનભાગીદારી (PPP) મોડલ હેઠળ કાર્યરત છે, જેમાં દરરોજ અંદાજિત ૮૦ મેટ્રિક ટન ડિમોલીશન વેસ્ટ રિસાયકલ થાય છે. આમ C&D વેસ્ટથી પેવર બ્લોક્સ, વિવિધ પ્રકારના કન્સ્ટ્રક્શન વેસ્ટ મટીરિયલ્સમાંથી ઉચ્ચ ગુણવત્તાના ઉત્પાદનો બનાવવામાં આવે છે.

ક્લિન સિટી સુરતમાં ડેમોલિશન વેસ્ટ હવે વેસ્ટ


## મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ આજે સુરતમાં

### મુખ્યમંત્રીના હસ્તે મહાનગરપાલિકાના રૂ.૩૪૨ કરોડના વિકાસકામોનું ખાતમુહુર્ત અને લોકાર્પણ કરાશે

**સુરત, તા.૩૧**

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ આજે તા.૩૧મીએ સાંજે ૪.૦૦ વાગ્યે સુરત શહેરના અક્ષરવાડી, ડભોલી, કતારગામમાં અટલબિહારી બાજપાઈ ઓડિટોરિયમ ખાતેથી સુરત મહાનગરપાલિકાના રૂ.૧૭૩.૭૮ કરોડના ૧૭ વિકાસકામોનું લોકાર્પણ અને રૂ.૧૬૯ કરોડના ૨૪ વિકાસકામોના ખાતમુહુર્ત મળી કુલ રૂ.૩૪૨.૮૧ કરોડના વિકાસકામોની સુરતવાસીઓને ભેટ આપશે. ખાસ કરીને રૂ.૭૦ કરોડના ખર્ચે ડભોલીમાં નવનિર્મિત અટલબિહારી બાજપાઈ ઓડિટોરિયમને ખુલ્લું મૂકાશે.

સુરત મનપા દ્વારા બનાસકાંઠા



જિલ્લાના ડીસા તાલુકાના વિઠોદર ગામમાં રૂ.૫૫.૫૬ કરોડના ખર્ચે ૧૦ મેગા વોટ ક્ષમતાનો ગ્રાઉન્ડ માઉન્ટેડ ગ્રીડ કનેક્ટેડ સોલાર પાવર પ્લાન્ટ સ્થાપિત કરવામાં આવ્યો છે, જેનું લોકાર્પણ તેમજ લેકગાર્ડન વાંચનાલય, અર્બન હેલ્થ સેન્ટર, શેલ્ટર હોમ સહિતના કામોનું લોકાર્પણ તેમજ હાઈડ્રોલિક, ડ્રેનેજ સહિતના વિભાગોના કામોનું ખાતમુહુર્ત કરવામાં આવશે.

શહેરના વિવિધ ઝોન અને વિભાગોમાં સુરત મહાનગરપાલિકાના આ પ્રોજેક્ટ્સ જનસુખાકારી અને પાયાની સુવિધાઓ તેમજ માળખાગત સુવિધાઓમાં મોટો વધારો કરશે અને નાગરિકોના જીવનધોરણને વધુ સુવિધાયુક્ત બનાવશે.

### ગુજરાત ગાર્ડિયન કોફી ટેબલ બુકનું મુખ્યમંત્રી દ્વારા લોન્ચિંગ

સુરત પધારેલા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સાંજે ગુજરાત ગાર્ડીયન અખબારના કોફી ટેબલ બુકના લોંચીગ પ્રસંગે હાજરી આપશેગુજરાત ગાર્ડીયન અખબારને આજે ૧૫ વર્ષની સફર પુર્ણ થઈ રહી છે ત્યારે આ પ્રસંગે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલ તેમજ નાયબ મુખ્ય મંત્રી હર્ષ સંઘવીના હસ્તે શહેરની જાણીતી હસ્તીઓ વિવિધ ક્ષેત્રના લોકોના જીવન પ્રસંગો અને સંઘર્ષના દિવસોની યાદ અપાવતી કોફી ટેબલ બુક લોંચ કરવામાં આવશે. ગુજરાત ગાર્ડીયનના તંત્રી, મુદ્રક અને પ્રકાશક મનોજભાઈ મિસ્ત્રી દ્વારા તૈયાર કરાયેલી કોફી ટેબલ બુકને આજે સાંજે ચેમ્બર ઓફ કોમર્સના સરસાણા કન્વેન્શન સેન્ટર ખાતે લોંચ કરવામાં આવનાર છે. આ પ્રસંગે શહેરના નામાંકિત વ્યક્તિઓ, ઉદ્યોગકારો, વેપારીઓ સહિત વિવિધ વિભાગ સાથે સંકળાયેલા લોકો હાજરી આપશે.

## ભટાર ખાતે ગટરનું દૂષિત પાણી પીવાના પાણીની લાઈનમાં ભળી ગયું

### કોર્પોરેટર મેદાને આવતા અઠવા ઝોનના અધિકારીઓને દોડતા થયા

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા. ૩૧**

ભટાર ઈન્દીરાનગરમાં ગટર લાઈનનું પાણી પીવાના પાણીની લાઈનમાં ભળી જતા ટોઈલેટો ઉભરાતા તેમજ દુષિત પાણી પીવાને કારણે લોકો બિમારીનો ભોગ બન્યા છે. અવાર-નવાર રજુઆત છતાં પણ કોઈ નક્કર પગલા અઠવા ઝોન દ્વારા નહી ભરાતા આખરે સ્થાનિક મહિલાઓ ગઈકાલે કોર્પોરેટર હિમાંશુ રાઉલજીના ઘરે પહોંચી ગઈ હતી. મહિલાઓની સમસ્યા સાંભળી હિમાંશુ રાઉલજીએ તાત્કાલિક ઝોનના અધિકારીઓને આ બાબતે કામગીરી હાથ ધરવામાં જણાવ્યું

ભટાર ઈન્દીરાનગર ખાતે દિવાળી પહેલા ગટરની લાઈન જર્જરીત થઈ ગઈ હોય ગંદુ પાણી પીવાના પાણીમાં ભળી જતા લોકો ગંદકીની સાથે સાથે બિમારીનો ભોગ બન્યા છે. આ બાબતે અઠવા ઝોનમાં અવાર-નવાર રજુઆત છતાં કોઈ કામગીરી નહી કરવામાં ન આવતા ગઈકાલે મહિલાઓ દ્વારા કોર્પોરેટર હિમાંશુ રાઉલજીના ઘરે જઈ રજુઆત કરાતા કોર્પોરેટરે મેદાને આવવું પડયું હતું. આ બાબતે તાત્કાલિક ઝોનના અધિકારીઓને ઈન્દીરાનગર ખાતે બોલાવી ગટરતુટી ગઈ હોય કે પાઈપલાઈન બદલી પડે તેમ હોય તો તે તાકીદે કામગીરી કરવાનું સ્પષ્ટ શબ્દોમાં કહેવાયું છે. ઈન્દીરાનગરના નાના બાળકો ગંદુ પાણી પીવાથી બિમાર પડી રહ્યા હોય કોર્પોરેટરે અઠવા ઝોનના અધિકારીઓને તાત્કાલિક અસરથી કામગીરી કરવા જણાવ્યું હતું.

## ચેક રિટર્ન કેસમાં જરી-દોરાના વેપારીને એક વર્ષની કેદની સજા

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા. ૩૧**

આ કેસની વિગત મુજબ વરાછા લંબે હનુમાન રોડ શીલ્પા પાર્ક સોસાયટી પાસે સમ્રાટ એપાર્ટમેન્ટમાં રહેતા છગનભાઈ કાનજીભાઈ જીવાણી ઉ.વ.૪૪ ટેક્ષટાઈલના ધંધા સાથે સંકળાયેલા છે. દરમિયાન સને ૨૦૨૩ના સમયગાળામાં મનીષ ગોરધનભાઈ બલર (ઉ.વ.૪૦, રહે. કમલબાગ સોસાયટી, રામકૃષ્ણ, એલ.એચ.રોડ) પરવત પાટીયા અમીધારા ઈન્ડસ્ટ્રીઝમાં ૧૧ થી ૧૮ નંબરના ખાતામાં ટેક્ષટાઈલનો ધંધો કરે છે. દરમિયાન છગનભાઈ જીવાણીની વિરાન્સી ક્રિએશન જરી દોરાના ધંધા સાથે જ મનીષ બલર સંકળાયેલા હોવાથી એક બીજાના પરિચયમાં આવ્યા હતા. ઓગષ્ટ ૨૦૨૩માં મનીષ બલરને ધંધાકીય જરૂરીયાત ઉભી થતા છગન જીવાણી પાસેથી રૂ.૧૨ લાખ હાથ ઉછીના લીધા હતા. જે અંગે પ્રોમીસરી નોટ પણ મનીષ બલરે લખી આપી હતી. લીધેલી રકમ પરત કરવા મનીષ બલરે આપેલો ચેક ફંડ્સ ઈનસફીશીયન્ટના શેરા સાથે પરત થતા આ બાબતે મનીષ બલરને નોટીશ આપવામાં આવી હતી. જોકે તેનો કોઈ જવાબ મનીચે આપ્યો ન હતો. જેથી છગન જીવાણીએ એડવોકેટ યોગેશ કે.જોગાણી મારફતે કોર્ટમાં ચેક રિટર્ન કેસ કર્યો હતો. આ કેસ કોર્ટમાં ચાલી જતા એડવોકેટ યોગેશ કે. જોગાણીએ રજુ કરેલા પુરાવા અને દલીલો માન્ય રાખી આરોપી મનીષ બલરને ૧ વર્ષની કેદ અને રૂ.૧૨ લાખ ચેકની તારીખથી વાર્ષિક ૯ ટકા વ્યાજ સહિત ફરીયાદી છગન જીવાણીને ચુકવી દેવા હુકમ કર્યો હતો.



આજે ભગવાન વિશ્વકર્મા જયંતી નિમિતે શહેરમાં વિવિધ મંદિરોમાં ભગવાનને મિષ્ઠાન સહિત અનેક વિધ વાનગીઓનો ભોગ ધરાવવામાં આવ્યો હતો. વહેલી સવારથી ભક્તોની ભીડ દર્શન માટે મંદિરે ઉમટી હતી.

## કેશોદના અવાવરુ કુવામાંથી માનવ કંકાલ અને ૧૫ તોલા સોનું મળી આવ્યું

### છ મહિના પૂર્વે ગુમ થયેલો ખમીદાણા ગામના વૃદ્ધાનો મૃતદેહ હોવાનો ખુલાસો

**જૂનાગઢ, તા. ૩૧**

જૂનાગઢ જિલ્લાના કેશોદ તાલુકાના ખમીદાણા ગામના છેવાડે આવેલા એક અવાવરુ કૂવામાંથી માનવ કંકાલ અને કિંમતી દાગીના મળી આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. પોલીસે કૂવામાંથી કચરાની ભરેલી થેલીમાંથી સોનું અને હાડપિંજરનાં ટૂકડાં બહાર કાઢ્યા છે.પોલીસને પ્રાથમિક તપાસમાં ગુમ થયેલા ૬૫ વર્ષીય વૃદ્ધાનું કંકાળ હોવાનું મનાઈ રહ્યું છે. પોલીસે હાડપિંજરના અવશેષો સત્તાવાર પુષ્ટિ કરવા માટે DNA ટેસ્ટ અને FSLમાં મોકલી આપ્યા છે.ખમીદાણા ગામમાં છેલ્લા છ મહિનાથી રહસ્યમય રીતે ગુમ થયેલા ૬૫ વર્ષીય વૃદ્ધાના કેસમાં પોલીસે ગઈકાલે(૩૦ જાન્યુઆરી) મોડી રાત સુધી પોલીસની ૧૨ કલાક લાંબી તપાસ અને પરિવારની ભારે વેદના બાદ આખરે હવે આ મામલે સત્ય બહાર આવતું જણાઈ રહ્યું છે.આશરે ૬ મહિના પહેલા કેશોદ તાલુકાના ખમીદાણા ગામના ૬૫ વર્ષીય સુમરીબેન (ઉર્ફે મણીબેન) રામદેભાઈ બારૈયા અચાનક પોતાના ઘરેથી લાપતા થયા હતા. તેમના ભત્રીજા નાથાભાઈએ જણાવ્યું હતું કે, સુમરીબેન ગામમાં આયુષ્માન કાર્ડ કઢાવવા માટે ગયા હતા, જ્યાંથી સવારે ૧૧.૩૦ વાગ્યાની આસપાસ રહસ્યમય રીતે ગુમ થઈ ગયા હતા. ગુમ થયા ત્યારે તેની પાસે ૧૫ તોલાથી વધુ સોનાના દાગીના અને આશરે ૨ લાખ રૂપિયાની રોકડ રકમ હતી.તેઓ ક્યારેય આ મત્તા પોતાનાથી દૂર રાખતા ન હોવાથી પરિવારને પ્રથમ દિવસથી જ કોઈ અઘટિત ઘટના ઘટી હોવાની આશંકા હતી. તે સમયે પોલીસે ટેકનિકલ સર્વેલન્સ, મોબાઈલ લોકેશન અને સીસીટીવી ફૂટેજ પણ તપાસ્યા હતા. જેમાં તેઓ હોસ્પિટલ તરફ જતા દેખાયા હતા, પરંતુ ત્યારબાદ તેમનો કોઈ પત્તો લાગ્યો ન હતો.

## સુરતમાં સતત ચોથા દિવસે આયકર વિભાગનો તપાસનો દોર યથાવત

### ચોથા દિવસે આયકર અધિકારીઓ વધુ આક્રમક વલણ અપનાવ્યું

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા. ૩૧**

લક્ષ્મી ડાયમંડ ગજેરા બંધુઓ અને મહાકાલ ગ્રુપને ત્યાં ચાલી રહેલી તપાસ આજે ચોથા દિવસે પણ યથાવત રહી છે ત્યારે ડેપ્યુટી ડાયરેક્ટોરેટ ઓફ ઈન્કમટેક્ષ (ડીડીઆઈ)ને જમીન રોકાણ પ્રોજેક્ટોને લગતા ડોક્યુમેન્ટ તો હાથ લાગ્યા છે પણ વિભાગને હજી પણ કરચોરી બાબતે કોંસ કહી શકાય તેવા રફેદફે કરાઈ દેવાયેલા ડોક્યુમેન્ટની તલાશ છે.

આ સમગ્ર રેડમાં હવે અધિકારીઓ પણ આક્રમક મુડમાં આવી ગયા છે. અધિકારીઓને પણ ગોટે ચઢાવે તેવી આ તપાસ આજે ચોથા દિવસે ચાલી છે ત્યારે આજે વહેલી સવાર સુધી વસંત ગજેરા, ધીરૂ ગજેરા પરિવાર તેમજ નજીકના સગા સંબંધીઓની પુછપરછ ચાલી હતી.

અધિકારીઓ દ્વારા મોટા પ્રોજેક્ટો અને ત્રાહિત વ્યક્તિના નામે લેવાયેલી મિલ્કતો તેમજ જમીનોનાં દસ્તાવેજો શોધવામાં આવી રહયા છે.

લક્ષ્મી ડાયમંડ વસંત ગજેરા, ધીરૂ ગજેરા તેમજ મહાકાલ ગ્રુપ અનિલ બગદાણાને ત્યાં ડીડીઆઈ વિંગની તપાસનો આજે ચોથો દિવસ થયો છે. રાત દિવસ એક કરીને અધિકારીઓ દ્વારા બેનામી સંપતિ શોધવાના અથાગ પ્રયાસો કરાઈ રહયા છે. દરમિયાન અમુક રોકડ, ડોક્યુમેન્ટ, જમીન પ્રોજેક્ટમાં રોકાણના હિસાબો ખંગાળવામાં આવી રહયા છે ત્યારે ગઈકાલે આખો દિવસ ગજેરા પરિવારના સભ્યો ઉપરાંત નજીકના સગા સંબંધીઓને ત્યાં જઈને પણ ડીડીઆઈ વિંગના અધિકારીઓએ કર ચોરી શોધવાના ભરપુર પ્રયાસો કર્યા છે. હજી પણ આ તપાસ બે દિવસ સુધી લંબાઈ તેવું વિશ્વસનીય સૂત્રો જણાવી રહયા છે.

જવેલરી, રોકડ જપ્ત કરવા ઉપરાંત ત્રાહિત વ્યક્તિઓના નામે લેવાયેલી મિલ્કતો, જમીનના રોકાણો તેમજ દુબઈ હોંગકોંગમાં હવાલાના રૂપીયા બાબતે પણ અધિકારીઓ આક્રમક મુડમાં આવી ગયા છે.

## સચિન મુખ્ય રોડ પર વાહનમાંથી ઓઈલ ઢોળાતા માર્ગ જોખમી

### રસ્તા લપસણો બની જતા વાહન વ્યવહાર થંભી ગયો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા. ૩૧**

શહેરના દક્ષિણ ઝોનમાં આવેલા ભેસ્તાન ચાર રસ્તા અને સચિન રસ્તાના મુખ્ય માર્ગ પર આજે સવારે રોડ પર ઓઈલ ફેલાઈ જવાની ઘટના સામે આવી છે. કોઈ અજાણ્યા ટેન્કર અથવા વાહનમાંથી ઓઈલ લીક થવાને કારણે આખો માર્ગ અત્યંત લપસણો બની ગયો હતો, જેના કારણે વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

ઓઈલ ફેલાવાને કારણે ખાસ કરીને દ્વિચક્રી વાહનચાલકો માટે જીવનું જોખમ ઊભું થયું છે. રોડ લપસણો હોવાથી બાઈક સ્લિપ થવાનું પણ જોખમ બન્યું હતું. સવારના વ્યસ્ત સમયે જ આ સ્થિતિ સર્જાતા ટ્રાફિક જામ જોવા મળ્યો હતો.

ઘટનાની જાણ થતા સ્થાનિકો ફાયર વિભાગ સહિતની ટીમે સતર્કતા દાખવી તાત્કાલિક અસરથી રસ્તા પરથી ઓઈલ સાફ કરવાની કામગીરી કરવામાં આવી હતી.

## અમદાવાદમાં પ્રોપર્ટી વિવાદમાં સગા પુત્ર દ્વારા માતાની હત્યા

### દીકરાએ માથામાં દંડાના ફટકા મારી મર્ડર કર્યું

**અમદાવાદ, તા. ૩૧**

અમદાવાદના મકરબા વિસ્તારમાં ગઈકાલે(૩૦ જાન્યુઆરી) મોડીરાત્રે એક પુત્રએ માતાની હત્યા કરી નાખી હતી. સંપત્તિના વિવાદમાં પુત્રએ માતાને માથે લાકડાના દંડા વડે ફટકા મારીને હત્યા કરી નાખી હતી. બનાવની જાણ થતાં આનંદનગર પોલીસ સ્થળ પર પહોંચી હતી. પોલીસે સમગ્ર મામલે પુત્ર સામે ગુનો નોધી ધરપકડ કરી છે.મકરબા વિસ્તારમાં આવેલા ઔડાના મકાનમાં રહેતાં કપિલાબેન દેવીપૂજક ઘરે હાજર હતાં ત્યારે તેમનો દીકરો અજય આવ્યો હતો. માતા-પુત્ર વચ્ચે એક ઘરને લઈને વિવાદ ચાલતો હતો, જેથી અજયે ઘરના બદલામાં પૈસા માગ્યા હતા.જોકે કપિલાબેને પૈસા આપવાની ના પાડી હતી, જેથી અજય ઉશ્કેરાયો હતો. અજયે કપિલાબેન સાથે ઉગ્ર રીતે વાત કરી હતી, એ બાદ કપિલાબેનને બાજુમાં પડેલા દંડા વડે માથામાં ફટકા માર્યા હતા.કપિલાબેનને માથામાં ગંભીર ઈજા થતાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં. આ બનાવમાં કપિલાબેનનું સારવાર દરમિયાન મોત થયું છે. બનાવની જાણ થતાં આનંદનગર પોલીસ સ્થળ પર પહોચી હતી. પોલીસે સ્થળ પરથી હત્યા કરનાર અજયની ધરપકડ કરી છે. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલીને વધુ તપાસ હાથ ધરી છે.

## સગીર દીકરીની છેડતી કરનાર યુવકને માતાએ ફડાકા ઝીંક્યા

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા. ૩૧**

સુરતના ઉધના વિસ્તારમાં માતાએ ભારે રોષ સાથે માસૂમ બાળકીની છેડતી કરનાર શખસે પકડીને જાહેરમાં ફડાકા ઝીંક્યા હતા. તો રોષે ભરાયેલા ટોળાએ પણ યુવકને બેફામ માર માર્યો હતો. લોકોના મારથી આરોપીની ચહેરો પણ બદલાઈ ગયો હતો અને તેને સારવાર માટે ખસેડવાની ફરજ પડી હતી. આ ઘટનાના વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થયા છે, જેમાં રોમિયોગીરી કરનાર શખસનો કોલર પકડીને માતા કહી રહી છે કે તારા જેવા લોકોને કારણે દીકરીઓને બહાર મોકલતાં પણ ડર લાગે છે.ગઈકાલે રાતે ઉધના વિસ્તારમાં એક શખસે ૧૨ વર્ષની કિશોરીની છેડતી કરી હતી. પોતાની દીકરી સાથે થયેલી ગેરવર્તણૂકથી રોષે ભરાયેલી માતાએ રસ્તા પર જ આરોપીનો કોલર પકડી લીધો હતો અને એક પછી એક અનેક તમાચા ઝીકી દીધા હતા. માતાનો આક્રોશ એટલો હતો કે ત્યાં હાજર લોકો પણ સ્તબ્ધ થઈ ગયા હતા. માતાએ આક્રોશ સાથે જણાવ્યું હતું કે તમારા જેવા લોકોના કારણે જ આજે માતાપિતા પોતાની દીકરીઓને ઘરની બહાર મોકલતાં ડરે છે.

## રાણીપમાં કારે ટક્કર મારતા મોપેડ સવાર યુવાનનું મોત થયું

### મોપેડ સવાર દંપતિને નડેલો અકસ્માત : પરિણીતા ઘાયલ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા. ૩૧**

અમદાવાદમાં હિટ એન્ડ રનની ઘટના બની છે. રાણીપમાં બલોલનગરબ્રિજ પર ગત(૩૦ જાન્યુઆરી)એ મોડીરાતે અકસ્માતમાં એક યુવકનું મોત થયું છે. પતિ-પત્ની એક્ટિવા પર જઈ રહ્યાં હતાં ત્યારે પાછળથી પૂરઝડપે એક કારચાલકે એક્ટિવાને ટક્કર મારતાં એક્ટિવાચાલક યુવક બ્રિજ પરથી નીચે પડ્યો હતો, જેમાં એક્ટિવાચાલકનું મોત થયું છે, જ્યારે તેમનાં પત્નીને ઈજા પહોંચી છે. બનાવ અંગે એલ ડિવિઝન પોલીસે કારચાલક સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.જનતાનગરમાં આવાસ યોજનાના મકાનમાં રહેતો કિશન વછેટા નામનો ૨૮ વર્ષનો યુવક પત્ની કોમલ સાથે બલોલનગરથી ન્યૂ રાણીપ થઈ ચાંદખેડા તરફ જતો હતો. આ દરમિયાન બલોલનગરબ્રિજ પર કિશનના એક્ટિવાને એક ફોર-વ્હીલરચાલકે પૂરઝડપે ટક્કર મારી હતી.એના કારણે કિશન બ્રિજ પરથી નીચે પટકાયો હતો, જ્યારે કિશનનાં પત્ની કોમલને કમરના ભાગે ઈજા થઈ હતી. બ્રિજ પરથી નીચે પટકાવાને કારણે કિશનને માથા અને શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી, જેથી તેને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જોકે સારવાર દરમિયાન કિશનનું મોત થયું છે. આ બનાવ અંગે એલ ડિવિઝન ટ્રાફિક-પોલીસે કારચાલક વિરુદ્ધ ગુનો તપાસ શરૂ કરી છે.મૃતકના મિત્ર અપૂર્વએ જણાવ્યું હતું કે મારો મિત્ર ગઈકાલે તેની પત્નીને લઈને ઘરે જઈ રહ્યો હતો ત્યારે એક ગાડીવાળાએ ટક્કર મારતા મારો મિત્ર બ્રિજ પરથી ઉછળીને નીચે પડ્યો હતો.